BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## ડિપ્લોમા - બૌદ્ધિક સંપત્તિ અને સાયબર અપરાધ
## Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

**સેમેસ્ટર – 2**

**પેપર - DIPACC - 6**

**ભારતીય પેટન્ટ કાયદો અને પ્રેક્ટિસ**

**(Indian Patent Law and Practice)**



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

## DIPACC - Paper – 6 - ભારતીય પેટન્ટ કાયદો અને પ્રેક્ટિસ (Indian Patent Law and Practice)


**નિદર્શન**

**પ્રો. યોગેન્દ્ર પારેખ** નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ

**સંપાદક**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** DIPACC કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય સમિતિ**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. અરૂંધતી દાસાણી** આસિસ્ટન્ટ પ્રોફેસર, એ.એમ.પી સરકારી લો કોલેજ, યાજ્ઞિક રોડ, રાજકોટ

**સુશ્રી સત્યા એસ. પોગારૂ** પેટન્ટ એજન્ટ, પાર્ટનર અને વાઇસ-પ્રેસિડેન્ટ, એન્જીનિયર અને સોફ્ટવેર ગ્રુપ, લેક્સપર્ટ કોન્સિલિયમ એલએલપી, અમદાવાદ

**લેખન**

**સુશ્રી ચૈતાલી પટેલ** લેક્ચરર, નવગુજરાત લો કોલેજ, ગાંધીનગર

**ડૉ. સૂર્યકાંત સોલંકી** આચાર્ય (I/C), શેઠ ડી.એલ લો કોલેજ, ભૂજ

**વિષય પરામર્શન**

**ડૉ. મીનલ એ. રાવલ** આચાર્ય, એ. એમ. પી. સરકારી લો કોલેજ, યાજ્ઞિક રોડ, રાજકોટ

**ભાષા પરામર્શન**

**પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા



**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2025: પ્રથમ આવૃત્તિ**

**ISBN NO:** **978-93-5598-846-1**

978-93-5598-846-1



**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**DIPACC – સેમેસ્ટર – 2**

**પાઠ્યક્રમ – 6 ભારતીય પેટન્ટ કાયદો અને પ્રેક્ટિસ**

**(Indian Patent Law and Practice)**


**એકમ-1**

**ભારતીય પેટન્ટ પદ્ધતિનો પરિચય** **01**

**એકમ-2**

**ભારતમાં ફાઈલિંગ પ્રક્રિયા** **11**

**એકમ-3**

**ભારતમાં પેટન્ટની કાર્યવાહી** **20**

**એકમ-4**

**ભારતીય પેટન્ટ ધારા હેઠળની મુખ્ય જોગવાઈઓ** **37**

**એકમ-5**

**ભારતમાં પેટન્ટ અંગેના મહત્ત્વના ચુકાદાઓ** **56**

# વિભાગીય પરિચય

**વિદ્યાર્થીમિત્રો, ભારતીય પેટન્ટ** કાયદાના મૂળભૂત સિદ્ધાંતો અને તેના વ્યવહારોના વ્યાપક જ્ઞાન મેળવવાના મુખ્ય ઉદ્દેશ્યથી DIPACC - Paper – 6 - ભારતીય પેટન્ટ કાયદો અને પ્રેક્ટિસ (Indian Patent Law and Practice) પાઠ્યક્રમનો સમાવેશ કરેલ છે. ભારતીય પેટન્ટ કાયદાની સમજૂતી, તેની ફાઈલિંગ પ્રક્રિયા, કાર્યવાહી, અને વ્યવસાયિક અવલોકનો મેળવવા માટે સક્ષમ **બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પાઠ્યક્રમ વિદ્યાર્થીને ભારતના પેટન્ટ કાયદાના વિવિધ પાસાઓ સાથે પરિચિત કરાવશે, જેથી તેઓ આ ક્ષેત્રમાં વકિલાત, સંશોધન અને વ્યવસાયિક લાભ મેળવી શકે.**

**વિદ્યાર્થીમિત્રો, પ્રથમ એકમ - ભારતીય પેટન્ટ પદ્ધતિનો પરિચયમાં પેટન્ટ કાયદાના ઈતિહાસ, વિકાસ અને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે તેના મહત્વની ચર્ચા કરેલ છે. પેટન્ટ મેળવવાની પ્રક્રિયા અને તેનું મહત્વ સમજાવેલ છે.**

**બીજા એકમ - ભારતમાં ફાઈલિંગ પ્રક્રિયામાં, ભારતમાં પેટન્ટ અરજી ફાઈલ કરવાની પ્રક્રિયાની જાણકારી આપવામાં આવેલ છે. ફાઈલિંગની તમામ આવશ્યકતાઓ, ફોર્મેટ અને જોગવાઈઓ વિશે, તેમજ પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા માટે યોગ્ય પ્રેક્ટિસની સમજણ આપેલ છે.**

**ત્રીજા એકમ - ભારતમાં પેટન્ટ કાર્યવાહીમાં પેટન્ટની મંજુરી અને તેના અવલોકનો માટેની કાર્યવાહી પર ધ્યાન કેન્દ્રિત કરેલ છે. કાર્યવાહી, વિરોધ, અને અન્ય કાનૂની પ્રક્રિયાઓ, રજૂઆત અને સુધારણા અંગેની માહિતી પણ વર્ણવેલ છે.**

**ચોથા એકમ - ભારતીય પેટન્ટ ધારા હેઠળ મુખ્ય જોગવાઈઓમાં વિવિધ કલમો અને નિયમો વિશે ચર્ચા કરવામાં આવેલ છે. તથા પેટન્ટનું રદ્દીકરણ, પેટન્ટ રદ કરવાના કારણો, ફરજીયાત પરવાનો વગેરેની માહિતી સમજાવેલ છે.**

**વિદ્યાર્થીમિત્રો, પાંચમા એકમ - ભારતમાં પેટન્ટ કેસના મહત્વના ચુકાદાઓમાં ભારતીય પેટન્ટ કાયદા હેઠળ મહત્વના ન્યાયાલયના ચુકાદાઓ પર કેન્દ્રિત છે. તે સામાન્ય કાયદાઓ, જૂના અને મહત્વના કેસોના અભ્યાસ દ્વારા કાયદાકીય પૂર્વભૂમિકાની સમજણ આપેલ છે.**

એકમ 1

# ભારતીય પેટન્ટ પદ્ધતિનો પરિચય

-: રૂપરેખા :-

1.0 ઉદ્દેશો
1.1 પ્રસ્તાવના
1.2 પેટન્ટનો કાયદો-1970 (કાયદાનો ખ્યાલ, જોગવાઈઓ, નિયમો, પુનરાવર્તન) (The Patent Act, 1970 (Overview of Act, Sections, Rules, Revision))
1.3 પેટન્ટ થવા અંગેની મુખ્ય શરતો
1.4 પેટન્ટ થવા પાત્ર ન હોય તેવી ચીજવસ્તુ કે પેદાશ
1.5 પેટન્ટ અરજીના પ્રકારો
1.6 જૈવિક સ્ત્રોત, એન.બી.એ. મંજૂરી, માઈક્રો ઓર્ગેનિઝમ - ડિપોઝિટ (Biological resources, NBA approval, Micro-organism Deposit)
1.7 સારાંશ
1.8 તમારી પ્રગતિ ચકાસો
1.9 ચાવીરૂપ શબ્દો
1.10 સંદર્ભ સૂચિ

## 1.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- પેટન્ટનો કાયદો - 1970 સમજી શકશો.
- પેટન્ટ થવા અંગેની મુખ્ય શરતો જાણી શકશો.
- પેટન્ટ અરજીના પ્રકારોની માહિતી મેળવી શકશો.
- જૈવિક સ્રોત વિષયક સમજૂતી મેળવી શકશો.

## 1.1 પ્રસ્તાવના

ભારતમાં બૌદ્ધિક સંપદા-પેટન્ટ, કોપીરાઈટસ અને અન્ય અમૂર્ત સંપત્તિઓનાં સંદર્ભમાં જોઈ શકાય છે. ભારતીય પેટન્ટ એક્ટ-1970 ના વિભાગો જો કોઈ વ્યક્તિ ખોટી રીતે રજૂ કરે છે કે તેના દ્વારા વેચવામાં આવેલ કોઈપણ આર્ટિકલ ભારતમાં પેટન્ટ થયેલ છે તો તે દંડને પાત્ર થશે.

## 1.2 The Patent Act, 1970-Overview of Act, Sections, Rules, Revision

❖ **(પેટન્ટનો કાયદો 1970)**

આ કાયદો પેટન્ટનો કાયદો, 1970 તરીકે ઓળખાય છે. તે સમગ્ર ભારતમાં લાગુ પડે છે. તે 1972 માં ભારતના કેટલાક ભાગમાં લાગુ પાડવામાં આવ્યો છે જ્યારે બાકીના

ભાગમાં 1978 માં લાગુ પાડવામાં આવ્યો છે. આ કાયદો પેટન્ટને લગતો છે જેમા સમય આંતરે સુધારા કરવામાં આવ્યા છે. આ કાયદામાં 2005માં TRIPS Agreement ને પરિપૂર્ણ કરવા માટે સુધારો કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય ફેરફાર પેટન્ટની મુદત, પેદાશ અને તેની પ્રક્રિયાઓ, ફાર્મા કંપનીઓમાં કે કે ખેતી હેઠળ કે કેમિકલ ઈન્ડસ્ટ્રીમાં પેટન્ટની મંજૂરી અંગે થયો છે. પેટન્ટના નિયમોમાં હંમેશાં કંઈક ને કંઈક સુધારો પર્યાવરણને અનુસંધાને કરવામાં આવ્યો છે જેમાં હાલમાં 2017માં છેલ્લો સુધારો કરવામાં આવ્યો હતો.

❖ **પેટન્ટની વ્યાખ્યા કલમ 2(m) :**

આ કાયદા મુજબ કહેવાય છે કે પેટન્ટ એટલે એવું સંશોધન કે જે આ કાયદા હેઠળ માન્ય છે. એટલે સંશોધન માટેનો મહત્ત્વનો ખ્યાલ અને તેનો હેતુ આ કાયદાની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું છે.

⇨ **શોધ / સંશોધનની વ્યાખ્યા કલમ 2(j) :**

શોધ કે સંશોધન એટલે નવી પેદાશ કે પ્રક્રિયા જેમાં સંશોધનાત્મક પગલાં અને ઉદ્યોગ કાર્યક્રમો માટે સક્ષમ છે.આ માટે આપણે સંશોધનાત્મક પગલાંનો અર્થ સમજવો ખૂબ જ જરૂરી છે જેની વ્યાખ્યા કલમ 2(ja) મા આપેલી છે. સંશોધનાત્મક પગલાં એટલે સંશોધનની એવી પ્રક્રિયા કે લક્ષણ જે ટેકનોલોજી દ્વારા ઉમેરો કરી હાલના જ્ઞાનમાં કે આર્થિક બાબતોમાં કે બંનેમાં રીતે વધારો કરે છે.

આ પરથી કહી શકાય કે પેટન્ટ એ વૈધાનિક અને વિશિષ્ટ અધિકાર છે જે સંશોધકને સંશોધનના કારણે ચોક્કસ સમય મર્યાદા માટે સરકાર પાસેથી મળે છે બદલામાં તેને પોતાના સંશોધનની પેદાશ કે પ્રક્રિયા અંગેની તમામ માહિતી પૂરી પાડવી જરૂરી બને છે. આ ઉપરાંત અન્ય વ્યક્તિઓને સંશોધકની સંમતિ વિના પેટન્ટ હેઠળની પેદાશ કે પ્રક્રિયાનો ઉપયોગ, વેચાણ, બનાવવા માટે, આયાત કરવાથી અટકાવી શકાય છે.

પેટન્ટના કાયદાની મહત્ત્વની બાબત સંશોધન છે. આવું સંશોધન કોઈક નવી પેદાશ કે નવી પ્રક્રિયા જોઈએ લાગતો હોવો જોઈએ. આ ઉપરાંત આવું સંશોધન પેટન્ટ કાયદાની કલમ 3 અને 4 એટલે કે બિન સંશોધન પાત્ર મા ન આવતું હોવું જોઈએ. પેટર્નનું Publication અને તેની તપાસ અંગેની અરજીઓ અંગેની જોગવાઈઓ કલમ 11 થી 21 સુધીમાં આપવામાં આવી છે. ત્યાર પછી જો કોઈ વ્યક્તિને આ પેટર્ન અંગે કે પેટનની મંજૂરી અંગે વાંધો હોય તો તે ચોક્કસ સમયગાળામાં આબુ વાંધો પ્રગટ કરવાનું હોય છે તે અંગેની જોગવાઈઓ પેટનના કાયદાની કલમ 25 થી 28 માં આપવામાં આવી છે. હવે પેટન્ટની મંજૂરી અને સંશોધક પાસે કયા પ્રકારના અધિકારો રહેલા છે, તે અધિકારો કયા સ્વરૂપમાં અસ્તિત્વમાં છે, તે અધિકારોનો ઉપયોગ કઈ રીતે કરી શકાય છે, જો એક કરતાં વધારે સંશોધકો હોય તો તે અંગેના અધિકારો કઈ રીતે વહેંચવામાં આવશે વગેરે તમામ પેટન્ટની મંજૂરી અંગેની અને તેના અધિકારો અંગેની માહિતીની જોગવાઈ પેટન્ટના કાયદાની કલમ 43 53 માં આપવામાં આવી છે. પેટન્ટ મેળવવાની સંપૂર્ણ પ્રક્રિયામાં પેટન્ટ ઓફિસ મહત્ત્વનું ભાગ ભજવે છે. આવા પેટન્ટ કંટ્રોલર તેના ઓફિસર, પેટન્ટ ઓફિસ અને તેની વિવિધ શાખાઓને લગતી તમામ જોગવાઈઓ પેટન્ટના કાયદાની કલમ 73 થી 76 સુધી આપવામાં આવી છે. આવા સંજોગોમાં કન્ટ્રોલરને ખુબ જ અગત્યના અધિકારો અને જવાબદારીઓ સોંપવામાં આવી છે જે કલમ 77 થી 81 વિગતવાર જોગવાઈ આપવામાં આવી છે. હવે કયા સંજોગોમાં પેટન્ટ મેળવવા અંગેની અપીલ કરી શકાય, આવી અપીલ ક્યાં કરવી એપેલેટ બોર્ડની સત્તાની જવાબદારીઓ અને કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી તથા તે અંગેના નિયમો વગેરે જેવી જોગવાઈઓ પેટન્ટના કાયદાની કલમ 116 થી 117H માં આપવામાં આવી છે.

પેટન્ટની મુદત :

આ કાયદાની કલમ 53 હેઠળ દરેક પેટન્ટની મુદત રજૂ કર્યાથી 20 વર્ષની હોય છે. એનો અર્થ એમ થાય કે આ વીસ વર્ષના સમયગાળો પૂર્ણ થયા પછી તે જાહેર જનતા માટે ઉપયોગી બને છે અને કોઈપણ વ્યક્તિ આ શોધનો ઉપયોગ પેટન્ટના માલિકની સંમતિ વગર કરી શકે છે.

## 1.3 પેટન્ટ થવા અંગેની મુખ્ય શરતો (Patentability requirements-(Definition as per the act))

❖ **કોઈપણ સંશોધન પેટન્ટ થવા પાત્ર છે કે નહીં તે અને તે અંગેના નિયમો નીચે મુજબ છે.**

1. આવું સંશોધન તદ્દન નવું હોવું જોઈએ. અહીં નવું કે નવીનનો અર્થ એ થાય છે કે સંશોધનને નવી લાક્ષણિકતાઓ એવી હોવી જોઈએ કે છે તેની હાલની આ બાબતમાં વધારો કરતી હોય તેવું સંશોધન પેટન્ટ થવા યોગ્ય છે.આ માટે નવું સંશોધન અસ્તિત્વમાં આવે તે પહેલા તેવું સંશોધન કે તેવી નવી ટેકનોલોજી અસ્તિત્વમાં હોવી જોઈએ નહીં. તેને Prior Art તરીકે પણ ઓળખવામાં આવે છે. દાખલા તરીકે હું એક એવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કાર બનાવવું છું કે જે સોલાર એનર્જી દ્વારા ચાલતી હોય. અહીં મારે આવી કારની પેટન્ટ કરાવવા માટે હાલમાં આવી એનર્જીથી ચાલતી કોઈપણ કાર અસ્તિત્વમાં ન હોવી જોઈએ. મારા દ્વારા જે પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે તદ્દન નવી હોવી જોઈએ.

2. આવા સંશોધનમાં સંશોધનાત્મક પગલાં હોવા જોઈએ. અહીં આવા સંશોધનાત્મક પગલા એટલે સામાન્ય જ્ઞાન ધરાવતી વ્યક્તિ દ્વારા તે સામાન્ય રીતે ઓળખી પારખી શકાય તેવા ન હોવા જોઈએ. હાલની પેદાશની આ બાબતમાં થોડો ઘણો ફેરફાર કરી જો વસ્તુઓ મૂકવામાં આવે તો તે પેટન્ટ થવા પાત્ર નથી. પરંતુ જે તે વસ્તુ કે પેદાશ નવી હોવી જોઈએ આ માટે સંશોધનાત્મક પગલાં લીધા હોવા ખૂબ જરૂરી છે. દાખલા તરીકે હું એક એવી ટોર્ચ બનાવું છું કેજે વીજળી કાપ થતા આપોઆપ જ પ્રકાશ ફેલાવે છે એટલે કે તેને સંશોધનાત્મક પગલાં લઈ શકાય. ઉપરાંત આવા જ લક્ષણો ધરાવતી કોઈ ટોર્ચ અસ્તિત્વમાં ન હોવી જોઈએ.

3. આવું સંશોધન ઔદ્યોગિક કાર્યક્રમમાં અમલ મૂકી શકાય તેવું હોવું જોઇએ.

4. આ ઉપરાંત પેટન્ટ થવા માટે કોઈપણ સંશોધન બિન સંશોધન પાત્રની કલમ ૩ અને ૪ હેઠળ આવતું ન હોવું જોઈએ.

## 1.4 પેટન્ટ થવા પાત્ર ન હોય તેવી ચીજ વસ્તુ કે પેદાશ (Non-Patentable subject matters in India ( Section 3 &4))

પેટન્ટ થવાપાત્ર ન હોય તેવી શોધ કોણે કહી શકાય અને તેમાં કઈ કઈ બાબતો મહત્ત્વની છે તે અંગેની માહિતી નીચે મુજબ આપવામાં આવી છે.

કલમ૩ઃ દરેક સંશોધન મુખ્યત્વે ત્રણ બાબત પર આધાર રાખે છે જેમાં એક નવીનીકરણ, સંશોધનાત્મક પગલાં અને તેની ઉપયોગીતા ખૂબ જ મહત્ત્વની છે. પરંતુ તેવું સંશોધન નીચેની બાબતોમાં Patent થવાપાત્ર બનતું નથી.

(a) કોઈ પણ સંશોધન વ્યર્થ કે ચોક્કસ રીતે બનતી ઘટના જે કુદરતી કાયદાઓથી વિરુદ્ધ

હોવું જોઈએ નહીં. દાખલા તરીકે સૂર્યોદયમાં વિલંબ જેવી ઘટનાઓ પર પેટન્ટ થઈ શકતી નથી.

(b) એવું સંશોધન કેજે પ્રાથમિક રીતે કે ઈચ્છનીય હેતુ ધંધાકીય શોષણનો હોય અથવા જે જે જાહેર હુકમથી વિરુદ્ધ હોય કે નૈતિકતાથી વિરુદ્ધ હોય અથવા તો જેના કારણે મનુષ્ય જાત કે પશુ પશુ પ્રાણીઓ કે વૃક્ષને માટે નુકસાનકારક હોય કે પર્યાવરણ માટે નુકસાનકારક હોય તેવું સંશોધન પેટન થવા યોગ્ય નથી.

(c) ફક્ત કોઈક વૈજ્ઞાનિક સિદ્ધાંતની શોધ કે નવી પદ્ધતિની શોધખોળ કે નવી જીવંત વસ્તુની શોધખોળ કે બિનજીવંત વસ્તુનું અસ્તિત્વ એ સંશોધન નથી.

(d) હયાત વસ્તુનું કોઈ નવું સ્વરૂપ કે જે જ્ઞાનમાં વૃદ્ધિ ન કરતું હોય અથવા કોઈ નવી મિલકતની શોધખોળ કે કોઈ પદ્ધતિનો નવી રીતે ઉપયોગ એ સંશોધન ગણાશે નહીં.

(e) મિશ્રણ દ્વારા મેળવવામાં આવતો નવો પદાર્થ કે વસ્તુને કે આ મિશ્રણને સંશોધન કહી શકાય નહીં.

(f) સાધનોની ફક્ત ગોઠવણી કે પુનઃ ગોઠવણી કે જાણીતા સાધનોની નકલ કરી તેની કામગીરી કરવામાં આવે તો પણ તેને સંશોધન ગણાશે નહીં.

(g) ખેતી કે બાગાયત અંગેની કોઈ નવી પદ્ધતિ પણ સંશોધનમાં ગણી શકાય નહીં.

(h) મેડિકલની નવી પ્રક્રિયા, સર્જરી કોઈ નવી થેરાપી કે અન્ય કોઈ મનુષ્યને લગતી સારવાર અથવા તો પશુપક્ષીને લગતી સારવાર અથવા કોઈ રોગમાંથી મુક્ત થવાની નવી સારવારને પણ સંશોધન ગણી શકાશે નહીં.

(i) વૃક્ષો કે છોડ અને પશુ-પક્ષીઓના અને સંપૂર્ણ કે અંશતઃ માઈક્રો ઓર્ગેનિઝમ હેઠળ પણ બીજ તેની પદ્ધતિ કે વૃક્ષો કે છોડને ઉછેરવા માટેની બાયોલોજીકલ પ્રોસેસને સંશોધન ગણી શકાશે નહીં.

(j) ગણિતની કોઈ નવી પદ્ધતિ કે ધંધા કે કમ્પ્યુટરનો નવો પ્રોગ્રામને કે અલ્ગોરિધમ સંશોધન ગણી શકાશે નહીં.

(k) શાબ્દિક નાટકીય સંગીતને લગતું કે કલાકારે વર્ગ કે અન્ય કોઈપણ પ્રકારની નવી કૃતિ સિનેમેટોગ્રાફીનું કામ અને ટીવી productionનો સમાવેશ સંશોધનમાં થશે નહીં.

(l) નવી સ્કીમ, નવો નિયમ, પદ્ધતિ કે માનસિક પદ્ધતિ કે રમત રમત રમવાની પદ્ધતિને સંશોધન કહી શકાય નહીં.

(m) માહિતીની રજૂઆત પણ સંશોધન ગણી શકાય નહીં

(n) ટોપોગ્રાફીને સંકલિત સર્કિટ પણ ઈન્વેન્શન ગણાશે નહીં.

(o) એવું સંશોધન કે જેની અસર પરંપરાગત જ્ઞાન કે નકલ કરી યોગ્ય પરંપરાગત Component બની પ્રોપર્ટી તરીકે ઓળખાય તેને પણ સંશોધન ગણી શકાય નહીં.

ઉપરની તમામ બાબતોનો સમાવેશ સંશોધનમાં ગણાતો નથી એટલે કે તેવું સંશોધન પેટન્ટ થવા પાત્ર નથી.

પેટન્ટ ફાઈલ કરવા માટેની અરજી પેટન્ટ ઓફિસમાં કરવામાં આવે છે. આ અરજીમાં પ્રોવિઝનલ સ્પષ્ટીકરણ અને સંશોધનની મહત્ત્વની બાબતો અંગેના ખુલાસા કરવામાં આવે છે. ભારતમાં જે વ્યક્તિ પેટન્ટ અરજી પ્રથમ દાખલ કરે છે તેને આ સંશોધન અધિકારો પ્રાપ્ત થાય

છે. એકવાર provisional સ્પષ્ટીકરણ થયા પછી સંશોધક દ્વારા બાર મહિનાના સમયગાળામાં સંપૂર્ણ સ્પષ્ટીકરણો આપવામાં આવે છે. અહીં સંપૂર્ણ સ્પષ્ટીકરણ એટલે બીજું કંઈ નહીં પરંતુ પોતે કરેલી શોધ કે સંશોધનની સંપૂર્ણ અને વિગતવાર માહિતી ઉપરાંત દાવા અંગેના અધિકારો દર્શાવવામાં આવે છે.

## 1.5 પેટન્ટ અરજીના પ્રકારો :

પેટન્ટ અરજીના મુખ્યત્વે સાત પ્રકાર છે. જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

### 1. પ્રોવિઝનલ અરજી :

યુ.એસ. પેટન્ટના કાયદા મુજબ પ્રોવિઝનલ અરજી એટલે એવો કાયદાકીય દસ્તાવેજ છે કેજે પેટન્ટ ઓફિસમાં ફાઈલ કરવામાં આવે છે કે જેના દ્વારા જો અરજદાર દ્વારા એક વર્ષના સમયગાળામાં નોન પ્રોવિઝનલ અરજી કરવામાં આવે ત્યાં સુધી તે પરિપક્વ થતી નથી.

### 2. નોન પ્રોવિઝનલ કે સામાન્ય અરજી :

જ્યારે અરજદાર દ્વારા સામાન્ય સંજોગોમાં અરજી કરવામાં આવી હોય એટલે કે દાવાની કોઈપણ પ્રાઈવેટને ધ્યાનમાં લીધા વગર અરજી કરવામાં આવી હોય કે અરજી કોઈપણ પ્રકારની કન્વેન્શનની પ્રક્રિયાને ધ્યાનમાં લીધા વગર કરવામાં આવી હોય તો તેને નોંધ પ્રોવિઝનલ કે સામાન્ય કહે છે.

### 3. કન્વેન્શન અરજી :

કન્વેન્શન અરજી એટલે સંમેલન અરજી. પેરિસ કન્વેન્શન ઓફિસ એ ભારતીય પેટન્ટ ઓફિસ માટે ખૂબ જ મહત્ત્વની છે. કે જ્યાં વિદેશી પેટન્ટ અરજીઓ ભારતમાં નોંધવામાં આવે છે. આવી કન્વેન્શન અરજીઓ વિદેશમાં અરજી દાખલ કર્યા પછી ભારતમાં બાર મહિનાના સમયગાળામાં દાખલ કરવામાં આવી છે.

### 4. PCT આંતરરાષ્ટ્રીય અરજી :

એવી પેટન્ટ અરજી કે જે PCT હેઠળ ફાઈલ કરવામાં આવે છે તેને રલ આંતરરાષ્ટ્રીય અરજી કે PCT અરજી તરીકે ઓળખવામાં આવે છે. કોઈપણ એક ભાષામાં PCT અરજી એક વખત કરવી જરૂરી છે. તેના દ્વારા સંશોધકને એક કરતાં વધારે રાષ્ટ્રમાં પોતાના સંશોધન અંગેના સુરક્ષાના તથા તેના ઉપયોગ કરવા અંગેના અધિકારો મળેલા છે. PCT અરજી ફાઈલ કરવી એ તેના સંશોધનને ગ્રાન્ટ મળી છે તેવું ગણી શકાય નહીં.

### 5. PCT રાષ્ટ્રીય અરજી :

PCT રાષ્ટ્રીય અરજી એક એવી અરજી છે કેજે પેટન્ટની મંજૂરી મેળવવા માટે વિવિધ દેશોમાં અલગ અલગ રીતે નહીં પરંતુ એક જ એવી અરજી કરીને જે તે સંશોધન અંગેના અધિકારો મેળવવા માટે કરવામાં આવે છે. આવી અરજી બધા જ દેશોમાં અલગ અલગ કરવાની નહીં પરંતુ એક જ PCT અરજી દ્વારા સંશોધક જે પણ દેશમાં પોતે સંશોધન અંગેના અધિકારો મેળવવા માંગતો હોય ત્યાં કરવામાં આવે છે આવી અરજી સંશોધન થયાને બાર મહિનાના સમયગાળામાં કરવી જરૂરી છે. Priority તારીખના 31 મહિનાના સમયગાળામાં આવી રાષ્ટ્રીય અરજી સંબંધિત દેશમાં પેટન્ટની મંજૂરી મેળવવા માટે અને તેને દાખલ કરવામાં આવે છે. જેથી દેશમાં પેટ અંગેની અરજી કર્યા પછી તેને મંજૂરી આપશે કે ન આવી તે અંગેનો અંતિમ નિર્ણય જે તે દેશની પેટન્ટ ઓફિસ પાસે રહેલ છે.

**6. ઉમેરાની શોધ અંગેની અરજી :**

આ એક એવી અરજી છે કે જેમાં સંશોધન અંગે કંઈક નવો ઉમેરો એટલે કે કંઈક નવો સુધારો કે વધારો કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો હોય તો તે અંગેની સંપૂર્ણ માહિતી આપતી મુખ્ય અરજી સિવાયની બીજી એક અરજી છે.

**7. ડિવિઝનલ અરજી :**

ડિવિઝનલ અરજી એ એવી પેટન્ટ અરજી છે જેમાં ભૂતકાળમાં કરવામાં આવેલી અરજીની આ બાબત હોય છે. આ અરજી એ મુખ્ય કે પેરેન્ટલ અરજી સિવાયની બીજી એક અરજી છે. જેમાં કારણકે અરજીની તારીખથી ફાયરિંગની તારીખ ગણાય છે અને તે જ પ્રકારના અધિકારો અને જવાબદારીઓ આવરી લે છે.

## 1.6 જૈવિક સ્ત્રોત, એન.બી.એ. મંજૂરી, માઈક્રો ઓર્ગેનિઝમ - ડિપોઝિટ (Biological resources, NBA approval, Micro-organism Deposit)

બાયોલોજીકલ રિસોર્સ એટલે એવા અનુવાંશિક સ્તોત્ર કે જીવતંત્ર કે તેના ભાગ કે જનસંખ્યા કે Ecosystem ના બીજા બાયોટિક ઘટક કે જેનું વાસ્તવિક કે સંભવિત મૂલ્ય કે તેનો ઉપયોગ અંતે માનવતા માટે છે. બાયોલોજીકલ સ્તોત્ર ઈકો સિસ્ટમ માટે ખૂબ જ મહત્ત્વના દાખલા તરીકે જો વધુ પ્રમાણમાં વનસ્પતિ કે છોડ ઉગાડવામાં કે ઉછેરવામાં આવે તો વિવિધ પ્રકારના પાક કે વનસ્પતિ મસ્ત જ જોવા મળે છે. આમ, મોટા પ્રમાણમાં વનસ્પતિ કે છોડ ઉગાડવામાં આવે તો તેના કારણે કુદરતી સ્રોતો આકર્ષી શકાય છે અને દરેક પ્રકારના જીવની કલ્પના થઈ શકે છે.

❖ **NBA Approval શું છે ?**

NBA Approval એટલે નેશનલ બાયોડાઈવર્સિટી ઓથોરિટી એ એક એવી સ્વાયત્ત મંડળ કે સંસ્થા છે કેજે પર્યાવરણ મંત્રાલય, વન વિભાગ, ક્લાઈમેટ ચેન્જ, જે તે ઓફ ઈન્ડિયા 2003 હેઠળ સ્થાપવામાં આવી છે જેનું અમલીકરણ કામ કરવાનું છે બાયોડાઈવર્સિટી એક્ટ 2002 માટે કરવામાં આવેલ છે જે બાયોડાયવર્સિટી કન્વેન્શન 1992 ધ્યાનમાં રાખીને લાવવામાં આવ્યું છે. તે ભારતમાં ચેન્નઈમાં આવેલ છે. જેના હાલના ચેરમેન ડો. વી. બી. મથુર છે. જેમાં મુખ્યત્વે પર્યાવરણ મંત્રાલય વન વિભાગ કલાઈમેટ ચેન્જ અને ગવર્મેન્ટ ઓફ ઈન્ડેયા એપ જોડાયેલ મુખ્ય સંસ્થાઓ છે. તેની મુખ્ય કામગીરી રાજ્યકક્ષાની બાયોડાઈવર્સિટીના મહત્ત્વ અંગેની સલાહ આપવાની છે.

**Micro Organism Deposit :**

બેક્ટેરિયા, ફંગુસ અને વાયરસનો સમાવેશ મુખ્યત્વે માઈક્રો ઓર્ગેનિઝમમાં થાય છે. માઈક્રો ઓર્ગેનિઝમની સામાન્ય વ્યાખ્યા પ્રમાણે કહી શકાય કે એક એવું સૂક્ષ્મજીવ તંત્ર કે જે મનુષ્યની નરી આંખે જોઈ શકાય નહીં. તે માત્ર માઈક્રોસ્કોપ દ્વારા જ જોઈ શકાય છે. આ એક અતિસૂક્ષ્મ એવું જીવતંત્ર છે જેમાં વિવિધ કોષો અને અતિ સૂક્ષ્મ એવા જીવ Fungus બેક્ટેરીયા વાયરસ, કોષ અને કોષનો સમૂહ વગેરેમાંથી હોઈ શકે છે.

ગવર્મેન્ટ ઓફ ઈન્ડેયા દ્વારા પેટન્ટ સુધારાનો કાયદો 2002 પ્રમાણે સૂક્ષ્મ જીવ તંત્રને પેટન્ટ માટેની અનુમતિ આપવામાં આવી છે. ગવર્મેન્ટ દ્વારા મુખ્યત્વે માઈક્રો ઓર્ગેનિઝમ એટલે કે જીવ તંત્રના વિવિધ સ્વરૂપોને પેટન્ટ નામદાર કોર્ટ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ સુધારા પછી ઘણી બધી ફાર્મા કંપનીઓ દ્વારા બેક્ટેરીયા વાયરસ કે ફંગસને માટે પેટન્ટ મેળવવા

અંગેના પ્રયત્નો કરવામાં આવ્યા છે. પરંતુ ભારતમાં સૂક્ષ્મ જીવો તંત્રને પેટન્ટમાં આવરી લેવા કે નહીં તે એક ખૂબ જ ચર્ચાનો વિષય બન્યો છે. ટેકનોલોજિસ્ટ દ્વારા ફુગ, બેક્ટેરિયા અને વાયરસનું શોષણ કરવામાં આવ્યું છે. આનુવાંશિક તત્ત્વોને મુખ્યત્વે રો મટીરીયલ તરીકે વિવિધ કંપનીઓ અને ટેક્નોલોજીસ્ટ દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો છે.

## 1.7 સારાંશ

બૌધિક સંપત્તિ અને સાયબર ગુનાહિત પ્રવૃત્તિઓના ક્ષેત્રે વિપુલ પરિવર્તનો જોવા મળી રહ્યા છે ત્યારે ભારતીય પેટન્ટ સિસ્ટમ સમજવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતની પેટન્ટ સિસ્ટમમાં સમયસર સુધારાઓ કરવામાં આવ્યા છે, જેનાથી પ્રજા, સંસ્થાઓ અને પ્રયોગશાળાઓને નવા વિચારો અને શોધોના સંરક્ષણ માટે સક્ષમ બનવું સરળ બન્યું છે. આ સિસ્ટમને વધુ મજબૂત અને સાદડી બનાવવા માટેની પ્રયાસો ચાલુ છે, જેથી વૈશ્વિક પાયે ભારતની સ્થિતિને વધુ મજબૂતી મળે. તેમજ, બૌધિક સંપત્તિના હક્કોના જાગૃતિ અને કાર્યાન્વયન દ્વારા ઈન્વેન્શન્સ અને નવીનતા વધુ પ્રોત્સાહિત થઈ શકે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

- **સવિસ્તાર જવાબો આપો.**

**(1) પેટન્ટનો કાયદો-1970 (કાયદાનો ખ્યાલ, જોગવાઈઓ, નિયમો, પુનરાવર્તન) વિશે સમજૂતી આપો.**

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

**(2) પેટન્ટ થવા અંગેની મુખ્ય શરતો જણાવો.**

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

**(3) પેટન્ટ થવા પાત્ર ન હોય તેવી ચીજવસ્તુ કે પેદાશ વિશે જણાવો.**

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

........................................................................

**(4) પેટન્ટ અરજીના પ્રકારોના વિશે જણાવો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

**(5) જૈવિક સ્ત્રોત, એન.બી.એ. મંજૂરી, માઈક્રો ઓર્ગેનિઝમ - ડિપોઝિટનું વર્ણન કરો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

- **નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. કઈ તારીખથી પેટન્ટની મુદત શરૂ થાય છે ?

   1. નોંધણી કરાવ્યાની તારીખ 2. પેટન્ટ અંગેનો વિચાર કરે તારીખ

   3. Patent of wet wale તારીખ 4. પેટન્ટની મંજૂરી મળ્યા તારીખ

જવાબ : 1.

2. નીચેનામાંથી કોને પેટન્ટ ગણી શકાય ?

   1. ટેકનોલોજીમાં સામાન્ય ફેરફાર

   2. વિવિધ ભાગો એકત્રીકરણ નવી પેદાશ બનાવી

   3. નવી પ્રક્રિયા / પદ્ધતિ

   4. નવી ટેકનોલોજી

જવાબ : 3 અને 4.

3. પેટન્ટની મુદત કેટલા વર્ષની હોય છે ?

   1. 10 વર્ષ 2. 60 વર્ષ

   3. 20 વર્ષે 4. 50 વર્ષે

જવાબ : 3.

4. પેટન્ટ થવા પાત્ર સંશોધન ન હોય તેવા સંશોધનને કઈ કલમમાં આવરી લેવામાં આવી છે ?

   1. કલમ ૧      ૨. કલમ ૩ અને ૪

   ૩. કલમ ૨      ૪. કલમ ૫

જવાબ : 2.

5. ગણિતની નવી ફોર્મ્યુલાની પેટન્ટ થઈ શકે ?

   1. હા.      2. ના

જવાબ : 2.

6. જો એક કરતાં વધારે દેશમાં નવા સંશોધનને રક્ષા આપવું હોય તો કઈ અરજી કરવામાં આવે છે ?

   1. પ્રોવિઝનલ અરજી      2. ડિવિઝનલ અરજી

   3. PCT આંતરરાષ્ટ્રીય અરજી      4. ૩ રાષ્ટ્રીય અરજી

જવાબ : 3.

7. નેશનલ બાયોડાઈવર્સિટી ઓથોરિટી કયા એક્ટ હેઠળ બનાવવામાં આવી છે ?

   1. પેટન્ટ એક્ટ, 1970      2. ટ્રેડમાર્ક એક્ટ

   3. ડિઝાઈન એક્ટ      4. બાયોડાઈવર્સિટી એક્ટ, 2002

જવાબ : 4.

## 1.9 ચાવીરૂપ શબ્દો

- **પેટન્ટ:** કોઈ નવી શોધ માટે આવિષ્કારકને મળતાં કાયદેસર હક, જે અન્યને તેનો ઉપયોગ કરવાથી અટકાવે છે.
- **શોષણ:** કાયદો અથવા નીતિની ખામીઓનો દુરુપયોગ કરીને કોઈની મિલકત કે માહિતીનો અન્યાયી ફાયદો ઉઠાવવો.
- **કાયદો:** સમાજમાં વ્યવસ્થા જાળવવા માટે સરકાર દ્વારા બનાવવામાં આવેલા નિયમો અને પ્રણાલીઓ.
- **કંટ્રોલર:** એ વ્યવસ્થાપક સત્તાવાળું પદ, જે કોઈ સિક્યોરિટી સિસ્ટમ અથવા ડેટાના પ્રવાહનું નિયંત્રણ કરે છે.

## 1.10 સંદર્ભ સૂચિ

(1) Intellectual property at Glance by C Jamanadas & Co.

*********************

એકમ 2

# ભારતમાં ફાઈલિંગ પ્રક્રિયા

-: રૂપરેખા :-


2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 સામાન્ય અરજી કરવાની પ્રક્રિયા

2.3 કન્વેન્શન અરજી

2.4 ઉમેરાની અરજી

2.5 વિભાગીય અરજી

2.6 પી.ટી.સી. આંતરરાષ્ટ્રીય સ્તરની અરજી

2.7 પી.ટી.સી. રાષ્ટ્રીય સ્તરની અરજી

2.8 સારાંશ

2.9 તમારી પ્રગતિ ચકાસો

2.10 ચાવીરૂપ શબ્દો

2.11 સંદર્ભ સૂચિ


## 2.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- સામાન્ય અરજી કરવાની પ્રક્રિયા જાણી શકશો.
- કન્વેન્શન અરજી વિશે માહિતી મેળવી શકશો.
- ઉમેરાની અરજી અને વિભાગીય અરજીની માહિતી મેળવી શકશો.
- પી.ટી.સી. આંતરરાષ્ટ્રીય સ્તર અને રાષ્ટ્રીય સ્તરની અરજી વિશે સમજી શકશો.

## 2.1 પ્રસ્તાવના

ભારતમાં પેટન્ટ ફાઈલિંગ પ્રક્રિયા ખૂબ જ મહત્વપૂર્ણ અને સુવ્યવસ્થિત છે, જેનો હેતુ નવીનતાઓનું રક્ષણ કરવો અને તેમને કાયદેસર હક આપવો છે. આ પ્રક્રિયાને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે કેટલાક નક્કી કરેલા પગલાંઓનું પાલન કરવું જરૂરી છે. પ્રથમ પગલું છે પેટન્ટ માટે યોગ્ય વિનંતી ફાઈલ કરવી. આમાં શોધકર્તા દ્વારા તેની શોધના દરેક પાસા અને દાવાઓને સ્પષ્ટ રીતે વર્ણવવાની જરૂર પડે છે. આ અરજીએ ટેક્નિકલ, વૈજ્ઞાનિક, અને કાયદાકીય દ્રષ્ટિકોણથી સંપૂર્ણ હોવી જોઈએ. બીજા તબક્કામાં ભારતીય પેટન્ટ ઓફિસ, સંશોધન કરે છે કે આવી જેવું આવેદનપત્ર અગાઉ કોઈએ તો નથી કર્યું ? જો તે પહેલાથી દાખલ થયેલ નથી, તો આ અરજીને આગળ વધારી શકાય છે. તૃતીય તબક્કામાં, ઓફિસ એક્સામિનેરી પરીક્ષણ કરે છે, જેમાં એ નક્કી થાય છે કે શું આ શોધ પેટન્ટ માટે યોગ્ય છે કે કેમ. આ

પરીક્ષણમાં ટેકનિકલ અને કાયદાકીય વિશ્લેષણ પણ સમાવેશ થાય છે. છેલ્લા તબક્કામાં, જો અરજીને મંજૂરી મળે છે, તો તે જાહેર થાય છે અને ફાઈનલી પેટન્ટ જારી કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા સમયસપેક્ષ છે અને તેને સંભાળીને પૂર્ણ કરવી જરૂરી છે. હવે, આ પ્રક્રિયાની સંપૂર્ણતા માટે કાયદાકીય સલાહ અને સૂચનો ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે એક નાની ભૂલ પણ ફાઈલિંગ પ્રક્રિયા ધીમી બનાવી શકે છે. આ સમગ્ર પ્રક્રિયા ભારતના પેટન્ટ અધિનિયમ, 1970 હેઠળ નિયમિત કરવામાં આવે છે, જે પેટન્ટ ધારકના હકને સુરક્ષિત રાખે છે.

## 2.2 સામાન્ય અરજી કરવાની પ્રક્રિયા (Filling Procedure for Ordinary Application)

પેટન્ટ ફાઈલ કરવાની આ એક એવી પ્રક્રિયા છે કે જેમાં કોઈપણ પ્રકારની પ્રાયોરિટી ને ધ્યાનમાં રાખ્યા વગર સામાન્ય સંજોગોમાં કે આવી અરજી કોઈપણ પ્રકારના પૂર્વાવલોકન પ્રક્રિયાને ધ્યાનમાં રાખ્યા સિવાય પેટન્ટ ઓફિસમાં કરવામાં આવે છે. આમ આવી અરજી પેટન્ટ ઓફિસમાં કોઈપણ પ્રકારના વિશિષ્ટ દાવાને ધ્યાનમાં રાખતી નથી. આવી સામાન્ય અરજી અંશતઃ કે સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. આવું સામાન્ય કે સંપૂર્ણ સ્પષ્ટીકરણ એટલે સંશોધન અંગેની માહિતી સંશોધક દ્વારા સામાન્ય કળા કે સંજોગોમાં સંશોધન અંગેની માહિતી આપે છે. સ્પષ્ટીકરણ સંશોધનના મુખ્ય શીર્ષક, સંશોધનની બાબતો કે તેનું વર્ણન, સંશોધન ક્ષેત્ર, સંશોધનના મુખ્ય હેતુઓ, સંશોધનની સમીક્ષા, સંશોધનની સંપૂર્ણ વિગતવાર માહિતી, ચિત્ર, સંશોધનના મુખ્ય દાવા શેના પર આધારિત રાખે છે તે અંગેની માહિતી આપવામાં આવે છે. આ પ્રકારની અરજી માટે એવું જરૂરી નથી કે પ્રથમ પ્રોવિઝનલ અરજી આપવી અને ત્યારબાદ સંપૂર્ણ સ્પષ્ટીકરણની અરજી બાર મહિનામાં આપવી.

❖ **સામાન્ય અરજી અંગેના મહત્ત્વના મુદ્દા કે નિયમો નીચે મુજબ છે :**

1. અરજદારના નામ, સરનામું, ધંધો, ઉમર, ઉપરાંત તેની રાષ્ટ્રીયતા અંગેની બધી જ માહિતી આપવી.
2. સંશોધકનું નામ, સરનામું, ધંધો, ઉંમર, રાષ્ટ્રીયતા અને બીજી તમામ માહિતી. જો એક કરતાં વધારે સંશોધન કાર્ય હોય તો તમામની સંપૂર્ણ માહિતી આપવી.
3. સામાન્ય કે અંશતઃ સ્પષ્ટીકરણ અને સંપૂર્ણ સ્પષ્ટીકરણ આપવું.
4. જો સ્મોલ એન્ડ ટી સ્ટેટસ હોય તો દાવો કરેલ પ્રક્રિયા પદ્ધતિ કે ટેક્નોલોજીને સાબિત કરતા પુરાવા જોડવા.

❖ **ભારતમાં સામાન્ય અરજી દાખલ કરવા માટે બીજી વધારાની મહત્ત્વની માહિતી નીચે મુજબ છે :**

1. પાવર ઓફ ઓથોરિટી જે યોગ્ય સ્ટેમ્પ ફી હેઠળ સ્ટેમ્પ કરેલ નોંધાયેલ હોવું જોઈએ.
2. સંશોધકનું સંશોધન અંગેનો સ્પષ્ટીકરણ, ખુલ્લા દર્શાવતું પત્રક જેમાં સામાન્ય સ્પષ્ટીકરણ અને તે કર્યાના બાર મહિનામાં સંપૂર્ણ સ્પષ્ટીકરણ અંગેની માહિતી દર્શાવવી જોઈએ.
3. અરજદારની તરફેણ અંગેનો અધિકારનો પુરાવો સંશોધક પાસેથી લેખિતમાં હોવો જોઈએ. જો અરજદાર અને સંશોધક બંને અલગ હોય તો તેવા સંજોગોમાં છ મહિનાના સમયગાળામાં Notarized કરવું જરૂરી છે.
4. વિદેશી અરજી છ મહિનાના સમયગાળામાં સંપૂર્ણ અનુરૂપ સાથે અને અથવા પેટન્ટ

નોંધાયેલીના છ મહિનાના સમયગાળામાં હોવું જોઈએ.

## 2.3 કન્વેન્શન અરજી (Convention Application)

કન્વેન્શન અરજી એટલે એવી પેટન્ટ અરજી કે જેની નોંધણી આંતરરાષ્ટ્રીય પેટન્ટ સંધિ એટલે હેઠળ કરવામાં આવતી હોય. 26 પેટન્ટ ફાઇલ કરવા માટેની આંતરરાષ્ટ્રીય સમજૂતી છે. ભારતીય પેટન્ટની નોંધણી અંગેની અરજી તેના સંશોધનના બાર મહિનાના સમયગાળામાં નોંધવી જરૂરી છે.

પેરિસ કન્વેન્શન પરથી ભારતમાં પેટન્ટ ઓફિસ દ્વારા તેની નોંધણી અંગેના નિયમો રજૂ કરવામાં આવે છે. કે જેના દ્વારા વિદેશની સંશોધન આ અંગેની સલામતી ભારતમાં આ અરજી કરી મેળવી શકાય છે.

ભારતમાં પેટન્ટ 1970ની કલમ 135 હેઠળ આ અંગેની કન્વેન્શન અરજી Convention દેશના કર્યા પછી કરી શકાય છે. કન્વેન્શન પેટન્ટ અરજી વિદેશમાં પેટન્ટ અરજી કર્યા પછી બાર મહિનામાં ભારતીય પેટન્ટ ઓફિસમાં અરજી કરવામાં આવે છે. વિદેશમાં અરજી થયા પછી જ અહીં અરજી કરવી જરૂરી છે. એકથી વધુ આંતરરાષ્ટ્રીય પેટન્ટ અરજીના સંદર્ભમાં આવી convention અરજી પ્રાયોરિટી તારીખના બાર મહિનાના સમયગાળામાં કરવી જરૂરી છે.

❖ **ભારતમાં કન્વેન્શન અરજી કરવા માટે નીચેની બાબતો અને દસ્તાવેજ જરૂરી છે.**

1. અરજદાર અને સંશોધકનું નામ સરનામું રાષ્ટ્રીયતા વગેરે બાબતો.
2. પ્રાયોરિટી અરજી કર્યાની તારીખ, તે અંગેનું મુખ્ય સંશોધન, અરજીનો નંબર, જે દેશમાં પ્રાયોરિટી અરજી કરી હોય તે દેશનું નામ, કન્વેન્શન અરજી તેનો દેશ વગેરે બાબતો.
3. સંશોધનનો દાવો, સંશોધનની સંપૂર્ણ બાબતો, તેની સમીક્ષા તેનું ચિત્ર વગેરેનો સમાવેશ કરતી સંપૂર્ણ સ્પષ્ટીકરણોની અરજી.
4. અરજદારે અરજી કર્યાના એક મહિનાના સમયગાળામાં પોતે સંશોધક છે તે અંગેની સંપૂર્ણ માહિતી આપવી.
5. ભારતીય પેટન્ટ એજન્ટની તરફેણમાં પાવર ઓફ ઓથોરિટી. (તે પછી પણ ફાઈલ થઈ શકે છે તેના માટે કોઈપણ પ્રકારની લેટ ફી આપવી પડતી નથી.)

## 2.4 ઉમેરાની અરજી (Patent of Addition)

મુખ્ય અરજી મંજૂર થયા પછી સંશોધનમાં કોઈ સુધારા કરવામાં આવ્યા હોય અથવા તો તેમાં કંઈ પણ ફેરફાર કરીને તેમાં વધારો કરવામાં આવ્યો હોય તેના માટે જે અરજી કરવામાં આવે છે તેને હુમેરાની અરજી કહેવાય છે. ઉમેરાની પેટન્ટ અરજી મુખ્ય અરજી કર્યાની તારીખે કે પછી કરી શકાય છે. આ અરજી મુખ્ય અરજીની મંજૂર થયા પછી પણ કરી શકાય છે. આવો સુધારો વધારો કે ફેરફાર એ માર્કેટ દ્વારા મોકલવામાં આવેલ સલાહ-સૂચનના ભાગરૂપે પણ કરી શકાય છે. આમ, મુખ્ય અરજી થયા પછી સંશોધનમાં કોઈપણ ઉમેરો / ફેરફાર જણાય તો તે સુધારો વધારો કરવામાં આવ્યો હોય તો તે અંગેની સંપૂર્ણ માહિતી આ પ્રકારની ઉમેરાની પેટન્ટ દ્વારા દર્શાવી શકાય છે.

❖ **ભારતીય પેટન્ટ એક્ટ, 1970**

ભારતીય પેટન્ટ એક્ટ, 1970ની કલમ 54, 55 અને 56 માં દર્શાવ્યા મુજબ આવી ઉમેરાની પેટન્ટ અરજી તેની ફાયરિંગ કરવાની પ્રક્રિયા, તેના નિયમો વગેરે વિસ્તૃતમાં જણાવવામાં આવે છે.

ભારતીય પેટન્ટના કાયદામાં ખાસ પ્રકારની પેટન્ટ કે મંજૂરી અંગેની અરજી જે ઉમેરાની અરજી સ્વરૂપે હોય જોગવાઈ આપવામાં આવી છે.

ભારતીય પેટન્ટના કાયદાની કલમ 54 મુજબ જણાવવામાં આવ્યું છે કે હાલના સંશોધનમાં કોઈપણ પ્રકારના મહત્ત્વનો ફેરફાર, તેમાં ઉમેરો કે સુધારો કરવા આવે તો તેના કારણે સંશોધનની ઉપયોગિતામાં વધારો કરવામાં આવે છે. જો પેટન્ટ દ્વારા મુખ્ય અરજી કર્યા પછી સંશોધનના મહત્ત્વના લક્ષણો ફેરફાર કરી તેમાં સુધારો કરવામાં આવે તે અંગેના સંપૂર્ણ અધિકારો પેટન્ટધારક પાસે રહે છે અને તેના દ્વારા સંપૂર્ણ સ્પષ્ટીકરણની અરજી વધારાની અરજી દાખલ કરવામાં આવી છે.

ભારતીય પેટન્ટના કાયદાની કલમ ૫૫ મુજબ જણાવવામાં આવ્યું છે કે આવી પેટન્ટની મુદ્દત કેટલા વર્ષની રહેશે. જો સંશોધન દ્વારા આવી વધારાની અરજી કરવામાં આવી હોય તો તે વધારાની કે ઉમેરાની અરજી મુખ્ય સંશોધનની અરજીના ભાગરૂપે મુખ્ય સંશોધનના સમયગાળા જેટલી જ ગણાશે. અહીં એમ કહી શકાય કે મુખ્ય સંશોધનની મુદત 20 વર્ષની હોય તો વધારાની કે ઉમેરાની અરજી દાખલ કર્યા પછી મુખ્ય સંશોધન નો સમયગાળો અને ઉમેરાની અરજી કર્યા પછી સરખો જ રહેવાનો છે.

ભારતીય પેટન્ટના કાયદાની કલમ ૫૬ માં ઉમેરાની અરજી અંગેની વેલિડિટી ચર્ચા કરવામાં આવી છે. ઉમેરાની પેટન્ટ અરજી એ નકારી શકાય નહીં. અહીં મુખ્ય સંશોધનની સામાન્ય અરજીના ભાગરૂપે જ ઉમેરાની પેટન્ટ અરજી કરવામાં આવી હોય છે તેથી આવી અરજીને નકારી શકાય નહીં. મુખ્ય અરજીના ભાગરૂપે દર્શાવવામાં આવેલ સંપૂર્ણ સ્પષ્ટીકરણમાં જ સંશોધનમાં કરવામાં આવેલ આવા ફેરફારોની પણ વિગતવાર નોંધ લેવામાં આવે છે. અહીં જ્યારે મુખ્ય સંશોધનમાં સુધારા અંગેની અરજી કરવામાં આવે છે ત્યારે તેના જ ભાગરૂપે સંપૂર્ણ સ્પષ્ટીકરણમાં પણ તેમનો ઉલ્લેખ કરવામાં આવે છે જેથી મુખ્ય સંશોધનની વેલિડિટીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કે ફર્ક જોવા મળતો નથી. આવી ઉમેરવાની અરજીને અલગ સંશોધન ગણી શકાય નહીં.

## 2.5 વિભાગીય અરજી (Divisional Application)

જ્યારે મુખ્ય અરજીમાં કોઈ ખામી કે ઉણપ રહી ગઈ હોય ત્યારે મુખ્ય અરજી કર્યા પછી તે ધ્યાનમાં આવે ત્યારે આ વિભાગીય અરજી કરવામાં આવે છે. આ વિભાગીય અરજીને મુખ્ય અરજીના એક ભાગ ગણવામાં આવે છે. એટલે કે સંશોધનની કોઈ મહત્ત્વની બાબતનું વર્ણન કરવાનું કે નોંધવામાં કોઈ ખામી રહી ગઈ હોય ત્યારે જે અરજી કરવામાં આવે છે તેને વિભાગીય અરજી કહેવાય છે. અરજદાર દ્વારા મુખ્ય અરજીમાં જ સંપૂર્ણ સંશોધન અંગેનું વર્ણન કરવામાં આવે છે અથવા તો એક કરતાં વધારે અરજીઓ દ્વારા સંશોધનની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવે છે. વિભાગીય અરજી ક્યારે ફાઇલ કરી શકાય ?

આવી વિભાગીય અરજી પેટન્ટની મંજૂરી થયા પહેલા ગમે ત્યારે ફાઇલ કરવામાં આવી જોઈએ. આવી વિભાગીય અરજી ફાઇલ કરવા માટે કોઈપણ પ્રકારની વધારાની ફી ચૂકવવી પડતી નથી. પેરિસ Convention ના આર્ટીકલ 4G પ્રમાણે જો સંશોધનમાં કોઈ ઉણપ કે ખામી જણાય તો તે અંગેની નવી અરજી દ્વારા ઉણપ કે ખામી દૂર કરવામાં આવે છે.

## 2.6 પી.ટી.સી. આંતરરાષ્ટ્રીય સ્તરની અરજી (PCT International Phase Application)

PCT ule Patent Co-operative Treaty. આ પ્રકારની PCT અરજીમાં મુખ્યત્વે 2 સ્વરૂપ હોય છે. એક આંતરરાષ્ટ્રીય અને બીજું રાષ્ટ્રીય ફેસ. જેનો પ્રથમ તબક્કો આંતરરાષ્ટ્રીય કક્ષાની અરજી ફાઈલ કરવાથી શરૂ થાય છે અને અંતિમ તબક્કો રાષ્ટ્રીય કક્ષાએ પેટન્ટની મંજૂરી મળવાથી થાય છે. 90 આંતરરાષ્ટ્રીય અરજીના સ્વરૂપમાં મુખ્ય પાંચ તબક્કા આવે છે. પ્રથમ ત્રણ તબક્કા બધા જ આંતરરાષ્ટ્રીય કક્ષાની અરજીમાં હોય છે જ્યારે બાકીના બે તબક્કા વૈકલ્પિક રૂપે હોય છે. પ્રથમ ત્રણ તબક્કામાં આવી આંતરરાષ્ટ્રીય અરજી અરજદાર દ્વારા ફાઈલ કરવા અને જે તે રિસીવિંગ ઓફિસ દ્વારા તેને મેળવવા અંગેની પ્રક્રિયા નો સમાવેશ થાય છે ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાની સંશોધન નો રિપોર્ટ અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સંશોધક અંગેની ઓથોરિટીનું મંતવ્ય તથા આવી આંતરરાષ્ટ્રીય કક્ષાની અરજીનું Publication અને તેની સાથે WIPO દ્વારા અપાયેલ રિપોર્ટ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે ચોથા તબક્કામાં મુખ્ય અરજીને ટેકો આપતા પૂરક સંશોધનો કે શોધખોળ અંગેની માહિતી કે જે આંતરરાષ્ટ્રીય રિપોર્ટ ઓથોરિટી દ્વારા સમર્થન અપાયેલ હોય. આ અરજી નો પાંચમો તબક્કામાં આંતરરાષ્ટ્રીય પ્રિલિમિનરી તપાસ કોને કહે છે અને પેટન્ટની ક્ષમતા અંગેનું અંતિમ ચરણ આંતરરાષ્ટ્રીય પ્રિલિમિનરી રિપોર્ટ ઓથોરિટી દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રિલિમિનરી રિપોર્ટમાં આપવામાં આવે છે.

## 2.7 પી.ટી.સી. રાષ્ટ્રીય સ્તરની અરજી (PCT National Phase Application)

PCT અરજી એટલે Patent Co-operation Treaty. આ સમજૂતી પેટન્ટ ફાઈલ કરવાની પ્રક્રિયાને ખૂબ જ સરળ બનાવવા માટે ઉપયોગી છે. PCT નો વહીવટ WIPO દ્વારા કરવામાં આવે છે. WIPO નું પૂરું નામ Intellectual Property Organization છે. જે વિવિધ પ્રકારની બૌદ્ધિક સંપત્તિ નો વહીવટ, તેની જાળવણી અંગેના નિયમો બનાવે છે. 1 માર્ચ 2016 ના રોજથી WIPO દ્વારા 148 જેટલા દેશને આ Treaty (સંધિ) હેઠળ આવરી લીધા છે. PCT એપ્લિકેશન મુખ્યત્વે 2 phase માં વહેંચાયેલી છે.

મુખ્ય અરજી કર્યાના 31 મહિનામાં અરજદાર દ્વારા 20 નેશનલ એપ્લિકેશન કરી શકાય છે. આવી અરજી જે તે રાષ્ટ્રમાં સંશોધનને ફાઈલ કરવા માટે થાય છે. Patent મંજૂર કરવી કે નહીં તે અંગેનો અંતિમ નિર્ણય દેશની પેટન્ટ ઓફિસ દ્વારા લેવામાં આવે છે. તેમ છતાં પણ કહી શકાય કે આવી અરજી ફાઈલ કરવી એ બીજી બધી અરજી કરતા ખૂબ જ સરળ છે. ભારતમાં 26 ફાઈલ કરવા માટે નીચેના દસ્તાવેજો જરૂર પડે છે. આ માટે તે અંગેની આંતરરાષ્ટ્રીય અરજીની કોપી હોવી જરૂરી છે.

❖ **બીજા જરૂરી દસ્તાવેજો :-**

1. સંશોધકના નામ, સરનામા અને રાષ્ટ્રીયતા જે આંતરરાષ્ટ્રીય કક્ષાની અરજીમાં દર્શાવેલ હોય તે પ્રમાણે.
2. જો સંશોધક એ જ અરજદાર ન હોય ત્યારે ટ્રાન્સફર કે અસાઈમેન્ટ દ્વારા પોતાના અધિકાર દર્શાવવા.

આ પ્રકારની પેટન્ટની અરજી પેટન્ટ મેળવવાના ઉદ્દેશથી એક જ અરજી PCT ના ભાગરૂપે વિવિધ દેશમાં પેટન્ટ મંજૂર થવા માટે કરવામાં આવે છે. આ પ્રકારની પેટન્ટ અરજી મુખ્ય PCT અરજી કર્યા પછી બાર મહિનાના સમયગાળામાં કરવામાં આવી છે.

**આવી અરજી કોણ ફાઈલ કરી શકે છે ?**

આવી અરજી અરજદાર દ્વારા ઈલેક્ટ્રોનિક મોડમાં PCT અરજી તરીકે કરી શકાય છે.

## 2.8 સારાંશ

ભારતમાં પેટન્ટ ફાઈલિંગ પ્રક્રિયા માત્ર કાયદાકીય જ નહીં, પરંતુ વૈજ્ઞાનિક અને ટેકનિકલ જ્ઞાનની માંગ પણ રાખે છે. ફાઈલિંગ પ્રક્રિયાની દરેક તબક્કે ચોકસાઇ અને વ્યવસ્થિતતા જરૂરી છે, કારણ કે નાની ભૂલ પણ મોટા પાયે અસર કરવી શકતી છે. ભારતીય પેટન્ટ ઓફિસ દ્વારા આપવામાં આવતી માર્ગદર્શિકાઓ અને નિયમોનો આદર કરવા અને તેમને સમજવા માટે સંશોધક અને આરજદાર બંનેની જવાબદારી છે.

ભારતમાં પેટન્ટ ફાઈલિંગની પ્રક્રિયા વિકાસશીલ છે અને તે અલગ અલગ ક્ષેત્રોમાં નવીનતા અને આંદોલન માટે યોગ્ય માળખું પૂરું પાડે છે. આથી, વૈશ્વિક સ્તરે ભારતીય પેટન્ટ વ્યવસ્થા એક મજબૂત અને વિશ્વસનીય માળખું બની રહી છે. આ ફાઈલિંગ પ્રક્રિયા માત્ર આધુનિક ટેકનિક્સ અને સંશોધનના રક્ષણમાં જ નહીં, પણ ભારતીય અર્થતંત્રના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આમ, પેટન્ટ ફાઈલિંગ એ કાયદાકીય સુરક્ષા આપવા માટેનો એક મુખ્ય ઉપાય છે, જે તેમની મૌલિકતાને રક્ષણ આપે છે.

## 2.9 તમારી પ્રગતિ ચકાસો :

- **સવિસ્તાર જવાબો આપો.**

1. સામાન્ય અરજી કરવાની પ્રક્રિયા જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. કન્વેન્શન અરજી વિશે માહિતી આપો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. ઉમેરાની અરજી અને વિભાગીય અરજીની માહિતી આપો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.................................................................................

4. પી.ટી.સી. આંતરરાષ્ટ્રીય સ્તર અને રાષ્ટ્રીય સ્તરની અરજી વિશે સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

- **નીચેના બહુવિકલ્પ પ્રશ્નના જવાબ આપો.**

1. WIPO નું પૂરું નામ જણાવો.

    1. World Interesting Peace Organization
    2. World International Patent Organization
    3. World Intellectual Patent Organization
    4. World Intellectual Property Organization

જવાબ: 4.

2. કયા પ્રકારની અરજીમાં સંશોધનમાં કોઈ ભૂલ ખામી રહી હોય તો તેમાં ફેરફાર કરવામાં આવે છે ?

    1. વિભાગીય અરજી    2. સામાન્ય અરજી

    3. ઉમેરાની અરજી    4. કન્વેન્શન અરજી

જવાબ: 1.

3. કયા પ્રકારની અરજીમાં પ્રથમ અરજી કરવામાં આવે છે ત્યાર પછી જે બીજા પ્રકારની અરજી કરવામાં આવે છે તેના દ્વારા તે સંશોધનની પેટન્ટની મુદતમાં કોઈ ફેરફાર આવતો નથી ?

    1. વિભાગીય અરજી    2. ઉમેરાની અરજી

    3. કન્વેન્શન અરજી    4. 20 નેશનલ ફેસ

જવાબ: 2.

4. કયા પ્રકારની અરજીમાં મુખ્ય અરજી મંજૂર થયા પછી તેમાં સુધારો કે ફેરફાર કરવા માટે નવી અરજી કરવી પડે છે ?

    1. કન્વેન્શન અરજી    2. વિભાગીય અરજી

    3. ઉમેરાની અરજી.    4. 20 નેશનલ ફેસ

જવાબ: 3.

5. મુખ્ય અરજી ફાઈલ કર્યાના કેટલા આ સમયગાળામાં PCT નેશનલ અરજી કરી શકાય છે ?

    1. 12 મહિના    2. 10 દિવસ

    3. 60 દિસ    4. 31 દિવસ

જવાબ: 4.

6. 1 માર્ચ, 2016 ના રોજ છે WIPO દ્વારા કેટલા દેશને સંધિમાં આવરી લેવામાં આવ્યા હતા ?

1. 141 2. 142

3. 146 4. 148

જવાબ: 4

7. 20 આંતરરાષ્ટ્રીય અરજીના કુલ કેટલા તબક્કા છે ?

1. 3 તબક્કા 2. 5 તબક્કા

3. 2 તબક્કા. 4. 7 તબક્કા

જવાબ: 2.

## 2.10 ચાવીરૂપ શબ્દો

- **પેટન્ટ:** કોઈ શોધ કે નવીનતમ સંશોધન માટે આપવામાં આવતું કાનૂની હક, જેનાથી તે શોધને ત્રીજાની નકલથી સુરક્ષિત રાખી શકાય છે.
- **સંશોધન પ્રક્રિયા:** વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા નવા જ્ઞાન કે માહિતીની શોધખોળ કરવાની વ્યવસ્થિત અને શ્રેષ્ઠ રીત.
- **શોષણ:** કોઈ વ્યક્તિ અથવા સંસાધનોનો ગેરકાયદેસર અથવા અનૈતિક રીતે લાભ લેવા માટેનો કૃત્ય.

## 2.11 સંદર્ભ સૂચિ

1. Intellectual Property at Glance by C Jamnadas & Co.
2. Law relating to Intellectual Property Rights by V K Ahuja

*****************

એકમ 3

# ભારતમાં પેટન્ટની કાર્યવાહી

-: રૂપરેખા :-

**3.0 ઉદ્દેશ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 પેટન્ટનું પ્રકાશન**

**3.3 પ્રાથમિક તપાસનો અહેવાલ**

**3.4 પ્રિ ગ્રાન્ટ ઓપોઝિશન**

**3.5 પોસ્ટ ગ્રાન્ટ ઓપોઝિશન**

**3.6 પેટન્ટ પ્રોસિક્યુશન માટેનો સમયગાળો**

**3.7 સારાંશ**

**3.8 તમારી પ્રગતિ ચકાસો**

**3.9 ચાવીરૂપ શબ્દો**

**3.10 સંદર્ભ સૂચિ**

## 3.0 ઉદ્દેશ

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- પેટન્ટનું પ્રકાશન અને પ્રાથમિક તપાસનો અહેવાલની માહિતી મેળવી શકશો.
- પ્રિ ગ્રાન્ટ ઓપોઝિશન અને પોસ્ટ ગ્રાન્ટ ઓપોઝિશન વિશે જાણી શકશો.
- પેટન્ટ પ્રોસિક્યુશન માટેનો સમયગાળો સમજી શકશો.

## 3.1 પ્રસ્તાવના :

ભારત લોકશાહી દેશ છે અને તેમાં વસતા દરેક વ્યક્તિને કાયદા દ્વારા અધિકારો પ્રાપ્ત થયેલા હોય છે. ભારતમાં કાયદાનું શાસન છે અને આ કાયદાના શાશન દ્વારા આખા રાષ્ટ્રનો વહીવટ થાય છે. આપણા દેશમાં કાયદો ઘડવાની પૂર્ણ સત્તા ભારતીય બંધારણ દ્વારા સંસદને મળેલી છે અને સંસદ સમયાંતરે કાયદાનું ઘડતર કરતી હોય છે. સામાન્ય સંજોગોમાં સંસદ દ્વારા ક્યારેક સામાન્ય કાયદા ઘડવામાં આવે છે અને કેટલીક વાર અસામાન્ય પરિસ્થિતિમાં અસામાન્ય કાયદાઓ ઘડવામાં આવે છે. આમ રાષ્ટ્રના વિકાસ માટે જરૂરી હોય તે કાયદા ભારતની સંસદ બનાવતી હોય છે. દરેક નાગરિકને મૂળભૂત અધિકારો તેમજ કાનૂની અધિકારો મળેલા છે અને આવી અધિકારોનું તે કોઈપણ ખલેલ વગર સરળતાથી સારી રીતે ઉપયોગ કરી શકે છે. જે વ્યક્તિ પોતાની બૌદ્ધિક ક્ષમતાથી કંઈક નવું સર્જન કરે છે તો તે સંજોગોમાં તે નવા સર્જનને રક્ષણ મળવું જરૂરી છે અને આ દિશામાં ભારતમાં બૌદ્ધિક સંપત્તિના અધિકારોનો વિકાસ થયેલો છે આમ આપણા દેશમાં નવી નવી શોધોના વિકાસ થવાથી અને તેને રક્ષણ આપવાના હેતુથી તેમજ નવી નવી શોધોને પ્રોત્સાહન પ્રાપ્ત થાય તે હેતુથી આપણા દેશમાં પેટન્ટ માટેનો ભારતીય પેટન્ટનો કાયદો 1970 લાગુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કાયદામાં

વખતોવખત તેમાં સુધારા કરવામાં આવેલા છે.આ સુધારાઓ સમયની જરૂરિયાત પ્રમાણે કરવામાં છે. સંસદનું મુખ્ય કાર્ય કાયદો ઘડવાનું હોય છે પરંતુ આ કાયદાઓને અમલમાં મૂકવાનું કામ અને તેનો અર્થઘટન કરવાનું કામ સંસદ નથી.

પ્રોપર્ટી બે પ્રકારની હોય છે. એક જેને તમે જોઈ શકો છો અને બીજી કે જેને તમે જોઈ શકતા નથી. આ જે મિલકત જોઈ શકતા નથી તેના રક્ષણ માટે પણ સંસદ દ્વારા કાયદાઓ ઘડવામાં આવેલા છે. જેને જોઇ શકતા નથી તે મિલકતનું સર્જન જે તે વ્યક્તિએ પોતાની બૌદ્ધિક ક્ષમતાના આધારે કરેલું હોવાથી તે મિલકત પર તે વ્યક્તિને અધિકાર મળે છે. બૌદ્ધિક સંપત્તિના અધિકારો જે વ્યક્તિ પોતે સંશોધન કરે છે, નવી નવી શોધ કરે છે અને જે પ્રક્રિયા કે પ્રોડક્ટ અસ્તિત્વમાં હતી જ નહિ તેને અસ્તિત્વમાં લઈ આવે છે. આ સંજોગોમાં આ શોધકર્તાની શોધને પેટન્ટ દ્વારા રક્ષણ આપવામાં આવે છે. ભારતમાં પેટન્ટનો કાયદો 1970 અમલમાં છે અને તેમાં સમયાંતરે સુધારા પણ થતા આવેલા છે. પેટન્ટ આપવાથી શોધ કરનારને પ્રોત્સાહન મળે છે અને તે નવી નવી શોધો કરવા માટે પ્રોત્સાહિત થાય છે તેમજ તેણે જે સમય અને નાણાંનો ખર્ચ કરેલ છે તે વળતર સ્વરૂપે પ્રાપ્ત કરે છે.

પેટન્ટ એ સંપૂર્ણ અધિકાર છે એટલે કે એક વિશિષ્ટ અધિકાર છે એમ પણ કહી શકાય છે. કાયદા દ્વારા આ અધિકારને અમુક વર્ષો સુધી પેટન્ટકર્તાને આપવામાં આવતો હોય છે. પેટન્ટનો જે અધિકાર છે તે અધિકારનો સમયગાળો વીસ વર્ષનો છે. પેટન્ટની અરજી કરનારે અરજી કર્યા તારીખથી જો પેટન્ટ મંજૂર થાય તો વીસ વર્ષ સુધી તે પેટન્ટ પર પોતે અધિકાર ભોગવતા હોય છે. આમ પેટન્ટ આપવાથી દેશમાં નવી ટેકનોલોજી તેમજ ઉદ્યોગ ધંધાને પ્રોત્સાહન મળે છે અને અર્થવ્યવસ્થાનો વિકાસ થાય છે.

### ❖ પેટન્ટ પ્રોસિક્યુશન :

પેટન્ટ પ્રોસિક્યુશનનો અર્થ એમ થાય છે કે PLAN OF ACTION એટલે કે કોઈ કાર્ય માટેનો પ્લાન કે યોજના તૈયાર કરવાથી કાર્ય સરળતાથી પુર્ણ થાય છે. તેથી પેટન્ટ પ્રોસિક્યુશન પેટન્ટ મેળવવાની કાર્યવાહી સાથે સંકળાયેલ છે.

સામાન્ય રીતે ભારતમાં પ્રોસિક્યુશનનો અર્થ ફોજદારી દ્રષ્ટિએ જોવા મળે છે. જેમ કે કોઈ વ્યક્તિ એ ગુનો કર્યો હોય તો સજા કરવી હોય તો પ્રોસિક્યુશન દ્વારા જે તે કેસને અદાલતમાં પુરવાર કરવામાં આવતો હોય છે અને તેના આધારે તે કેસ સાબિત થાય તો સજા કરવામાં આવતી હોય છે.

પેટન્ટના સંદર્ભમાં જો પ્રોસિક્યુશનની વાત કરવામાં આવે તો તે કાયદાના મુકદમા સાથે સંકળાયેલો નથી. તે કોઈ દિવાની પ્રક્રિયા કે ફોજદારી પ્રક્રિયા સાથે પણ સંકળાયેલા નથી.

જો પેટન્ટના અનુસંધાને કાયદાની કોર્ટમાં કોઈ કેસ થાય તો તેની પેટન્ટ લિટિગેશન (Litigation) કહેવામાં આવે છે પરંતુ જ્યારે પેટન્ટ પ્રોસિક્યુશન એ પેટન્ટ માટે અરજી કરવાની પ્રક્રિયા છે. તે પેટન્ટ અરજીથી શરૂ કરીને જ્યારે પેટન્ટની મંજૂરી મળે કે પેટન્ટનો ઈન્કાર થાય ત્યાં સુધીની સંપૂર્ણ પ્રક્રિયાને પેટન્ટની ભાષામાં PATENT PROSECUTION એટલે કે પેટન્ટની કાર્યવાહી તરીકે ઓળખવામાં આવી છે.

પેટન્ટની કાર્યવાહીમાં ઘણા બધા તબક્કાઓનો સમાવેશ થતો હોય છે. જે વ્યક્તિ પાસે ટેકનિકલ નોલેજ હોય તે વ્યક્તિ પેટન્ટની કાર્યવાહી સફળતાપૂર્વક પૂર્ણ કરી શકે છે. તેથી પેટન્ટ પ્રેક્ટિસનરને પેટન્ટ એટર્ની અથવા પેટન્ટ એજન્ટ તરીકે ઓળખવામાં આવતા હોય છે અને તેઓ કાયદા હેઠળ કોર્ટમાં પેટન્ટનો મુકદમો લડતા નથી કે લડી શકતા નથી.

પેટન્ટ પ્રોસિક્યુશનમાં પેટન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરવામાં આવે છે. પેટન્ટ અરજી કરનારનો હેતુ પેટન્ટનું રક્ષણ મેળવવા માટેનો હોય છે. પેટન્ટની અરજી કરી પેટન્ટની મંજૂરી મેળવવાની હોય છે તેનાથી પેટન્ટ ધરાવનાર વ્યક્તિને પેટન્ટનો કોઈ પણ વ્યક્તિ ગેરકાયદેસર ઉપયોગ કે પેટન્ટનો ભંગ કરે તો પેટન્ટ ધરાવનાર વ્યક્તિ તેની સામે કાનૂની પગલાં લઈ શકે છે.

❖ **પેટન્ટની અરજી :**

પેટન્ટ મેળવવા માટે જે અરજી કરવામાં આવે છે તે અરજી મંજૂર થતા ઘણો સમય લાગતો હોય છે. કારણ કે પેટન્ટ અરજીથી પેટન્ટની મંજૂરી કે ઈન્કાર વચ્ચે ઘણા બધા તબક્કાઓનો સમાવેશ થાય છે. પેટન્ટ પ્રોસિક્યુશનમાં એક પેટન્ટની અરજી કરનાર હોય છે અથવા અરજી કરનાર વતી તેના પ્રતિનિધિ હોય છે અથવા શોધ કરનાર વ્યક્તિ હોય છે અથવા તો પેટન્ટ એજન્ટ હોય છે. આ બધા જ પેટન્ટ ઓફિસ સાથે પેટન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરતા હોય છે.

ભારતમાં પેટન્ટની વહીવટી કામગીરી ભારતીય પેટન્ટ એક્ટ 1970 હેઠળ કરવામાં આવે છે. ભારતમાં કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ એન્ડ ડિઝાઈનની ઓફિસ છે. આ ઓફિસ દ્વારા પેટન્ટ સંબંધિત દરેક કાર્યવાહી કરવામાં આવતી હોય છે. તેથી કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ એ મુખ્ય અધિકારી છે એમ ગણવામાં આવે છે. ભારતમાં પેટન્ટની મુખ્ય ઓફિસ કોલકાતા ખાતે અને બીજી ત્રણ બ્રાન્ચ ઓફિસ ચેન્નાઈ, દિલ્હી અને મુંબઈ ખાતે આવેલી છે.

કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટના નિર્ણય ઉપર અપીલ કરવા માટે આ કાયદામાં એપેલેટ બોર્ડની રચના કરવામાં આવેલી છે. પેટન્ટ માટેની જે પ્રક્રિયા છે તે પ્રક્રિયામાં પેટન્ટ ઓફિસ અને કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ એન્ડ ડિઝાઇનનો રોલ ખૂબ જ મહત્ત્વનો બની રહી છે. કારણ કે કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટની ઓફિસ કોઈપણ શોધને પેટન્ટની મંજૂરી આપવા માટેનો નિર્ણય કરતી હોય છે.

અરજદારે અરજી દાખલ કર્યા તારીખથી અરજી મંજૂર થાય અથવા રદ થાય ત્યાં સુધીની તમામ કામગીરીમાં ઘણા બધા તબક્કા હોવાથી આ પ્રક્રિયામાં કોઈ નિશ્ચિત સમયગાળો હોતો નથી. સમયગાળો અરજદાર અને પેટન્ટ ઓફિસ દ્વારા જુદી જુદી કાર્યવાહીમાં કેટલો સમય લેવામાં આવે છે તેના ઉપર આધારિત હોય છે. કારણકે પેટન્ટ પ્રોસિક્યુશનની પ્રક્રિયામાં ઘણા બધા તબક્કાઓનો સમાવેશ થતો હોય છે. એક સામાન્ય અરજીનો નિકાલ થાય તે રીતે પેટન્ટની અરજીનો નિકાલ કરવામાં આવતો નથી. તે એક લાંબી અને જટિલ પ્રક્રિયા છે.

પેટન્ટ મેળવવા માટે સૌપ્રથમ પેટન્ટની અરજી કરવી અનિવાર્ય બને છે. ઇન્ડિયન પેટન્ટ એક્ટની કલમ 6 માં કોણ પેટન્ટ મેળવવા માટે સક્ષમ છે તેની જોગવાઈ કરવામાં આવેલી છે. કલમ 7 માં પેટન્ટની અરજી કરવા માટે એપ્લિકેશન ફોર્મ બાબતે જોગવાઈ કરવામાં આવી છે.

આ કાયદા નીચે અરજી કરતી વખતે એક જ શોધ માટે એક જ અરજી કરવાની હોય છે. જેથી એકથી વધુ શોધ માટે પેટન્ટ લેવાની હોય તો તે દરેક શોધ માટે અલગ-અલગ અરજી કરવાની રહે છે. અરજી સાથે અલગ અલગ ફી ભરવાની હોય છે. ક્યારેક અરજી શોધકર્તા સિવાય તેના અસાઈની દ્વારા કરવામાં આવી હોય તો તે સંજોગો પેટન્ટ અરજી રજૂ કરતા સમયે અથવા રજૂ કર્યા બાદ તેને તે અરજી કરવાનો અધિકાર છે તેની સાબિતી આપતું પત્ર કે પ્રમાણપત્ર પૂરું પાડવાનું હોય છે.

PATENT CO-OPERATION TREATY નીચે ભારતમાંની નિશ્ચિત થયેલી ઓફિસમાં થયેલી સભ્યદેશની સંબંધિત અરજી જેવી અરજી કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને સમક્ષ કરવામાં આવી તો આવી આંતરરાષ્ટ્રીય અરજીને આ કાયદા નીચે પણ અરજી જ ગણવામાં આવે છે. આવી અરજી જે તારીખે દાખલ કરવામાં આવેલી હોય તે તારીખને આંતરરાષ્ટ્રીય દાખલ તારીખ તરીકે આ કાયદા માટે ગણવામાં આવે છે. આ સિવાય અરજદાર દ્વારા કે તેના અસાઈની દ્વારા ભારતની બહાર અરજી દાખલ કરવાની જોગવાઈઓ પણ કરવામાં આવેલી છે.

ભારત બહાર અરજી કરી હોય તો અરજીની સંપૂર્ણ માહિતી કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ જેટલા સમય આપે તેટલા સમયમાં તેવી અરજીની સંપૂર્ણ વિગતો પેટન્ટની અરજીકર્તા એ જણાવવાની રહે છે. આ ઉપરાંત તેને બાંહેધરી પણ આપવાની હોય છે કે જ્યાં સુધી ભારતમાં પેટન્ટ મંજૂર કે રદ ન થાય ત્યાં સુધી તે કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને તેની વિદેશની અરજી બાબતેની સંપૂર્ણ માહિતી ચોક્કસ સમયમાં આપશે. આમ આ કલમ અરજદારની ફરજના ભાગ રૂપે આપવામાં આવેલી છે.

PATENT CO-OPERATION TREATY હેઠળ કે સમજૂતી અરજી સિવાયની જેટલી પણ પેટન્ટ માટેની અરજી કરવામાં આવે છે તે દરેક અરજી સાથે કામચલાઉ વિવરણ કે સંપૂર્ણ વિવરણને અરજી કર્યાના બાર માસમાં રજૂ કરવાનું હોય છે. જો તેમ કરવામાં પેટન્ટ અરજીકર્તા નિષ્ફળ જાય તો તે અરજી પડતી મૂકવામાં આવેલી છે તેમ માનવામાં આવે છે.

અરજદાર દ્વારા એક જ શોધ બાબતે બે કે તેથી વધુ અરજીઓ એક જ નામથી કરી હોય અને કામચલાઉ વિવરણ જોડેલ હોય અને તે અરજીઓ એકબીજાની નજીક કે સૂક્ષ્મ ફેરફાર વાળી હોય તો આ અરજીઓને કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ એક જ શોધ ગણીને આ બધા કામચલાઉ વિવરણને એક સંપૂર્ણ વિવરણમાં ગણવાનો હુકમ કરી શકે છે.

❖ **વિવરણની વિગતો :**

અરજદારે પોતાની શોધ બાબતે વિવરણમાં સ્પષ્ટતા કરવાની હોય છે. વિવરણ કામચલાઉ કે સંપૂર્ણ હોય છે. જો અરજી સાથે કામચલાઉ વિવરણ આપ્યું હોય તો તેને 12 માસમાં સંપૂર્ણ વિવરણ જમા કરાવવનું હોય છે. વિવરણમાં તેણે પોતાના શોધનું ટાઈટલ એટલે કે શીર્ષક શું છે તે જણાવવાનું હોય છે. આ સિવાય પોતાની શોધ બાબતે પરિચય આપવાનો હોય છે. તેમજ તેનું માળખું પણ બતાવવાનું હોય છે. માળખામાં પોતાની શોધની જરૂરી બાબતો દર્શાવવાની હોય છે. અંતમાં તેને પોતાનો ક્લેમ શું છે તે કયા હક્ક દાવા માટે આ વિવરણ રજૂ કરે છે તે પણ તેને બતાવવાનું હોય છે.

આમ આ વિવરણની વિગતોથી જે શોધ માટે અરજી કરવામાં આવેલી છે તે શોધની સંપૂર્ણ જાણકારી સ્પષ્ટ થાય છે અને કોઈ અચોક્કસતા ન રહે તેના માટે વિવરણને જરૂરી અને મહત્ત્વનું ગણવામાં આવે છે.

આમ પ્રથમ તબક્કે કોઈપણ શોધ માટે પેટન્ટની અરજી કરવામાં આવે અને આવી અરજી કોણ કરી શકે અને અરજીમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે અને તેની સાથે કયા પ્રકારનું વિવરણ જોડવાનું હોય છે તે બધી જ બાબતો પ્રથમ તબક્કામાં જોવા મળી આવે છે.

## 3.2 પેટન્ટનું પ્રકાશન :

જ્યારે પેટન્ટની અરજી કરવામાં આવી છે ત્યારે તે અરજીને કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ત્યાં સુધી ધ્યાનમાં લેતા નથી જતા ત્યાં સુધી તે પેટન્ટની અરજીનું PUBLICATION

એટલે કે પ્રસિદ્ધ કરવામાં ન આવે. સામાન્ય રીતે આ અરજીને પ્રસિદ્ધ કરવા માટે 18 માસનો સમય આપવામાં આવતો હોય છે. અરજી કર્યા તારીખથી 18 માસની અંદર આવી અરજીનું પ્રકાશન કરવું પડતું હોય છે. આ 18 માસનો જે સમય આપવામાં આવ્યો છે, તેનો હેતુ પેટન્ટની અરજી કરનારને પોતાની અરજી કયા દેશમાં કરવી છે તે નક્કી કરવા માટે સમય મળી રહે તે માટેનો છે. આમ અરજી કર્યા તારીખ 18 માસ સુધીમાં અરજી સુષુપ્ત અવસ્થામાં રહે છે અને CONFIDENTIAL એટલે ગુપ્ત રહેતી હોય છે. આમ અરજી કરનારને ભારત સિવાય બીજા દેશમાં જો પેહલા અરજી કરવી હોય તો પ્રકાશન થયા પેહલા જે તે દેશમાં કરી શકે છે. જેથી તે અરજીને જાહેરાત અને ઉપયોગીતાનો બાધ ન નડે.

પેટન્ટના કાયદાની કલમ 11 થી આવી શોધની અરજીનું પબ્લિકેશન એટલે કે પ્રસિદ્ધ કરવાનીની જોગવાઈ કરવામાં આવેલી છે. આ કલમની જોગવાઇ મુજબ કોઈપણ અરજી સામાન્ય સમય દરમિયાન લોકો માટે ખુલ્લી રહેતી નથી. આમ નિશ્ચિત સમયગાળો પૂર્ણ થયા બાદ અરજદાર ચોક્કસ ફોર્મમાં કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને આ અરજીની પ્રસિદ્ધ કરવા માટે વિનંતી કરી શકે છે અને આ વિનંતી મળ્યાથી કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ તે પેટન્ટની અરજી શક્ય હોય તેટલી જલ્દીથી જાહેર કે પ્રસિદ્ધ કરી શકે છે.

પરંતુ કોઈ સંજોગોમાં કલમ 35 હેઠળના હુકમ મુજબ તે અરજીને ગુપ્ત રાખવાનો આદેશ કરવામાં આવેલો હોય તેમજ કલમ 9(1) મુજબ તેને પડતી મૂકવામાં આવી હોય કે જાહેરાત કરવાનો સમય પૂર્ણ થયાના ત્રણ માસ પહેલા આ અરજી વિડ્રો કરવામાં આવી હોય એટલે કે પાછી ખેંચવામાં આવી હોય તો આવી અરજીની પ્રસિદ્ધ કરવામાં આવતી નથી.

કલમ 35 નીચે ગુપ્ત રાખવાનો આદેશ કરવામાં આવેલ હોય તો તે આદેશ રદ થયા બાદ કે નિયત સમયમર્યાદા બાદ જે પાછળ હોય તે સમયે આવી અરજીને પ્રસિદ્ધિ કરી શકાય છે. સામાન્ય રીતે પ્રસિદ્ધિની અરજીમાં જે તારીખે અરજી કરવામાં આવી હોય તે અરજીનો નંબર, અરજી કરનાર વ્યક્તિનું નામ, સરનામું અને તેની માહિતી તેમજ તેણે જે શોધ માટે અરજી કરી છે તે શોધનું સંક્ષિપ્ત વિવરણ એટલે કે સારની પ્રસિદ્ધ કરવાની હોય છે.

આ પ્રકારની અરજી કલમ 11 હેઠળ જાહેર કરતાં પહેલાં તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે તે પણ જણાવ્યામાં આવ્યું છે. અરજી કઈ તારીખે કરવામાં આવેલી છે, અરજીનો નંબર શું છે, અરજી કરનાર વ્યક્તિનું નામ અને સરનામું શું છે તેમજ અરજીકર્તાએ જે શોધ માટે અરજી કરવામાં આવેલી છે તે શોધનો સંક્ષિપ્ત સાર પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આમ કરવાથી લોકોને આ અરજી કે પેટન્ટની શોધ બાબતે સંપૂર્ણ માહિતી મળી રહે છે.

આવી અરજીની પ્રસિદ્ધિ થયા બાદ જો કોઈ ડિપોઝિટરી સંસ્થામાં જૈવિક સામગ્રી રાખવામાં આવેલી હોય તો તેને જાહેર કરવામાં આવે છે. આમ આ પ્રકારની જૈવિક સામગ્રી જાહેર જનતાના જોવા માટે ઉપલબ્ધ બને તે વિગતો પણ પ્રસિદ્ધ કરવાની હોય છે. આ સિવાય કોઈપણ વ્યક્તિ પેટન્ટ ઓફિસમાં આવી અરજીની માહિતી, તેનું વિવરણ કે તેના નકશાઓ કે ચિત્રોને નિયત ફી ચૂકવીને તેની નકલ મેળવી શકે છે. આમ કોઈપણ જાહેર વ્યક્તિ આ પેટન્ટ ઓફિસમાંથી આ પેટન્ટ અરજી બાબતની સંપૂર્ણ માહિતી જરૂરી ફી ચૂકવીને પ્રાપ્ત કરી શકે છે. તેનો હેતુ આવી નકલ મેળવનાર વ્યક્તિને શોધમાં કોઈ હિત હોય કે કોઈ વાંધો લેવાનું હોય તો આ માહિતી ઉપરથી વાંધો લઇ શકે છે. પેટન્ટની અરજીની પ્રસિદ્ધ થયા બાદ અરજી કરનાર વ્યક્તિને તેના ઉપર ઘણા વિશેષ અધિકારો પ્રાપ્ત થાય છે.

જેમકે પેટન્ટની અરજી મંજૂર થઈ હોય અને જે પ્રકારે અધિકારો પ્રાપ્ત થાય તે જ પ્રકારના અધિકારો પેટન્ટ પ્રસિદ્ધ થયા બાદ પણ મળતા હોય છે. પરંતુ કોઈ વ્યક્તિ આ પેટન્ટની

અરજીની શોધનો ભંગ કરે તો તે સંજોગોમાં પેટન્ટની અરજી કરનાર વ્યક્તિને શોધ ભંગ માટેનો દાવો કરવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. પરંતુ જ્યારે તેની પેટન્ટની અરજી મંજૂર થાય ત્યારે પાછલી અસરથી પેટન્ટ ભંગ માટેનો દાવો યોગ્ય સત્તાધિકારી સમક્ષ કરી શકે છે.

## 3.3 પ્રાથમિક તપાસનો અહેવાલ :

પેટન્ટ ધારણકર્તા પેટન્ટની અરજી દાખલ કરી તે સમયથી 18 માસમાં પેટન્ટ માટેની અરજીની પ્રસિદ્ધિ કરાવવી ફરજીયાત છે. જ્યાં સુધી અરજીની પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી તે પેટન્ટની અરજીને કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ધ્યાને લેતા નથી. આમ પેટન્ટની અરજીની પ્રસિદ્ધિ પેટન્ટ ઓફિસને વિનંતી કરીને કરાવી શકાય છે. ત્યારબાદ જાહેરાત થઈ ગયા પછી પેટન્ટની અરજી તપાસ કરવા માટે અરજદારે વિનંતી કરવાની હોય છે. આમ અરજદાર પોતે નિયત નમૂનામાં કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને પેટન્ટની અરજીની તપાસ કરાવવા માટે વિનંતી કરે છે અને આવી વિનંતી મળેથી કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ પેટન્ટની અરજીની તપાસ માટે તે અરજીને મોકલી આપવાની હોય છે.

આવી અરજીની તપાસ માટે વિનંતી અરજી કર્યા તારીખથી 48 માસમાં કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને કરવાની હોય છે. આવી તપાસ માટેની અરજી ઉપર તપાસકર્તાએ એક્ઝામિનેશન રિપોર્ટ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને સોંપવાનું રહેતો હોય છે.

પરંતુ ઘણીવાર પેટન્ટકર્તા એ પેટન્ટ મેળવવાની અરજી કરી હોય અને અરજી કર્યા બાદ તે કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટની આવી તપાસ કરાવવા માટે નિયત નમૂનામાં જે વિનંતી કરવાની હોય તેવી વિનંતી ન કરે તો તે સંજોગોમાં આ કલમ મુજબ તે અરજાને વિડ્રો કરવામાં એટલે કે પાછી ખેંચવામાં આવેલી છે તેમ માનવામાં આવે છે.

નિયત સમયમાં પેટન્ટની અરજીની તપાસ કરાવવા માટેની વિનંતી કરવાની ફરજ પેટન્ટની અરજી કરનાર વ્યક્તિની છે તેથી યોગ્ય સમયમાં આવી વિનંતી કરવાની હોય છે. ક્યારેક પેટન્ટની અરજીને કલમ 35 નીચે ગુપ્ત રાખવાનું જણાવવામાં આવેલ હોય તો તે સંજોગોમાં જ્યારે આવી ગુપ્તાતાનો જે આદેશ છે તે આદેશ રદ થયા બાદ જ તે પેટન્ટની અરજીને તપાસ માટે મોકલવામાં આવતી હોય છે ત્યાં સુધી તેવી પેટન્ટની અરજીને તપાસ માટે પણ મોકલી શકતી નથી. આમ કલમ 35 નીચે આવી અરજીને પ્રસિદ્ધ અને તપાસ માટે મોકલી શકાતી નથી. આ પ્રકારે કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા કોઈપણ પેટન્ટની અરજીની તપાસ કરવા માટે મોકલવામાં આવતી હોય ત્યારે તપાસકર્તા એ જોવાનું હોય છે કે આવી અરજી આ કાયદાની જોગવાઈઓ મુજબ કરવામાં આવેલ છે કે નહીં અને તેમાં જે કોઈપણ દસ્તાવેજો જોડવામાં આવેલા છે તે કાયદા મુજબ પૂરતા પ્રમાણમાં છે કે નહે. આ પછી તપાસકર્તાએ તે પણ જોવાનું હોય છે કે આ પેટન્ટની અરજીમાં કોઈ કાયદેસરનું એવું કોઈ કારણ તો નથી ને કે જેનાથી આ અરજીનો વિરોધ કરી શકાય તો તે કારણ પણ જણાવવાનું હોય છે. તેથી તપાસકર્તા એ અરજીમાં તેની કાયદેસરતાની પણ ચકાસણી કરવાની હોય છે.

આ સિવાય તપાસકર્તા આ કાયદાની જે જોગવાઈઓ કરવામાં આવી છે તે જોગવાઈનું પાલન કરવાનું હોય છે. તપાસકર્તા એ આ અરજી માટે પ્રસિદ્ધિ કરેલ છે, તે શોધ ભૂતકાળમાં ક્યારે જાણીતી હતી, તે શોધ કોઈ પણ સ્થળે જાહેર થઈ હતી તે પ્રકારની માહિતી પણ તપાસકર્તા એ ચકાસવાની હોય છે.

આ કલમમાં તપાસકર્તા દ્વારા જે અરજી તપાસ માટે આવેલી છે તે અરજીની સક્ષમતા એટલે કે તે સંપૂર્ણ છે કે નદી તેની કાયદેસરતા એટલે કે શું આવી પેટન્ટ કાયદાની દ્રષ્ટિએ આપી

શકાય કે નહિ તેમજ તે જાહેર જનતામાં જાણીતી છે કે નહીં તે તપાસવાની હોય છે.

આમ તપાસકર્તા એ તપાસ કર્યા બાદ આ પેટન્ટની અરજીની તપાસનો અહેવાલ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને મોકલી આપવાનો હોય છે. જ્યારે આ પ્રકારના અહેવાલ કંટ્રોલ જનરલ ઓફ પેટન્ટને મળે છે ત્યારે કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ આ અહેવાલને કે જે (FIRST EXAMINATION REPORT) તરીકે ઓળખાય છે તેને પેટન્ટની અરજી કરનારને મોકલી આપવામાં આવતો હોય છે. આ પ્રથમ તપાસનો અહેવાલ અરજીકર્તાને આપવાનો હેતુ એટલો જ છે કે આ પ્રથમ તપાસના અહેવાલમાં તપાસકર્તા દ્વારા જે જે ખામીઓ કે જે અધૂરપ દર્શાવેલી છે અથવા જે કોઈ બાબતની સ્પષ્ટીકરણ માંગવામાં આવેલ છે તે બધી જ બાબતોનો જવાબ આપતો રિપોર્ટ પેટન્ટની અરજીકર્તાએ છ માસની અંદર કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને મોકલી આપવાનનો હોય છે. પરંતુ કોઇ કારણસર અરજીકર્તા જો આ અહેવાલ છ માસમાં કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને મોકલે નહિ તો કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ બીજા ત્રણ માસ સુધી આ સમયને વધારી શકે છે. આમ પેટન્ટની તપાસનો પ્રથમ રીપોર્ટ મળ્યાના વધુમાં વધુ નવ માસમાં અરજકર્તા એ પેટન્ટની અરજી બાબતે જે કંઈપણ સ્પષ્ટીકરણ તપાસકર્તાના અહેવાલમાં માંગવામાં આવેલ હોય તે સ્પષ્ટીકરણ કરવાની ફરજ પેટન્ટની અરજી કરનારની છે.

જો કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને એમ લાગે કે કાયદાની જોગવાઇઓ પ્રમાણે આ પેટન્ટની અરજી કરવામાં આવેલ નથી તો કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ આ અરજાને સ્વીકારવાનો ઇન્કાર કરી શકે છે. તેમજ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ આ અરજી સાથે જોડાયેલા દસ્તાવેજો કે તેની સાથેનું કામચલાઉ કે સંપૂર્ણ વિવરણમાં કે અરજીમાં સુધારો કરવાની સૂચના આપી શકે છે. આવી સૂચના આપ્યા બાદ પણ પેટન્ટની અરજોકર્તા જો તે મુજબના સુધારા ન કરવામાં આવે તો કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ તે અરજીને સ્વીકાર કરવાનો ઇનકાર પણ કરી શકે છે.

## 3.4 પ્રિ-ગ્રાન્ટ ઓપોઝિશન :

ભારતીય પેટન્ટ કાયદાની અલગ અલગ જોગવાઇઓમાં પેટન્ટની અરજી કઈ રીતે કરવી તે જણાવેલ છે. તેમજ તે પેટન્ટની અરજી કર્યા બાદ પેટન્ટની અરજીની પ્રસિદ્ધિ થવી જરૂરી છે અને પ્રસિદ્ધિ થયા પછી અરજોકર્તાની વિનંતીથી પેટન્ટની અરજીની તપાસ માટે એટલે કે એક્ઝામિનેશન માટે કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને વિનંતી કરવામાં આવે છે અને કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ આવી પેટન્ટની અરજી પેટન્ટ મેળવવા માટે લાયક છે કે નહીં તેના માટે આવી અરજીને સંપૂર્ણ દસ્તાવેજો સાથે તપાસ માટે મોકલવામાં આવતી હોય છે. આ એક્ઝામિનેશનનો રિપોર્ટ મળ્યા બાદ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ આ પેટન્ટની અરજીને મંજૂર કરવી કે ન કરવી તે ધ્યાનમાં લેવામાં આવતું હોય છે. પરંતુ આ બધા તબક્કાઓની વચ્ચે પણ એક તબક્કો આપવામાં આવેલો છે અને તે તબક્કો વિરોધની અરજી કરાવવા બાબતનો છે. વિરોધની અરજી એટલે કે કોઈપણ વ્યક્તિ જે શોધ માટે પેટન્ટ મેળવવા અરજી કરેલી છે તે બાબતે વિરોધની નોંધણી કરાવી શકે છે. કોઈપણ વ્યક્તિ પેટન્ટ માટેની અરજીને પેટન્ટની મંજૂરી મળે તેમ તે ઈચ્છતો નથી. આ કાયદાની કલમ 25માં પેટન્ટ મંજૂર થયા પહેલાં અને પેટન્ટ મંજૂર થયા પછી ક્યારે વિરોધ નોંધાવી શકાય છે તેની જોગવાઈ કરવામાં આવેલી છે. આ કલમમાં કયા કયા કારણોના આધારે કોઈપણ વ્યક્તિ કોઈ પેટન્ટની અરજી બાબતે વિરોધ નોંધાવી શકે છે તે પણ જણાવવામાં આવેલું છે.

જો ભૂતકાળમાં જોઈએ તો એયંગર કમિટીએ પોતાના સુચનોમાં પણ પ્રિ-ગ્રાન્ટ ઓપોઝિશન અને પોસ્ટ-ગ્રાન્ટ ઓપોઝિશનની વાત કરી છે. તેથી જયારે આ કાયદો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી જ પેટન્ટ મળ્યા પહેલા અને પેટન્ટ મળ્યા બાદ તેનો વિરોધની નોંધણી કરાવવાની

જોગવાઈ આ કાયદામાં કરવામાં આવેલી છે.

પેટન્ટ મળે તે પહેલાં જો કોઈ વ્યક્તિ એ વિરોધ નોંધાવવો હોય તો આ બાબતે વિરોધ નોંધાવી શકે છે. પરંતુ જો એકવાર કોઈને પેટન્ટ મંજૂર કરવામાં આવે અને ત્યારબાદ કોઈ વ્યક્તિ તેનો વિરોધ નોંધાવવા માંગતા હોય તો તે માત્ર તે મંજૂર થયેલી પેટન્ટમાં હિત ધરાવનાર વ્યક્તિ હોવો જોઈએ. કોઈપણ વ્યક્તિ પેટન્ટ મળ્યા બાદ તે પેટન્ટ માટે આ કાયદા નીચે વિરોધ માટેની અરજી ન કરી શકે.

આમ પેટન્ટની પ્રસિદ્ધ થયા બાદ કોઈપણ વ્યક્તિ આ પેટન્ટની શોધની અરજીને મંજૂરી ન મળે તે માટે વિરોધ નોંધાવી શકે છે. તેને પોતાની અરજીની સાથે યોગ્ય પુરાવા પણ જોડવાના હોય છે. પરંતુ આવો વિરોધ નોંધાવ્યો હોય તે અરજીને એક્ઝામીનેશનનો રિપોર્ટ આવ્યા બાદ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. આ પેટન્ટની અરજી માટે વિરોધ નોંધાવવાની અરજી કરવા માટે આ કાયદાના નિયમો મુજબનું ફોર્મ 7 (એ) હેઠળ આપવામાં આવેલા નમુનામાં અરજી કરવાની હોય છે.

❖ **પેટન્ટ મંજૂર થયા પહેલા વિરોધ નોંધણી માટેના કારણો આ મુજબ છે.**

1. પેટન્ટ ખોટી રીતે પ્રાપ્ત કરવામાં આવી હોય :

જે વ્યક્તિએ પેટન્ટ માટે અરજી કરી હોય તે વ્યક્તિએ અથવા તેના વતી કોઈપણ વ્યક્તિ દ્વારા પેટન્ટ મેળવવા માટે હક દાવો કર્યા હોય તો તે શોધ કે તે શોધનો કોઈપણ ભાગ કે જેના માટે હકદાવો કરવામાં આવેલ છે તે ગેરકાયદેસર રીતે પ્રાપ્ત કરવામાં આવ્યો હોય તો તેના માટે વિરોધની નોંધણી માટે અરજી કરી શકાય છે. આમ જ્યારે પેટન્ટકર્તા કે પેટન્ટકર્તા વતી કોઈ વ્યક્તિ દ્વારા જે પેટન્ટ માટે દાવો કરવામાં આવે છે તે પેટન્ટની શોધનો મુખ્ય ભાગ કે તે શોધનો અન્ય કોઈ ભાગ જો ગેરકાયદેસર રીતે એટલે કે દગાથી કે ઉચાપતથી પ્રાપ્ત કરવામાં આવેલ હોય તો તે સંજોગોમાં આ પેટન્ટને મંજૂરી મળે તે પહેલા તેનો માટે વિરોધની અરજી કરી શકાય છે.

2. પૂર્વ પ્રકાશન :

અરજદારે પેટન્ટની શોધ માટે અરજી કરી હોય તે અરજીની તારીખ પહેલા ભારતમાં 1 જાન્યુઆરી 1912ના દિવસે કે તે પછી ભારતમાં કરવામાં આવેલી પેટન્ટની અરજીમાં કે તેના વિવરણમાં આ પેટન્ટની અરજીની શોધ આવી જતી હોય તો તે પેટન્ટની અરજી માટે આ કલમ હેઠળ વિરોધ અરજી કરી શકાય છે. કોઈપણ પેટન્ટની અરજીની પ્રસિદ્ધિ થયેલી છે અને આ પૂર્વ હકદાવો પેટન્ટની નોંધણી માટે જો કોઈ પેટન્ટની અરજીની તારીખ કે તે પછી પ્રસિદ્ધ થયેલ તારીખ પહેલા ભારતમાં પેટન્ટ માટેની અરજી રજૂ કરેલ હોય અને તેના સંપૂર્ણ વિવરણમાં આ પેટન્ટની અરજીનું પૂર્વ પ્રકાશન થયેલું છે તેમ માનવામાં આવે છે. આમ પૂર્વ પ્રકાશન થયેલું હોય તો તે અરજીનો વિરોધ માટેની અરજી કરી શકાય છે.

3. પૂર્વ હકદાવો :

પેટન્ટ અરજીકર્તા દ્વારા જે શોધ માટે અરજી કરવામાં આવેલ છે તે હકદાવાની તારીખ પહેલા રજૂ કરવામાં આવેલી કોઈપણ પેટન્ટની અરજીમાં આ શોધ કે તેના વિવરણમાં આવી જતી હોય તો તે શોધ માટે હાલની પેટન્ટની અરજીથી હકદાવો કરી શકાતો નથી. પેટન્ટની અરજી કરનાર વ્યક્તિની જે શોધ છે તે શોધ ભૂતકાળની કોઈ શોધ સાથે મળતી આવતી હોય અને તેના માટે જો પેટન્ટ અરજીકર્તા અગાઉ કોઈએ હક દાવાની માંગણી કરી હોય તો તે

સંજોગોમાં તે વિરોધની નોંધણી માટેનું કારણ બની શકે છે.

4. જાહેર અને ઉપયોગ :

જે પેટન્ટની અરજી માટે દાવો કરવામાં આવેલ છે તે ભારતમાં જાણીતી હોય અથવા ભારતમાં તેનો ઉપયોગ થયો હોય તો તે વિરોધ માટેનું કારણ બને છે. જો આવી અરજી કોઈ પ્રક્રિયા માટે હોય અને તે પ્રક્રિયા આવી અરજી કર્યાના પહેલાથી જાણીતી હોય અથવા ઉપયોગમાં હોય અથવા તે પ્રકિયાની શોધથી જે પ્રોડક્ટ બનાવવામાં આવેલ છે તે ભારતમાં આયાત કરેલી હોય તો તે સંજોગોમાં વિરોધની નોંધણી માટે આ કલમ હેઠળ અરજી કરી શકાય છે.

5. સ્પષ્ટ અને સંશોધનાત્મક પગલું ન ધરાવતું હોય :

જ્યારે કોઈ શોધ માટે અરજી કરવામાં આવેલી છે તે સ્પષ્ટ હોય અને ચોક્કસ રીતે કોઈ સંશોધનાત્મક પગલું ધરાવતું ન હોય તો તેવા સંજોગોમાં વિરોધની અરજી કરી શકાય છે. ક્યારેક શોધ માટે જે સંપૂર્ણ વિવરણ કરવામાં આવેલ છે તે સ્પષ્ટ હોય એટલે કે તેમાં કંઈ નવીનતા ન હોય અથવા હાલમાં અસ્તિત્વમાં જ હોય કે જેને સામાન્ય વ્યક્તિ પણ જોઈ શકતો હોય તો તે સંજોગોમાં તે શોધને શોધ તરીકે ગણી શકાતી નથી. તેમજ કોઈ શોધમાં કંઈપણ નવું ન હોય કે તે શોધમાં કોઈપણ સંશોધનાત્મક પગલાંઓ સમાવેશ થતો ન હોય કે તેમાં કોઈ વૃદ્ધિથઇ ન હોય તો આવી શોધ પણ શોધ ગણવામાં આવતી નથી. ભારતમાં પહેલાથી જ ઉપયોગમાં હોય અને જાહેરમાં હોય તે પ્રકારની શોધ કોઈ સ્પષ્ટ રીતે કે કોઈ સંશોધનાત્મક પગલું ન ધરાવતું હોય તો આ કલમ નીચે વિરોધ માટેની અરજી કરી શકાય છે. શોધમાં કંઈક નવીનતા હોવી જોઈએ. તેનાથી જાહેર જનતાને જે હાલમાં ઉપયોગ કરે છે તેનાથી તેના ઉપયોગમાં વધારો થયેલ હોય તો તે શોધને શોધ ગણી શકાય છે. આમ સૂક્ષ્મ સુધારાથી વસ્તુમાં વધારો થયો છે કે શોધ થઈ છે તેમ કહી શકાતું નથી.

6. શોધ ન હોય :

આ કાયદાની અન્ય જોગવાઈઓમાં શોધ શું છે તેનો અર્થ આપવામાં આવેલો છે. તે અર્થ મુજબ પેટન્ટકર્તાની અરજી શોધ ન હોય અને પેટન્ટ થવાને પાત્ર ન હોય તો આવી અરજીના વિરોધમાં માટે આ કાયદાની જોગવાઇ મુજબ વિરોધની અરજી દાખલ કરી શકાય છે.

7. અપૂરતી માહિતી :

આ પ્રકારની અરજી પેટન્ટ માટે કરવામાં આવે છે ત્યારે તે અરજીના સંપૂર્ણ વિવરણમાં પૂરતા પ્રમાણમાં અને ચોક્કસ રીતે શોધનું વર્ણન કરતું ન હોય અથવા આ શોધનો ઉપયોગ કઈ પદ્ધતિ દ્વારા કરવામાં આવશે તે પણ તેમાં જણાવ્યું ન હોય તો તે સંજોગોમાં તેના વિરોધ માટે અરજી દાખલ કરી શકાય છે. કોઈપણ શોધની પેટન્ટ આપવાનો હેતુ જાહેર જનતાને તે શોધ ઉપયોગી બને તેવો હોય છે. પરંતુ તેના ઉપયોગ માટે જે પદ્ધતિ છે તે પદ્ધતિ અરજીમાં કે સંપૂર્ણ વિવરણમાં આપવામાં આવેલી ન હોય તો તે શોધની પેટન્ટ માટેની અરજીને મંજૂરી આપવાનો કોઈ અર્થ રહેતો નથી તેથી તેનો વિરોધ માટેની અરજી કરી શકાય છે.

8. માહિતી આપવામાં નિષ્ફળ :

જ્યારે પેટન્ટકર્તા એ પેટન્ટની મંજૂરી માટે અરજી કરી હોય ત્યારે આ કાયદાની કલમ 8 નીચે જે જે માહિતી તેને કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને આપવાની હોય છે તે માહિતી આપવામાં તે નિષ્ફળ ગયેલ હોય તેમજ તેને જે માહિતી આપેલી છે તે માહિતી તેના જ્ઞાન મુજબ તે ખોટી હોય તો તે સંજોગોમાં વિરોધ માટેની અરજી કરી શકાતી હોય છે. જ્યારે અરજીકરનારે પેટન્ટની

અરજી હેઠળ ફરજીયાત માહિતી આપવાની જગ્યાએ છે તે મુજબની માહિતી આપી જ ન હોય તેમજ તે જાણે છે કે અમુક માહિતી ખોટી છે તેમ છતાં તે માહિતી જો કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને આપવામાં આવે તો તે સંજોગોમાં કોઈ પણ વ્યક્તિ આ જ પેટન્ટની નોંધણીનો માટે વિરોધ કરતી અરજી કરી શકે છે.

9. કન્વેન્શનલ અરજી :

CONVENTIONAL અરજી એટલે કે સંબંધિત દેશો સાથે જે સમજૂતી થઇ હોય તે દેશના કોઈ વ્યક્તિએ તે સંબંધિત દેશમાં પ્રથમ અરજી કર્યાના બાર માસમાં જો પેટન્ટની મંજૂરી માટે ભારતમાં અરજી કરવામાં ન આવે તો તે વિરોધનું કારણ બની શકે છે. ભારતે જે સમજૂતી પર સહી કરી હોય તે સમજુતીના સભ્ય દેશોના શોધકર્તાઓ દ્વારા ભારતમાં પેટન્ટ મેળવવા અરજી કરવામાં આવે તો તે અરજે તેને તેના દેશમાં પેટન્ટના રક્ષણ માટે કરી હોય તેના 12 માંસની અંદર ભારતમાં કરવી જોઈએ. જો તેમ કરવામાં ન આવે તો તે વિરોધ અરજી થઇ શકે છે.

10. સ્ત્રોતની માહિતી :

જ્યારે પેટન્ટકર્તાએ પેટન્ટ મેળવવા માટે અરજી કરી હોય ત્યારે તેને તેની સંપૂર્ણ વિવરણમાં આ શોધ માટે જૈવીક સાધનોનો સ્ત્રોત કે ભૌગોલિક મૂળ તેના સંપૂર્ણ વિવરણમાં બતાવવામાં નિષ્ફળ ગયેલ હોય કે ખોટી માહિતી આપી હોય તો તેના માટે વિરોધની અરજી થઈ શકે છે.

11. સ્થાનિકમાં જાણીતી :

જે શોધની પેટન્ટમાટે અરજી કરવામાં આવી છે તે ભારતમાં કે અન્ય કોઈપણ સ્થળે સંપૂર્ણ વિવરણમાં જે હકદાવો કરવામાં આવેલ છે તે સ્થાનિક કક્ષાએ કે કોઇ સમુદાયમાં મૌખિક રીતે કે અન્ય બીજી કોઈ રીતે જાણીતી હોય કે તે અપેક્ષિત હોય તો તે સંજોગોમાં કરવામાં આવેલ હોય તો તે વિરોધને પાત્ર બને છે. આમ જ્યારે ભારતમાં મૌખિક રીતે કે બીજી કોઇપણ રીતે જે પેટન્ટની અરજીમાં કે સંપૂર્ણ વિવરણમાં જે અગાઉ કરવામાં આવેલી છે તે સ્થાનિક કક્ષાએથી કે કોઈ એક સમુદાયમાં અપેક્ષિત હોય તો તે સંજોગોમાં તેનો વિરોધ કરી શકાય છે.

જે કોઈ પણ વ્યક્તિ આવી વિરોધની અરજીના પેટન્ટ મંજૂર થયા પહેલા વિરોધની નોંધણી નોંધાવવા માંગતા હોય તેને કાયદાની કલમ 25(1) નીચે જે કારણો આપવામાં આવેલા છે તે કારણોને આધીન પોતાની અરજી કરવાની હોય છે. વિરોધકર્તાએ પોતાની અરજીમાં જે કારણોનો આધાર લીધો છે તે કારણો બાબતેના સંપૂર્ણ પુરાવા પોતાની અરજી સાથે જોડવાના હોય છે. કોઈપણ વ્યક્તિ કોઈ પેટન્ટને બદ-ઈરાદાથી મંજૂર થતા અટકાવવા માટે આ કલમનો ઉપયોગ કરી શકતી નથી. તેથી વિરોધની અરજી કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને પુરાવા સાથે કરવાની હોય છે. પેટન્ટ મંજૂર થયા પહેલાંના વિરોધની અરજીને આ કાયદાની કલમ 11 (એ) તથા કલમ 25(1) અને નિયમ 55 સ્પર્શ કરે છે.

## 3.5 પોસ્ટ ગ્રાન્ટ ઓપોઝિશન :

ભારત પેટન્ટ એક્ટની કલમ 25(2)માં પેટન્ટ મંજૂર થયા પછી પણ જો કોઈ વ્યક્તિ કે જે તે પોતે આવી મંજૂર થયેલી પેટન્ટમાં હિત ધરાવતી હોય તો તે મંજૂર થયેલી પેટન્ટનો વિરોધ કરાવવા માટે વિરોધ અરજી કરી શકે છે. આ પ્રકારની અરજી કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને આપવાની હોય છે. આ પ્રકારની અરજી પેટન્ટની મંજૂરી મળ્યા બાદ જ કરી શકાતી હોય છે. પેટન્ટની અરજી દાખલ કરેથી પેટન્ટની અરજી મંજૂર થાય તો જ વિરોધની અરજી થઇ શકે છે. પરંતુ જો પેટન્ટની અરજી રદ થાય તો આવી વિરોધની અરજી કરવાનો કોઈ અર્થ રહેતો નથી.

તેથી આ કાયદામાં કયા કયા કારણસર પેટન્ટ મંજૂર થયા બાદ તેનો વિરોધ કરી શકાય છે તે કલમ 25(2)માં જણાવવામાં આવેલ છે. જે પેટન્ટને પેટન્ટ ઓફિસ દ્વારા મંજૂરી આપવામાં આવેલી છે અને તેની પ્રસિદ્ધિ થયાના બાર માસમાં કોઈ હિત ધરાવનાર વ્યક્તિ મંજૂર થયેલ પેટન્ટના વિરોધ માટે કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને ચોક્કસ ફોર્મમાં વિરોધની અરજી કરી શકે છે.

કલમ 25(2)માં આ માટે વિવિધ પ્રકારના કારણો આપવામાં આવેલ છે. જે કારણોને આધિન કોઈપણ હિત ધરાવનાર વ્યક્તિ પેટન્ટના વિરોધ માટે અરજી કરી શકે છે. આ કલમ જે કારણો આપવામાં આવેલા છે તે બધા જ કારણો કલમ 25(1) નીચે આપવામાં આવેલા કારણો છે. તેથી પેટન્ટ મંજૂર થયા પહેલાં જે જે કારણોના આધારે વિરોધની અરજી થઈ શકે છે તે જ કારણ નીચે પેટન્ટ મંજૂર થયા બાદ પણ વિરોધ નોંધાવી શકાય છે. જેથી આ બધાં જ કારણો સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

1. અરજી કરનાર વ્યક્તિએ જે પેટન્ટ મેળવવા માટે અરજી કરી છે તે ગેરકાયદેસર રીતે પ્રાપ્ત કરી હોય તો મંજૂર થયા બાદ તેનો વિરોધ નોંધાવી શકાય છે.

2. જે પેટન્ટનું સંપૂર્ણ વિવરણ હકદાવા માટે અરજી કરી છે તે શોધ અરજી કર્યા તારીખ પહેલા અન્ય કોઈ પેટન્ટની અરજીના વિવરણમાં આવી જતી હોય તો તે સંજોગોમાં આ પેટન્ટનું પૂર્વ પ્રકાશન થયેલું છે અને તેનો વિરોધ નોંધાવતી અરજી પેટન્ટ મળ્યા બાદ પણ નોંધાવી શકાય છે.

3. પેટન્ટની અરજી કરનાર વ્યક્તિએ જે સંપૂર્ણ વિવરણના હકદાવા માટે અરજી કરેલ છે તેની તારીખ પહેલા જો કોઈ શોધ માટે સંપૂર્ણ વિવરણનો દાવો કરવામાં આવેલ હોય તો આ શોધ પહેલાના વિવરણમાં હોય તો પેટન્ટ મંજૂર થયા બાદ પણ વિરોધની નોંધણી કરાવી શકાય છે.

4. જે પેટન્ટ માટે અરજી કરવામાં આવેલ છે તે ભારતમાં જાણીતી છે અને તે ઉપયોગમાં લેવાય છે તો તે સંજોગોમાં પેટન્ટ મળ્યા બાદ તેનું વિરોધ લાવી શકાય છે.

5. જે પેટન્ટની અરજીમાં શોધ માટે સંપૂર્ણ વિવરણનો હકદાવો કરવામાં આવેલ છે તે સ્પષ્ટ હોય અને તેમાં કોઈ નવીનતા ન હોય તેમ જ કોઈ સંશોધનાત્મક પગલું ન હોય તો તે સંજોગોમાં પેટન્ટ મંજૂર થયેલી હોય તો તે મંજૂર થયા બાદ પણ વિરોધ નોંધાવી શકાય છે.

6. પેટન્ટ મેળવવા માટે જે સંપૂર્ણ વિવરણનું વર્ણન કરવામાં આવેલ છે તે આ કાયદાની જોગવાઈઓને આધીન શોધ જ ન હતી તેમજ તે શોધને પેટન્ટ મળવાપાત્ર નથી તો તે સંજોગોમાં પેટન્ટ મંજૂર થઈ હોય તો તેને વિરોધથી કરી શકાય છે.

7. જે સંપૂર્ણ વિવરણમાં શોધનું વર્ણન કે તે શોધનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવશે તે ચોક્કસ રીતે કે પૂરતા પ્રમાણમાં દર્શાવતું નથી તો પેટન્ટ મળ્યા બાદ પણ તેનો વિરોધ અરજી કરી શકાય છે.

8. પેટન્ટની અરજી કરનારે જે જરૂરી માહિતી કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને આપવાની છે તે જાહેર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તો તે સંજોગોમાં પેટન્ટ મળ્યા બાદ પણ તેનો વિરોધ નોંધાવી શકાય છે.

9. સમજુતી દેશના કોઈ વ્યક્તિએ સંબંધિત દેશમાં પ્રથમ પેટન્ટ મેળવવા માટે અરજી

કરી હોય તેના બાર માસના સમયગાળામાં ભારતમાં અરજી ન કરી તો તે સંજોગોમાં પેટન્ટ મળ્યા બાદ પણ તેનો વિરોધ અરજી કરી શકાય છે.

10. પેટન્ટ અરજીકર્તાએ જૈવિક સામગ્રીનો ઉપયોગ કરેલ છે. તે સામગ્રીના સ્રોત અને ભૌગોલિક મૂળ તેને સંપૂર્ણ વિવરણમાં જણાવવાનું હોય છે. જો તે જણાવવામાં નિષ્ફળ જાય તો પેટન્ટ મળ્યા બાદ પણ તેનો વિરોધ કરી શકાય છે.

11. પેટન્ટ માટે અરજી કરવામાં આવી છે તે ભારતમાં કે અન્ય સ્થાનિક રીતે કે સમુદાયમાં મૌખિક રીતે કે અન્ય રીતે જાણીતી છે તો તે સંજોગોમાં પેટન્ટની મંજૂરી મળી હોય તો તે મંજૂરીને વિરોધ કરી શકાય છે.

આમ આ ઉપર જણાવેલા 11 કારણો હેઠળ કોઈ શોધને પેટન્ટ પ્રાપ્ત થઈ હોય તો તે પેટન્ટના વિરોધ માટે કલમ 25(2) નીચે હિત ધરાવનાર વ્યક્તિ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને અરજી કરી શકે છે.

જ્યારે આ રીતે પેટન્ટને મંજૂર થયા બાદ પેટન્ટની વિરોધની અરજી કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને મળે તો તે સંજોગોમાં આવી વિરોધની અરજી જ્યારે મળે ત્યારે તે પેટન્ટ મંજૂર થયાના એક વર્ષની અંદર અને નિયત નમૂના નંબર 7 ના પત્રકમાં કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને કરેલી હોવી જોઈએ. આ વિરોધની અરજી અરજીકર્તાએ પોતાનું નિવેદન અને સંબંધિત પુરાવાઓ પણ રજૂ કરવાના હોય છે.

આવી અરજે જ્યારે કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ મળે છે ત્યારે તે આવી અરજી પેટન્ટની મંજૂરી જેને આપવામાં આવેલ છે તેને જાણ કરે છે. ત્યારબાદ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ આવી વિરોધની અરજી મળે ત્યારે લેખિતમાં એક બોર્ડની રચના કરે છે અને આ બોર્ડમાં ત્રણ સભ્યો હોય છે જેમાં એક ચેરમેન હોય છે. સામાન્ય રીતે જે તપાસકર્તા એ આ પેટન્ટની અરજીની તપાસ કરી હોય તે આ બોર્ડમાં સભ્ય તરીકે કામગીરી કરી શકતા નથી.

આમ બોર્ડની રચના કર્યા બાદ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ નોટિસ સહિતના બધા જ દસ્તાવેજો વિરોધ બોર્ડને તપાસ માટે મોકલી આપે છે અને એ દસ્તાવેજોના આધારે આ બોર્ડ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને પોતાના સૂચનો કરે છે.

આવું વિરોધ બોર્ડ જે પેટન્ટ માટે વિરોધ કરતી અરજી મળી હોય તેના સંદર્ભ નક્કી કરવામાં આવેલી કાર્યવાહી મુજબ તપાસ કરતી હોય છે. આવી તપાસમાં પેટન્ટ ધરાવનાર વ્યક્તિ પણ પોતાનું સ્ટેટમેન્ટ અને પોતાના પુરાવાઓ રજૂ કરી શકે છે. આવા પુરાવા અને રજૂઆતો બાદ જે વ્યક્તિએ વિરોધ માટે અરજી કરી છે તે વ્યક્તિ પોતાનો વધુ પુરાવો વિરોધ બોર્ડને આપી શકે છે. વિરોધ બોર્ડ બંને પક્ષકારોને સાંભળવાની તક આપ્યા પછી જ પોતાનો અંતિમ નિર્ણય જાહેર કરે છે. આમ આ બોર્ડ બધા જ પક્ષકારોને સાંભળવાની તક આપ્યા બાદ પોતાના ઓર્ડરમાં કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને જરૂરી સૂચનો કરે છે.

જે સૂચનો બોર્ડ દ્વારા કર્યા પછી તે સૂચનોના આધારે કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ મંજૂર થયેલી પેટન્ટ મંજૂર રાખી શકે છે, તેમાં સુધારો કરવાનું કહી શકે છે અથવા તે પેટન્ટને રદ પણ કરી શકે છે.

આમ પેટન્ટ મંજૂર થયા બાદ જ્યારે કોઈ હિત ધરાવનાર વ્યક્તિ તેની વિરુદ્ધ અરજી કરે તો તે અરજીનો નિકાલ આ કાયદાની જોગવાઈ મુજબ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા કરવાનો હોય છે.

પેટન્ટને મંજૂરી મળ્યા બાદ વિરોધ માટે જે અરજી કરવામાં આવે છે તે અરજી આ કાયદાની વિવિધ જોગવાઈઓને સ્પર્શ કરે છે જેમ કે આ કાયદાની કલમ 2 (1)(ટી) તેમજ કલમ 25(2) અને 127 અને ફોર્મ 7 નો સમાવેશ થાય છે. તેમજ જે વિરોધ બોર્ડની રચના કરવામાં આવે છે તે રચના નિયમ 56 57 58 59 60 ને સ્પર્શ કરે છે. તેમજ પક્ષકારોને જે સાંભળવાની તક આપવામાં આવે છે તે નિયમ 62 નીચે આપવામાં આવે છે.

આમ ઉપર મુજબની સમયમર્યાદા પેટન્ટના કાયદામાં તેમજ તે કાયદા નીચે બનાવેલા નિયમોમાં આપેલ છે. જે કોઈ વ્યક્તિ પેટન્ટ મેળવવા માંગતી હોય તેને આ કાયદા હેઠળ આપવામાં આવેલી સમય મર્યાદાનું પાલન કરવાનું હોય છે.

## 3.7 સારાંશ

ભારતમાં પેટન્ટની કાર્યવાહી ઉદ્યોગ અને ટેક્નોલોજીના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પેટન્ટ નિયમો અને પ્રોસેસીસ ભારતના બૌદ્ધિક સંપત્તિ કાનૂનમાં વધુ સુરક્ષા લાવવા માટે રચાયેલ છે, ખાસ કરીને સાઈબર સિક્યુરિટી અને સાઈબર ક્રાઈમના ક્ષેત્રમાં. પેટન્ટ હક્કો માન્યતા અને સુરક્ષા દ્વારા નવીનતાને પ્રોત્સાહન આપે છે, અને આ હક્કો ઉદ્યોગોને ઉચ્ચ સ્તરે પાયો પૂરવામાં મદદ કરે છે. ડિજિટલ યુગમાં, પેટન્ટની અસરકારક કામગીરી સાઈબર જોખમો સામે દૃઢતા વધારવા અને નવા ઉકેલો રજૂ કરવા માટે એક મુખ્ય પગલું છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો :

❖ **સવિસ્તાર સમજાવો :**

1. ભારતીય પેટન્ટ ધારા હેઠળ પોસ્ટ-ગ્રાન્ટ ઓપોઝિશનની વિસ્તૃત ચર્ચા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. ભારતીય પેટન્ટ એક્ટ નીચે પેટન્ટ મેળવવા માટેની અરજીથી પ્રકાશન સુધીની જોગવાઈઓ સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. પેટન્ટ કાયદા હેઠળ પેટન્ટને રદ ક્યારે કરાવી 3શકાય છે તે સમજાવો.

..........................................................................

..........................................................................

## 3.6 પેટન્ટ પ્રોસિક્યુશન માટેનો સમયગાળો :

| ક્રમ | વિગત | સમયમર્યાદા |
|---|---|---|
| 1 | પેટન્ટ કરવાનો અધિકારપત્ર | અરજી કર્યા તારીખથી 6 માસમાં |
| 2 | વિદેશી અરજીનું નિવેદન અને બાંહેધરી | અરજી કર્યા તારીખથી 6 માસમાં |
| 3 | કામચલાઉ વિવરણ બાદ સંપૂર્ણ વિવરણનું ફાઈલિંગ | કામચલાઉ વિવરણ આપેથી 12 માસમાં |
| 4 | જૈવિક સામગ્રી જમા કરાવવાનો સમય | અરજી દાખલ કર્યા તારીખથી 3 માસમાં |
| 5 | કન્વેન્શન અરજી | મૂળ અરજી દાખલ કરેથી 12 માસમાં |
| 6 | કન્વેન્શન અરજી (કોગ્નેટ) | સૌથી પહેલા દાખલ કરેલી અરજીની તારીખથી 12 માસમાં |
| 7 | પેટન્ટ કન્વેન્શન ટ્રેટી હેઠળ રાષ્ટ્રીય ફેઝની અરજી | અગ્ર તારીખથી 31 માસમાં |
| 8 | અરજીની પ્રસિદ્ધિ | અરજી કર્યા તારીખથી 18 માસ પુરા થયા બાદ એક માસની અંદર અથવા તો પહેલા પ્રસિદ્ધિ કરવાની વિનંતીના એક માસમાં |
| 9 | જાહેર પ્રસિદ્ધિને અટકાવવા માટે વિડ્રો અરજી | અરજી દાખલ કરેથી 15 માસમાં |
| 10 | પેટન્ટ અરજીને પાછી ખેચવા માટે | અરજી મંજૂર ન થયાના ગમે ત્યારે પહેલા |
| 11 | તપાસ માટેની વિનંતી | અરજી કરેથી 48 માસમાં |
| 12 | તપાસ માટેની વિનંતી કે જયાં ગુપ્તતા જાળવવાના | અરજી દાખલ કરેથી 48 માસમાં અથવા આવી ગુપ્તતાના આદેશને રદ થયેથી 6 માસ માં |
| 13 | તપાસકર્તા એ તપાસના અહેવાલનો સમય | આવી તપાસની અરજીના દસ્તાવેજો મળેથી એક માસમાં અને વધુમાં વધુ 3 માસમાં |
| 14 | નિયામક દ્વારા તપાસના અહેવાલનો નિકાલ | તપાસનો અહેવાલ મળેથી એક માસમાં |
| 15 | પ્રથમ તપાસનો અહેવાલ અરજદારને મોકલવાનો | નિયામકે આ અહેવાલના નિકાલ કર્યાના એક માસમાં |
| 16 | અરજદારે પ્રથમ તપાસના અહેવાલ મુજબની પૂર્તતા | પ્રથમ તપાસનો અહેવાલ મળેથી 6 માસમાં |
| 17 | પ્રથમ તપાસના અહેવાલની અધૂરપોની પૂર્તતા માટે વધારાનો સમય | કન્ટ્રોલર ઓફ પેટન્ટ ને વિનંતીથી વધુમાં વધુ 3 માસ |
| 18 | પેટન્ટ મંજૂર થયા પહેલાની વિરોધની અરજી 19 | પેટન્ટ મંજૂર થાય તે પહેલા ગમે ત્યારે |
| 19 | અરજદારને જવાબ અને પુરાવા આપવા માટે | કન્ટ્રોલર ઓફ પેટન્ટની નોટિસ મળેથી 3 માસમાં |
| 20 | પેટન્ટ મંજૂર થયા પહેલાના વિરોધની અરજીનો નિર્ણય | કાર્યવાહી પુરી થયાના એક માસમાં |
| 21 | પેટન્ટ મંજૂર થયા બાદની વિરોધની અરજી | પેટન્ટ મંજૂર થયેથી 12 માસમાં |
| 22 | પેટન્ટ ધરાવનારનો જવાબ | પેટન્ટ વિરોધની અરજી કરનારનો જવાબ મળેથી 2 માસમાં |
| 23 | સામાવાળાનો પુરાવો | પેટન્ટ ધરાવનારના જવાબ મળેથી 1 માસમાં |
| 24 | ઓપોઝિશન (વિરોધનો) બોર્ડના સૂચનો | વિરોધ અરજીના પેટન્ટ ઓફિસમાંથી દસ્તાવેજો મળેથી 3 માસમાં |
| 25 | વિદેશમાં અરજી દાખલ કરવાની મંજૂરીની અરજીનો કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા નિકાલ | આવી અરજી કરેથી 21 દિવસમાં |

........................................................................

........................................................................

........................................................................

4. પેટન્ટના કાયદા હેઠળ રચવામાં આવેલ વિરોધ બોર્ડનો સવિસ્તાર સમજાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

❖ **ટૂંકમાં જવાબ આપો :**

1. પ્રકાશન એટલે શું ?

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

2. પ્રથમ તપાસનો અહેવાલ કોને કહેવાય ?

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

3. વિવરણ એટલે શું ?

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

4. પેટન મંજૂર થયા બાદ વિરોધની અરજી કેટલા સમયમાં કરી શકાય છે.

........................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

5. પેટન્ટ ધારાની કલમ 35ની જોગવાઈ શું કહે છે.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

❖ **બહુવિકલ્પ પ્રશ્નો :**

1. પેટન્ટ ધારાની નીચેના માંથી કઈ કલમ પ્રકાશન સાથે સંકળાયેલ છે. ?

   અ. કલમ 9 બ. કલમ 10

   ક. કલમ 11 ડ. કલમ 12

2. તપાસ માટેની વિનંતીની અરજી અરજી કર્યા તારીખથી કેટલા માસમાં કરી શકાય છે ?

   અ. 24 માસ બ. 36 માસ

   ક. 48 માસ ડ. 60 માસ

3. પ્રિ-ગ્રાન્ટ ઓપોઝિશનની જોગવાઈ પેટન્ટ ધારાની કઈ કલમમાં આપવામાં આવેલી છે ?

   અ. કલમ 24(1) બ. કલમ 25(1)

   ક. કલમ 26(1) ડ. કલમ 27(1)

4. પેટન્ટ ધારા હેઠળ વિરોધ બોર્ડની રચના કોના દ્વારા કરવામાં આવે છે ?

   અ. રાજ્યના મુખ્ય સચિવ

   બ. રાજ્યના સ્વસ્થ વિભાગના સચિવ

   ક. કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ

   ડ. ઉપરમાંથી એક પણ નહિ

5. વિરોધ માટેની અરજી ક્યાં નંબરના ફોર્મમાં કરવાની હોય છે ?

   અ. ફોર્મ 6 બ. ફોર્મ 7

   ક. ફોર્મ 8 ડ. ફોર્મ 9

6. ભારતમાં પેટન્ટની મુખ્ય ઓફિસ ક્યાં આવેલી છે ?

અ. અમદાવાદ    બ. દિલ્હી

ક. કોલકત્તા    ડ. મુંબઈ

## 3.9 ચાવીરૂપ શબ્દો

- **પેટન્ટ પ્રોસિકયુશન :** પેટન્ટ ના કાયદા મુજબ પેટન્ટ મેળવવાની પ્રક્રિયા પ્રિગ્રાન્ટ ઓપોજીશન : કોઈ પણ પેટન્ટ મંજૂર થયા પેહલા જો પેટન્ટની અરજી બાબતે વાંધો હોય તો તેને પ્રિગ્રાન્ટ ઓપોજીશન તરીકે ઓળખાય છે.
- **સંપૂર્ણ વિવરણઃ** ટેકનો લીગલ દસ્તાવેજ છે જેમાં પેટન્ટ ની શોધ બાબતે અને તેના ઉપયોગ કઈ રીતે થાય તેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હોય છે.

## 3.10 સંદર્ભ સૂચિ


1. બૌદ્ધિક સંપત્તિનો કાયદો. સી જમનાદાસ કંપની
2. Intellectual Property law by Avtar Singh, Eastern book company
3. Intellectual Property Law by P Narayanan, Eastern Law House
4. Supreme Court on Intellectural Property by Surendra Malik and Sudeep Malik, Eastern Book Company
5. All India Reporter
6. Law of Intellectual Property by S R Myneni, Asia Law House
7. Law and practice of Intellectual property, Bharat Law House, Delhi


****************

એકમ 4

# ભારતીય પેટન્ટ ધારા હેઠળની મુખ્ય જોગવાઈઓ

-: રૂપરેખા :-


**4.0 ઉદ્દેશ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 પેટન્ટ ધરાવનારના અધિકારો કલમ-48**

**4.3 કાર્યાન્વિત પેટન્ટ કલમ-83**

**4.4 ફરજિયાત પરવાનો કલમ-84**

**4.5 પેટન્ટનું રદ્દીકરણ કલમ-64**

**4.6 પેટન્ટ રદ કરવાના કારણો કલમ-64**

**4.7 સારાંશ**

**4.8 તમારી પ્રગતિ ચકાસો**

**4.9 ચાવીરૂપ શબ્દો**

**4.10 સંદર્ભ સૂચિ**


## 4.0 ઉદ્દેશ :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- પેટન્ટ ધરાવનારના અધિકારો કલમ-૪૮ અને કાર્યાન્વિત પેટન્ટ કલમ-૮૩ સમજી શકશો.
- ફરજિયાત પરવાનો કલમ-૮૪ અને પેટન્ટનું રદ્દીકરણ કલમ-૬૪ સમજી શકશો.
- પેટન્ટ રદ કરવાના કારણો કલમ-૬૪નું વર્ણન કરી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

ભારતીય પેટન્ટ એકટ નીચે જે વ્યક્તિ કે સંસ્થા કે કંપની પેટન્ટ ધરાવતી હોય તેમને આ કાયદા નીચે કેટલાક અધિકારો આપવામાં આવે છે. પેટન્ટ ધરાવનારે પોતાની નવી શોધ માટે મહેનત કરી હોય છે. તેમજ તેની સાથે પોતાના સમયનો ખર્ચ કર્યો હોય છે અને તેને આ શોધ માટે નાણાકીય ખર્ચ પણ કરેલ હોય છે.આ સાથે સાથે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને એક નવી શોધ કરેલી હોય છે. ભારતીય પેટન્ટના કાયદામાં એવી ઘણી મહત્ત્વની કલમો આપવામાં આવેલ છે કે જેનાથી પેટન્ટને ભારતમાં કઈ રીતે લાગુ કરવામાં આવે છે અને તેનાથી શું અસરો ઉત્પન થાય છે તે જાણી શકાય છે.

આમ કોઈપણ વસ્તુની શોધ કરવા માટે શોધકર્તા એ ખૂબ જ મહેનત કરી હોય છે અને તે મહેનતના બદલામાં તેને અમુક ચોક્કસ પ્રકારનું વળતર પણ મળવું જ જોઈએ. આ પ્રકારનું તેને વળતર કે રક્ષણ આપવામાં ન આવે તો શોધકર્તા વ્યક્તિને આ પ્રકારની શોધ કરવા

માટે જે પ્રોત્સાહન મળે છે તે પ્રોત્સાહન મળતું બંધ થઈ જાય છે અને તેથી તે ભવિષ્યમાં આ પ્રકારની શોધ કરતા અટકે છે અથવા તો ખચકાટ અનુભવે છે. તેથી જે ભવિષ્યમાં નવી શોધ થવાની છે તે માટેના દરવાજા હંમેશાં માટે બંધ થઈ જાય છે.

## 4.2 પેટન્ટ ધરાવનારના અધિકારો કલમ-48 :

પેટન્ટના કાયદામાં પેટન્ટ એ એક અધિકાર તરીકે આપવામાં આવેલો છે પણ તે અધિકાર સંપૂર્ણ અધિકાર નથી. ભારતીય પેટન્ટ કાયદાની અંદર પેટન્ટ ધરાવનાર વ્યક્તિના હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે સાથે સાથે સામાન્ય જનતાના હિતોનું પણ રક્ષણ કરવામાં આવેલ છે. પેટન્ટ એ કોઈપણ પ્રકારની ઈજારો નથી. આ પ્રકારનું રક્ષણ પેટન્ટ ધરાવનાર વ્યક્તિને આપવામાં આવે છે પણ આ રક્ષણ અમુક મર્યાદાઓને આધીન આપવામાં આવેલ છે. એટલે કે તે આ પેટન્ટ પ્રાપ્ત થયેલી વસ્તુનો અબાધિત અધિકાર ઉપયોગ કરી શકે છે પણ તે અધિકાર સંપૂર્ણ અધિકાર નથી. સરકાર આ કાયદાની જોગવાઈઓને આધીન પેટન્ટ ધરાવનારના અધિકારોને મર્યાદિત કરી શકે છે.

પેટન્ટના કાયદાનો મુખ્ય ઉદ્દેશ આધુનિક સમયમાં જે ફેરફાર થાય છે તેમજ ટેકનોલોજીના વિકાસ માટે અને નવી નવી ટેકનોલોજીની શોધ કરવા માટે પેટન્ટનો કાયદો ખૂબ જ મહત્ત્વનું બની રહે છે

આ કાયદા નીચે મંજૂર થયેલી પેટન્ટનો જો કોઈ વ્યક્તિ પેટન્ટ ધરાવનારની મંજૂરી વગર ઉપયોગ કરવામાં આવે તો પેટન્ટનો ભંગ ગણાય અને તે બદલ તે વ્યક્તિ વિરુદ્ધમાં પણ આ કાયદા હેઠળ પગલાં લેવાની જોગવાઈ કરવામાં આવી છે. પેટન્ટની સમયમર્યાદા 20 વર્ષે માટે આપવામાં આવેલ છે. આ સમય દરમિયાન પેટન્ટ ધરાવનાર વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે છે, ઉત્પાદન કરી શકે, વેચાણ કે વેચાણની સમજૂતી કરી શકે અથવા તે વસ્તુને પરદેશમાંથી આયાત પણ કરી શકવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. આમ પેટન્ટ ધરાવનાર 20 વર્ષ સુધી તે આ વસ્તુઓનો ઉપયોગ કરવા માટેનો અધિકાર મેળવે છે. (TRIPS) સમજૂતીના આર્ટિકલ 28માં પણ પેટન્ટના અધિકાર બાબતે વાત કરવામાં આવી છે. આ સમજૂતી હેઠળ જણાવવામાં આવ્યું છે કે જ્યારે કોઈ પ્રોડક્ટ માટે પેટન્ટ આપવામાં આવી હોય ત્યારે કોઈ પણ ત્રીજી વ્યક્તિ પેટન્ટ ધરાવનારની મંજૂરી વગર તે વસ્તુનું બનાવી શકતી નથી તેનો ઉપયોગ નથી કરી શકતી કે તેને વેચાણ માટે મૂકી શકતી નથી અથવા તેને આયાત પણ કરી શકતી નથી.

જો પેટન્ટનો વિષયવસ્તુ કોઈ પ્રોસેસ એટલે કે પ્રક્રિયા હોય તો તે બાબતમાં પણ તે પ્રોસેસ પેટન્ટ ધરાવનાર વ્યક્તિની મંજૂરી વગર તે પ્રોસેસનો ઉપયોગ નથી કરી શકાતી અને તેનું વેચાણ પણ નથી કરી શકાતું તેમજ તેને આયાત પણ નથી કરી શકાતી અથવા તે પ્રોસેસમાંથી બનેલી વસ્તુને આ રીતે વેચાણમાં મૂકી શકાતું નથી. આ સિવાય ટ્રિપ્સ સમજૂતીમાં એમ પણ જણાવ્યું છે કે પેટન્ટ ધરાવનાર વ્યક્તિ આ અધિકારને અસાઈન કરી શકે છે એટલે બીજાને આપી શકે છે તેમજ તે આ હકને વારસાઈથી ટ્રાન્સફર પણ કરી શકે છે.

ભારતીય પેટન્ટ કાયદાની વાત કરીએ તો કલમ 48 માં પેટન્ટ ધરાવનાર વ્યક્તિના અધિકારોની વાત કરવામાં છે. જેને ભારતીય કાયદા હેઠળ પેટન્ટ મળેલીછે તે વ્યક્તિ ભારતીય કાયદા નીચે મળેલા અધિકારો ઉપયોગ કરી શકે છે.

પેટન્ટ ધારાની કલમ 48 માં પેટન્ટ ધરાવનાર બીજી વ્યક્તિને પેટન્ટ વાળી વસ્તુનું ઉત્પાદન કે ઉપયોગ કરવાથી પ્રતિબંધિત કરેલ છે તેથી થર્ડ પાર્ટી આ પ્રકારની વસ્તુ બનાવી શક્તી નથી. તેમ જ પ્રોડક્ટ કે પ્રોસેસ પેટન્ટ હોય તો તે સંજોગોમાં પણ બીજી વ્યક્તિ પેટન્ટ

ધરાવનારની મંજૂરી વગર આ પ્રકારે તે વસ્તુનો ઉપયોગ એટલે કે તે પ્રોસેસનું પણ વેચાણ કરી શકાતી નથી. પ્રોસેસ દ્વારા બનાવેલી કોઈ પ્રોડક્ટ હોય તો તેનું વેચાણ કરવાથી પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

કલમ 48 માં બે પ્રકારના રક્ષણ આપવામાં આવેલા છે. એક પ્રોડક્ટ માટે રક્ષણ આપવામાં આવ્યું છે અને બીજું પ્રક્રિયા માટે રક્ષણ આપે છે. કોઈ પણ વ્યક્તિ પ્રોડક્ટથી કે પ્રક્રિયાથી શોધ કરે તો તે સંજોગોમાં કોઈ અન્ય વ્યક્તિ પેટન્ટ ધરાવનાર વ્યક્તિની મંજૂરી વગર પ્રોસેસનો ઉપયોગ કરી શકતી નથી.

આ જે અધિકારો આપવામાં આવેલ છે કલમ 48 નીચેના અધિકારોને કલમ 47 નીચે સરકાર પોતે અથવા પોતાના પ્રતિનિધિ દ્વારા કલમ 48 થી મળેલા અધિકારોને સંકુચિત કરી શકે છે. સરકારને જ્યારે પણ જરૂર જણાય ત્યારે કલમ 47 નો ઉપયોગ કરીને પેટન્ટકર્તાના જે અધિકારો છે તે અધિકારોને અંકુશિત કરવામાં આવતા હોય છે. સરકાર પોતે અથવા અન્ય કોઈ વ્યક્તિને પ્રોડક્ટ કે પ્રોસેસ સંબંધમાં તેનો ઉપયોગ કરવાની મંજૂરી આપી શકે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના હેતુથી પેટન્ટેડ પ્રોડક્ટ ઉપયોગ કરી શકાતો હોય છે અને તે કોઈપણ રીતે કલમ 48 નો ભંગ ગણવામાં આવતો નથી.

સરકાર કોઈ દવાના સંદર્ભમાં પોતાની હોસ્પિટલ માટે કે બીજી સંસ્થા કે જે જાહેર સેવા બજાવતી હોય તે સંસ્થાનો માટે સરકારી ગેઝેટમાં પ્રગટ કરી શકતા હોય છે. સરકાર જ્યારે આ પ્રકારે જાહેરાત કરે ત્યારે એના ઉપયોગથી કલમ 48 નીચે મળેલા પેટન્ટના અધિકારોનો ભંગ થાય છે તેમ માનવામાં આવતું નથી.

## 4.3 કાર્યાન્વિત પેટન્ટ કલમ-83 :

પેટન્ટ એક્ટની કલમ 83 માં વર્કિંગ ઓફ પેટન્ટ બાબતેની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદામાં ક્યાંય પણ વર્કિંગ ઓફ પૅટન્ટનો અર્થ આપવામાં આવેલ નથી. પણ સામાનય અર્થ એમ થાય છે કે જે કે પ્રોસેસ કે પ્રોડક્ટ માટે પેટન્ટ આપવામાં આવેલી છે તે પ્રોડક્ટ અથવા પ્રોસેસ કે જેનાથી બનેલ પ્રોડક્ટ ભારતીય બજારમાં કાર્યરત છે અને જે હેતુથી પેટન્ટ આપેલી છે તે હેતુ વ્યાપારિક ધોરણે બજારમાં ઉપલબ્ધ હોવાથી સમાજ તથા લોકોની જરૂરિયાત આ પેટન્ટડ પ્રોડક્ટથી પરિપૂર્ણ થઇ રહી છે.

ભારતીય પેટન્ટ એક્ટ મુજબ લોકોનું રક્ષણ કરવા માટે તેમજ પેટન્ટ હોલ્ડરના હકોનું રક્ષણ કરવાનું આ કાયદામાં જણાવ્યું છે. તેથી સરકાર દ્વારા જે શોધ થયેલી છે તે શોધ વ્યાપારિક ધોરણે ભારતમાં ઉપલબ્ધ હોય અને સામાન્ય જનતા તેનો ઉપયોગ કરી શકે તે પણ એટલું જ જરૂરી છે અને જો તેમ ન થાય તો પેટન્ટ આપવાનો કોઈ અર્થ રહેતો નથી. પેટન્ટ એ કોઈ ઈજારો ઉત્પન કરવા માટે આપવા માટે નથી. પેટન્ટ આપવાથી પેટન્ટ કર્તા અને સમાજ બંનેને લાભ મળે તે માટે પેટન્ટ આપવામાં આવે છે.

આ કલમ પ્રમાણે પેટન્ટ નવી શોધોને પ્રોત્સાહિત કરવા માટે આપવામાં આવે છે અને આ જે શોધ છે તે શોધ ભારતમાં વેપારી ધોરણે સંપૂર્ણ રીતે વિલંબ વગર લાગુ કરવાની હોય છે. આ શોધ બજારમાં કાર્યાન્વિત હોય તે જોવાની ફરજ પેટન્ટ ધરાવનારની છે.

પેટન્ટ ધરાવનાર તેને પ્રાપ્ત થયેલ પેટન્ટ હેઠળ પેટન્ટનો દૂર ઉપયોગ કરતા રોકવા માટે આ કલમ બનાવવામાં આવેલી છે. જો આ પેટન્ટ ભારતમાં કાર્યાન્વિત ન હોય તો પેટન્ટ આપવાનો કોઈ અર્થ રહેતો નથી. તેથી સરકાર દ્વારા દર વર્ષના અંતે પેટન્ટના વર્કિંગ બાબતેનું એક સ્ટેટમેન્ટ પેટન્ટકર્તા એ ફાઇલ કરવાનું હોય છે. આ સ્ટેટમેન્ટ ફાઈલ કરવાથી સરકારને

અને પેટન્ટ ઓફિસને જાણવા મળે છે કે જે પેટન્ટ આપવામાં આવેલી છે તે પેટન્ટથી સમાજને કેટલો લાભ થાય છે, તે કેટલી કાર્યાન્વિત છે. જો કોઈ પેટન્ટકર્તા આ પેટન્ટ કાર્યાન્વિત ન રાખે તો તે સંજોગોમાં સરકાર કે પેટન્ટ ઓફિસ બીજી કોઈ કંપનીને તે જ પ્રકારની પ્રોડક્ટ બનાવવા માટે COMPULSORY LICENSE એટલે કે ફરજિયાત પરવાનો પણ આ કાયદા નીચે આપી શકે છે. તેથી પણ પેટન્ટની કાર્યરત થવી ખૂબ જ જરૂરી છે માટે જ કલમમાં આ બાબતે જોગવાઈ કરવામાં આવી છે.

ભારતીય પેટન્ટના કાયદાની કલમ 83 માં પેટન્ટના વર્કિંગ બાબતે સામાન્ય નિયમો આપવામાં આવ્યા છે. જેમાં પેટન્ટ જે તે શોધને પ્રોત્સાહિત કરવા માટે તેમજ શોધને રક્ષણ આપવા માટે આપવામાં આવેલ છે. પેટન્ટ વાળી પ્રોડક્ટ ભારતમાં વ્યાપારી ધોરણે અને સંપૂર્ણ રીતે વિલંબ થયા વગર લાગુ થવી જોઈએ. જ્યારે પણ આવી શોધને કાયદા દ્વારા રક્ષણ આપવામાં આવ્યું હોય ત્યારે તે પેટન્ટ વિલંબ વગર શક્ય બને તેટલા ઝડપથી વ્યાપારિક ધોરણે ભારતની અંદર તે લોકોને મળી રહે તે જોવાની ફરજ પેટન્ટ ધરાવનારની છે.

પેટન્ટ માત્ર પેટન્ટ ધારણકર્તા ને PATENTED વસ્તુઓની આયાત કરવા માટે ઈજારો પ્રાપ્ત થાય તે હેતુથી પેટન્ટ આપવામાં આવતી નથી. આ પેટન્ટેડ આર્ટિકલ્સ ભારતમાં લોકોની જરૂરિયાત પ્રમાણે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તે જોવાની ફરજ પણ પેટન્ટ ધારણ કરનારની છે.

પેટન્ટ કર્તાના હક્કોનું રક્ષણ અને અમલમાં મુકવાથી ટેકનોલોજીકલ શોધોને પ્રોત્સાહન મળે છે અને ટેકનોલોજીનું સ્થળાંતર અને પ્રસાર થાય છે. ટેક્નોલોજીનું જ્ઞાન ધરાવનાર ઉત્પાદક અને ઉપયોગ કરનાર એમ બંનેને લાભ થાય છે. લોકોના સામાજિક અને આર્થિક વિકાસમાં સહાયક બને છે અને તેનાથી જવાબદારી અને હક વચ્ચે સમતુલા પણ સાધી શકાય છે.

મંજૂર કરવામાં આવેલ પેટન્ટ ક્યારેય જાહેર સ્વાસ્થ્ય અને પોષણને અવરોધ ઉત્પન્ન થાય તેના માટે પણ નથી આપવામાં આવી. પેટન્ટ જાહેર હિતમાં વધારો કરવા માટેનું એક સાધન બની શકે છે. ખાસ કરીને એવા ક્ષેત્રોમાં જેવા કે સામાજિક, આર્થિક અને ટેકનોલોજીકલના વિકાસ માટે પેટન્ટ આપવાનું મહત્ત્વનું બની રહે છે.

મંજૂર કરવામાં આવેલ પેટન્ટ કેન્દ્ર સરકારની જાહેર સ્વાસ્થ્યની નીતિના અમલ માટેના કોઈ પગલાં લેતા રોકી શકે નહી. આમ પેટન્ટ જે આપવામાં આવેલ છે તે પેટન્ટ ઉપર કેન્દ્ર સરકાર પોતાની જાહેર સ્વાસ્થ્યની નીતિ અનુસાર તેના ઉપર વ્યાજબી નિયંત્રણો મૂકી શકે છે.

પેટન્ટ કર્તાને જે અધિકાર આપેલ છે તે અધિકારનું તે પોતે કે તેણે જેને આ પેટન્ટ માટે લાયસન્સ આપ્યું હોય તે તેનો દુરુપયોગ કરશે નહીં. આ રીતે પેટન્ટ ધરાવનાર કે તેનું લાયસન્સ ધરાવનાર વ્યક્તિ એવી કોઈ પ્રેક્ટિસ નહીં કરે કે જેનાથી ગેરવાજબી રીતે કોઈ વેપારમાં નિયંત્રણ ઉભા થાય અથવા તો એવી કોઈ કૃત્ય નહીં કરે કે જેનાથી આંતરરાષ્ટ્રીય ટેકનોલોજીના હસ્તાંતર ઉપર વિપરીત અસર ઉત્પન્ન થાય. પેટન્ટ એટલા માટે આપવામાં આવે છે કે જાહેર જનતાને પોસાય તેવા ભાવથી શોધ થયેલી વસ્તુ ઉપલબ્ધ થાય અથવા બજારમાં મળતી રહે તે હેતુ છે.

પેટન્ટ મેળવેલ પ્રોડક્ટ વર્કિંગમાં રહે અને પેટન્ટ ધરાવનાર વ્યક્તિઓ તેનો ખોટો દુરુપયોગ ન કરે તે માટે આ જોગવાઈ કરવામાં આવી છે. પેટન્ટના વર્કિંગ માટે કોઈપણ વસ્તુનું કે પેટન્ટેડ પ્રોડક્ટનું ઉત્પાદન ભારતમાં થયું હોવુ જરૂર નથી. તે ભારતમાં આયાત પણ કરી શકાય છે તેમ છતાં પણ પેટન્ટ ધરાવનારે એ જણાવવું પડે કે ભારતમાંથી ઉત્પાદન શા માટે તે કરી શકતા નથી કે જ્યારે તેની પાસે ઉત્પાદન કરવાના સાધનો દેશમાં ઉપલબ્ધ છે. આમ કલમ 83 સંપૂર્ણ લોકહીત માટે અને પેટન્ટના જે અધિકારો છે તે અધિકારોનો દુરુપયોગ ન થાય

તે માટે જોગવાઈ કરવામાં આવેલી છે.

## 4.4 ફરજિયાત પરવાનો કલમ-84 :

સામાન્ય રીતે જ્યારે જે શોધ માટે પેટન્ટ આપવામાં આવેલી હોય તો તે સંજોગોમાં તે શોધ ઉપર તે વ્યક્તિ સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત કરતા હોય છે. આવી શોધ ઉપર બીજી કોઈ વ્યક્તિ શોધકર્તાની મંજૂરી સિવાય ઉપયોગ કરી શકતા નથી. પેટન્ટ ધરાવનારને આવી પેટન્ટ વાળી વસ્તુની શોધ ઉપર માલિકી હક્ક મળતો હોય છે. આમ પેટન્ટ ધરાવનાર વ્યક્તિ પેટન્ટનું અસાઈનમેન્ટ કરી શકે છે, તેનું લાયસન્સ આપી શકે છે અને તે પોતાની ઈચ્છા અનુસાર તેનો ઉપયોગ કરી શકે છે.

ભારતીય પેટન્ટ એકટની કલમ 83 માં કોઈપણ પેટન્ટ કાર્યાન્વિત હોવી જરૂરી છે જેનો ઉદ્દેશ લોકોની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવાની હોય છે. પેટન્ટ આપવાનો હેતુ પેટન્ટ ધારણકરનારને રક્ષણ આપવાનું છે સાથે સાથે સમાજની અને લોકોની જે જરૂરિયાતો છે તે જરૂરિયાતો સંતોષવાની પણ છે તેથી પેટન્ટકર્તાની પણ અમુક ફરજો રહેલી છે. ઘણીવાર એવું બનતું હોય છે કે પેટન્ટ ધરાવનારને જે શોધ માટે પેટન્ટ આપવામાં આવેલી છે તે પેટન્ટ વાળી પ્રોડક્ટ માર્કેટમાં ઉપલબ્ધ ન હોવાથી લોકોની જે જરૂરિયાતો છે તે જરૂરિયાતો પરિપૂર્ણ થતી ન હતી. ખાસ કરીને આ પ્રશ્ન દવાઓની બાબતનો ઉપસ્થિત થતો હોય છે. કોઈ કંપની એ જ્યારે દવાની શોધ કરી હોય અને તેના ઉપર પેટન્ટ પ્રાપ્ત કરેલી હોય તો તે સંજોગોમાં તે દવા ઉપર પેટન્ટ મેળવીને અધિકાર પ્રાપ્ત કરે છે અને તેના જેવી દવા કોઈ પણ બીજી ફાર્માસ્યુટિકલ કંપની બનાવી શકતી નથી. તે સંજોગોમાં પેટન્ટ ધરાવનાર ફાર્માસ્યુટિકલ કંપનીની જવાબદારી ખૂબ વધી જતી હોય છે. જે તે દવા સામાન્ય જનતાને પોસાય તેવા ભાવથી તેમજ તે ઉપલબ્ધ થાય તે જોવાની ફરજ પેટન્ટ ધરાવનાર કંપનીની રહેતી હોય છે. ઘણી વખત પેટન્ટ ધરાવનાર કંપની પોતાની ફરજમાંથી ચૂક કરતી હોય છે અને લોકોની જે જરૂરિયાત છે તે જરૂરિયાત સંતોષવામાં નિષ્ફળ જતી હોય છે અથવા તો તે પેટન્ટેડ વસ્તુની કિંમત એટલી વધુ પડતી હોય છે કે તે સામાન્ય જનતાને તેની કિંમત પોસાય તેવી હોતી નથી. તેથી પણ સામાન્ય જનતા આ પેટન્ટેડ વસ્તુનો ઉપયોગ કરી શકતી નથી.

જો પેટન્ટ ધરાવનાર પેટન્ટને મોનોપોલી તરીકે લેતા હોય તો પણ તેને ત્યાં અટકાવવાની ફરજ પેટન્ટ ઓફિસની કે સરકારની બની રહે છે. આ બધા પ્રશ્નોના નિરાકરણ માટે પેટન્ટ એક્ટમાં કલમ 84 નીચે COMPULSORY LICENSEની જોગવાઈ કરવામાં આવેલી છે એટલે કે આ કલમ નીચે જો કોઈ પેટન્ટ ધારણ કરનાર પોતાની ફરજો પુર્ણ કરવામાં નિષ્ફળ નીવડે તો તે સંજોગોમાં કલમ 84 નીચે પેટન્ટ ઓફિસ અન્ય કોઈ કંપનીને પેટન્ટ પ્રાપ્ત પ્રોડક્ટનું ઉત્પાદન કરવા માટે તેમજ તેનું વેચાણ કરવા માટે ફરજિયાત લાયસન્સ આપી શકતી હોય છે.

ફરજિયાત લાયસન્સથી પેટન્ટ ઓફિસ લોકોની જે જરૂરિયાતો છે તે પરિપૂર્ણ થાય તે હેતુ માટે અને લોકોને વ્યાજબી પોસાય તેવા ભાવથી તે વસ્તુ મળી રહે તે માટે પેટન્ટનો ફરજિયાત પરવાનો અન્ય કોઈ કંપનીને આપતી હોય છે. જેથી અન્ય કંપની પેટન્ટ વાળી પ્રોડક્ટ જેવી જ પ્રોડક્ટ બનાવી શકે છે અને તેને અગાવથી નક્કી કરેલી કિંમતે બજારમાં વેચાણ કરી શકે છે.

ભારત વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનનો સભ્ય છે અને તેને ટ્રિપ્સ સમજૂતી ઉપર સહી કરેલ છે. ટ્રિપ્સ સમજૂતીની જોગવાઈઓનું પાલન કરવાની ફરજ પણ ભારતની બની રહે છે. ટ્રિપ્સ સમજૂતીના આર્ટિકલ 31માં પણ આ બાબતે જોગવાઈ કરવામાં આવેલી છે. તે મુજબ ફરજિયાત પરવાનો આપવાની વ્યવસ્થા કરવામાં આવેલી છે. અમુક સંજોગોમાં સભ્ય દેશો

ફરજિયાત પરવાનો આપી શકે છે અને તે ટ્રિપ્સ સમજૂતીની વિરુદ્ધનું ગણવામાં આવતો નથી.

ભારતીય પેટન્ટ કાયદાના પ્રકરણ-16 માં ફરજિયાત પરવાનાની જોગવાઈઓ કરવામાં આવેલી છે. જે કોઈ કંપનીને આ પ્રકારે ફરજિયાત પરવાના મળેલો હોય તે કંપની પેટન્ટ ધરાવનાર કંપની ની મંજૂરી વગર પેટન્ટ થયેલી વસ્તુ જેવી વસ્તુનું ઉત્પાદન, વેચાણ કે ઉપયોગ કરી શકતી હોય છે.

ફરજિયાત પરવાનાનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ઘણું મહત્ત્વનો કે ચર્ચાનો બનેલો છે. ભારત નહીં પણ વિશ્વના ઘણા બધા દેશોમાં આ પ્રકારે ફરજિયાત પરવાનો આપવાની જોગવાઈ ઘણા બધા રાષ્ટ્રોએ તેમના પોતાના કાયદાઓમાં કરવામાં આવેલી છે.

ભારતમાં જો વાત કરીએ તો ભારતીય બંધારણમાં અનુચ્છેદ 21 માં જણાવ્યું છે કે લોકોના સ્વાસ્થ્યની એટલે કે જીવનની રક્ષણ કરવાની ફરજ સરકારની છે. જો સરકાર આ રીતે જીવનનું રક્ષણ ન કરી શકે તો નાગરિકના મૂળભૂત અધિકારોનો ભંગ થાય છે અને તે ભંગ બદલ નાગરિક ભારતની સર્વોચ્ચ અદાલતમાં કે જે તે રાજ્યની વડી અદાલતમાં મૂળભૂત અધિકારના ભંગ બદલ પિટિશન કરી શકે છે. આ સિવાય બંધારણના અનુચ્છેદ 47 માં પણ જાહેર સ્વાસ્થ્યના ઇમ્પ્રૂવમેન્ટ બાબતે પણ રાજ્યની ફરજ રહેશે તેમ જણાવવામાં આવેલું છે.

લોકોનો સ્વાસ્થ્ય, લોકોની સલામતી વગેરે બાબતો માટે રાજ્ય કે કેન્દ્ર સરકાર જવાબદાર રહે છે. તેથી પણ સરકારને ફરજિયાત લાયસન્સ આપવાનો અધિકાર ઇન્ડિયન પેટન્ટ એક્ટ નીચે મળેલો છે. ફરજિયાત પરવાનાની જે જોગવાઈ છે તે જોગવાઈ પેટન્ટ ધરાવનારના અધિકારોનું ઉપર સીધી અસર કરે છે.

ઐયંગર કમિટીએ પણ પોતાના સૂચનોમાં ફરજિયાત પરવાનાની બાબતે પણ ઉલ્લેખ કરેલો છે. આ કલમ આ કાયદામાં સુધારાથી દાખલ કરવામાં આવી નથી પરંતુ મૂળ જ્યારે આ કાયદો બન્યો હતો ત્યારથી જ આ કલમ આ કાયદામાં અસ્તિત્વમાં છે. તેથી પણ આ કલમ મહત્ત્વની છે તેમ કહી શકાય છે.

ભારતમાં ફરજિયાત પરવાનાની જોગવાઈઓ આ કાયદાની કલમ 83 થી કલમ 95 સુધીમાં કરવામાં આવેલી છે. આમ આ કાયદામાં કલમ 84, 92 અને 92(એ) એ મહત્ત્વની કલમો છે. આ સિવાય ભારતમાં વર્ષ 2005 માં જે સુધારા થયા હતા તે સુધારા હેઠળ પણ ફરજિયાત પરવાની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં કલમ 91 માં પણ ફરજિયાત પરવાના બાબતે કહેવામાં આવ્યું છે. આ કાયદાની કલમ 84 માં કોઈપણ વ્યક્તિ જે પેટન્ટ થયેલી શોધમાં હિત ધરાવતી હોય તો તે ફરજિયાત લાઈસન્સ માટે કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને અરજી કરી શકે છે.

અરજી કરતા પહેલા અરજી કરનારે એ ખરાઇ કરવી પડી કે પેટન્ટ ગ્રાન્ટ થયાના ત્રણ વર્ષ સુધીનો સમયગાળો પૂર્ણ થયો હોવો જોઇએ. તેથી અરજી કરનાર ત્રણ વર્ષના સમયગાળામાં ફરજિયાત પરવામાં માટે કોઈ અરજી આપી શકતી નથી. ત્રણ વર્ષનો સમય આપવામાં આવ્યો છે તે ફરજિયાત સમયગાળો છે અને તેના પહેલાં કોઇ પણ રીતે અરજદાર પેટન્ટના ફરજિયાત પરવાના માટે કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને આવી અરજી કરી શકતા નથી. અરજદારે આવી ફરજિયાત પરવાનાની અરજી કરવા પાછળ કારણો પણ જણાવવાના હોય છે.

આ કલમમાં જે કારણો જણાવવામાં આવેલા છે તેના આધારે જ અરજદાર ફરજિયાત લાયસન્સ મેળવવા માટે અરજી કરી શકે છે. જે નીચે મુજબ છે.

1. જે પેટન્ટ આપવામાં આવેલી છે તે પેટન્ટ વાળી શોધ શું જનતાની વ્યાજબી જરૂરિયાતોને સંતોષી શકતી નથી ? આ બહુ મહત્ત્વની જોગવાઈ છે કારણ કે પેટન્ટ આપવાનો હેતુ લોકોની સુખાકારીમાં વધારો કરવાનો છે. જો પેટન્ટ મળેલી શોધનો અંતિમ ઉપયોગ જાહેર હિત માટે, લોકો માટે થઈ શકતો ન હોય કે લોકોની જરૂરિયાત સંતોષી શકાતી ન હોય તો કોઈ પણ વ્યક્તિને તેની શોધ માટે પેટન્ટ આપવાનો કોઈ અર્થ રહેતો નથી.

2. આ કલમમાં બીજું ગ્રાઉન્ડ એ છે કે જે શોધ માટે પેટન્ટ આપવામાં આવેલી છે તે શોધ વાળી પ્રોડક્ટ જાહેર જનતાને વ્યાજબી પોસાય તેવા ભાવથી ઉપલબ્ધ નથી. આ પણ એક મહત્ત્વનું ગ્રાઉન્ડ છે. કારણકે વસ્તુનો અંતિમ ઉપયોગ જાહેર જનતા દ્વારા કરવામાં આવતો હોય છે. પરંતુ જે શોધ માટે પેટન્ટ આપવામાં આવેલી છે તે પેટન્ટ ધરાવનાર કંપની કે વ્યક્તિ એ શોધવાળી વસ્તુની કિંમત એટલી વધુ પડતી રાખેલી હોય કે સામાન્ય જનતા માટે આ વસ્તુની ખરીદ કરવી કે તેનો ઉપયોગ કરવો લગભગ અશક્ય બને તેવા સંજોગોમાં આવી વસ્તુની અસેસિબિલિટી જો સામાન્ય જનતાને પ્રાપ્ત ન થતી હોય તો તે સંજોગોમાં પણ ફરજિયાત લાઈસન્સ આપી શકાય છે.

3. જયારે કોઈ શોધને પેટન્ટ આપવામાં આવી હોય ત્યારે તે શોધ મુજબની પ્રોડક્ટનું ભારતમાં ઉત્પાદન થતું હોવું જોઈએ કે તે શોધ મુજબની વસ્તુ કાર્યાન્વિત હોવી જોઈએ.

   જો તે કાર્યાન્વિત ન હોય તો લોકોની જરૂરિયાત સંતોષી શકાતી નથી અને તે સંજોગોમાં આવી શોધને પેટન્ટ આપવાનો અર્થ રહેતો નથી.

   ભારતીય પેટન્ટ એક્ટ કલમ 89 માં ફરજિયાત પરવાનો આપવા પાછળના હેતુઓ જણાવવામાં આવેલા છે. જેમાં બે હેતું આપવામાં આવેલા છે. કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને જયારે આ પ્રકારની અરજી મળે ત્યારે આ બંને હેતુઓને પોતાના લક્ષમાં રાખીને અરજીનો નિકાલ કરવાનો હોય છે. જે નીચે મુજબ છે.

1. જે શોધ માટે પેટન્ટ આપવામાં આવેલી છે તે શોધ ભારતમાં વ્યાપારી ધોરણે યોગ્ય વિલંબ વગર અને શક્ય હોય તેટલા પૂર્ણ પ્રમાણમાં કાર્યાન્વિત કરવાનું કે લાગુ કરવાનો હેતુ.

2. જે વસ્તુ માટે પેટન્ટ આપવામાં આવેલી હોય તે પેટન્ટની શોધને કાર્યાન્વિત કરવા માટે અને તેનો વિકાસ કરવા માટે કોઈપણ વ્યક્તિના હકને ગેરવ્યાજબી રીતે પ્રતિકૂળ અસર ન થાય તે જોવાની ફરજ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટની રહે છે.

   કલમ 84(6) મુજબ જયારે આ પ્રકારની ફરજિયાત પરવાના માટેની અરજી કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ પાસે આવે ત્યારે તેમને આવી અરજીને ધ્યાને લેતા પહેલા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ જે નીચે મુજબ છે.

1. જેમાં શોધનું સ્વરૂપ શું છે. પેટન્ટની મહોર મળ્યા પછી કેટલો સમય પસાર થયો છે અને પેટન્ટકર્તા કે પેટન્ટ લાયસન્સ ધરાવનાર વ્યક્તિએ શોધના પૂર્ણ ઉપયોગ કરવા માટે કેવા પ્રકારના પગલાં લીધા છે. શોધનું સ્વરૂપ અને તેના માટે લેવામાં આવેલા પગલાઓને કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ધ્યાનમાં લેવાના હોય છે.

2. જે શોધ માટે પેટન્ટ મળી છે તે શોધ લોકહીત માટે તેને કાર્યાન્વિત કરવાની કે અમલમાં

મૂકવાની અરજદારની શક્તિ કેટલી છે એટલે કે અરજદાર આ શોધને લોકહિતમાં કેટલી કાર્યાન્વિત કરી શકશે.

3. કાયદામાં જણાવેલ છે કે જો પેટન્ટ આપવામાં આવે તો અરજદારની નાણાકીય જોખમ લેવાની શક્તિ કેટલી છે કે જેનાથી આ શોધને કાર્યાન્વિત કરી શકાય.

4. અરજદારે પેટન્ટ ધરાવનાર વ્યક્તિ પાસે સ્વૈચ્છિક પરવાનો મેળવવા માટે યોગ્ય શરતોને આધારે કોઈ પ્રયત્નો કર્યા છે કે નહિ. જો આવા પ્રયત્નો કર્યા હોય તો તેવા પ્રયત્નો કર્યાને વ્યાજબી સમય પસાર થયો છે કે નહિ.

આમ આ કલમ 84(6)માં કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટે અરજી ધ્યાનમાં લેતા પહેલાં કયા કયા મુદ્દા તપાસવા જોઈએ તે જણાવવામાં આવેલું છે.

❖ **વાજબી જરૂરિયાત કોને કહેવાય ?**

કાયદાની કલમ 84(7) માં વ્યાજબી જરૂરિયાત ક્યારે સંતોષાયેલી નથી તે બાબતે સ્પષ્ટતા કરવામાં આવી છે. ફરજિયાત લાઈસન્સ આપવા માટે આ મહત્ત્વનું ગ્રાઉન્ડ છે. ભારતમાં લોકોને પેટન્ટની શોધવાળી વસ્તુ ઉપલબ્ધ રહે અને તે વ્યાજબી કિંમતે લોકોને મળતી રહે તે આ કલમનો હેતુ છે. આ કલમમાં વ્યક્તિની વાજબી જરૂરિયાત ક્યારેય સંતોષાયેલી નહીં ગણાય તેને વિસ્તૃતમાં સમજાવવામાં આવી છે.

1. આ કલમ મુજબ જયારે પેટન્ટ ધરાવનારી કોઈ કંપની કે વ્યક્તિ યોગ્ય શરતો એ પરવાનો આપવાનો ઈન્કાર કરે. આ કલમ મુજબ પેટન્ટ ધરાવનારી વ્યક્તિ યોગ્ય શરતોએ પેટન્ટની શોધનું લાયસન્સ આપવાનો ઈન્કાર કરે કે જેનાથી વર્તમાન વેપાર અને ઉદ્યોગને પ્રતિકૂળ અસર થતી હોય તેમજ વેપાર કે ઉદ્યોગના વિકાસને પ્રતિકૂળ અસર થતી હોય તેમજ ભારતમાં કોઈ નવો વેપાર કે ઉદ્યોગની સ્થાપનાને પ્રતિકૂળ અસર થતી હોય તેમજ ભારતમાં વેપાર કે ઉત્પાદન કરનાર કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહના વેપાર કે ઉદ્યોગની પ્રતિકૂળ અસર થતી હોય તો તે સંજોગોમાં આ પરિસ્થિતિને વ્યાજબી જરૂરિયાતો સંતોષાતી નથી તેમ ગણવામાં આવે છે.

2. આ કલમ વધુમાં જણાવે છે કે જે વસ્તુ માટે પેટન્ટ આપવામાં આવેલી છે તે વસ્તુ વાજબી શરતો અને પૂરતા પ્રમાણમાં માંગને સંતોષી શકતી નથી.

3. ભારતમાં ઉત્પાદન થયેલી પેટન્ટેડ વસ્તુના વિકાસ માટેના બજારનો વિકાસ થતો ન હોય અથવા નિકાસ માટેના બજારમાં જે પુરવઠો પહોંચવો જોઈએ તે પહોંચતો ન હોય તો પણ વાજબી જરૂરિયાત સંતોષાઈ નથી તેમ માનવામાં આવે છે.

4. આ કલમમાં એમ પણ જણાવ્યું છે કે ભારતની વેપારી પ્રવૃત્તિઓની સ્થાપના અને વિકાસને પ્રતિકૂળ અસર થતી હોય તો પણ જે વ્યાજબી જરૂરિયાત સંતોષાઈ નથી એમ ગણવામાં આવે છે.

5. કલમ 84(7)(બી) મુજબ પેટન્ટ ધરાવનાર વ્યક્તિ દ્વારા પેટન્ટનો પરવાનો આપતા કે પેટન્ટની પ્રોડક્ટ કે પ્રક્રિયાની ખરીદી ઉપર, ભાડે આપવા કે તેના ઉપયોગ પર પેટન્ટકર્તા એ જે શરતો મૂકી છે તે શરતોના કારણે જે વસ્તુને પેટન્ટનું રક્ષણ મળેલું ન હોય એટલે કે પેટન્ટ થયેલી ન હોય તેવી વસ્તુના ઉત્પાદન, તેના ઉપયોગ કે તેના

વેચાણને કે કોઈ ઉદ્યોગ અને વેપારની સ્થાપના કે તેના વિકાસને પ્રતિકૂળ અસર થતી હોય તો પણ એમ કહી શકાય છે કે વ્યાજબી જરૂરિયાતો સંતોષાતી નથી.

6. કલમ 84(7)(સી) મુજબ કલમ વધુમાં એમ પણ જણાવે છે કે પેટન્ટ ધારણ કરતા લાયસન્સ આપતા જે એન્ટી કોમ્પિટિટિવ પ્રેક્ટિસ એટલે કે હરીફાઈ વિરુદ્ધની જે શરતો રાખે છે તે શરતો પણ વાજબી જરૂરિયાત સંતોષાતી નથી એમ માનવામાં આવે છે.

   પેટન્ટકર્તા પરવાનો આપતા જો એક્સક્લુઝિવ ગ્રાન્ટ બેક અથવા તો પેટન્ટ પરવાનો મેળવનાર ક્યારેય પેટન્ટની વેલીડીટી (VALIDITY)ની તકરાર લઈ શકશે નહી અથવા COERCIVE PACKAGE LICENSINGની શરત રાખે તો તે પણ વાજબી જરૂરિયાત સંતોષાયેલી છે એમ માનવામાં નહીં આવે.

7. કલમ 84(7)(ડી) મુજબ જયારે પેટન્ટ થયેલી વસ્તુ ભારતમાં વ્યાપારિક ધોરણે કાર્યાન્વિત ન હોય અને તે પૂર્ણ પ્રમાણમાં લાગુમાં ન હોય તો લોકોની વાજબી જરૂરિયાતો સંતોષાય છે તેમ માનવામાં આવે આવશે નહીં.

8. કલમ 84(7)(ઈ) મુજબ ભારતમાંથી જે શોધને પેટન્ટ આપવામાં આવેલી છે તે શોધવાળી વસ્તુને પેટન્ટ ધારણ કરતા દ્વારા કે પેટન્ટનો હક્ક દાવો કરતી વ્યક્તિઓ દ્વારા અથવા પેટર્ન ધરાવનાર પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખરીદનાર વ્યક્તિઓ દ્વારા કે જેની સામે પેટન્ટકર્તા એ પેટન્ટ ભંગની કાર્યવાહી ન કરી હોય અથવા અન્ય વ્યક્તિઓ જો ભારત બહારથી ભારતમાં આ પ્રકારની વસ્તુઓ આયાત કરતી હોવાને કારણે ભારતમાં પેટન્ટવાળી શોધ વેપારી ધોરણે કાર્યાન્વિત થતી અટકતી હોય અથવા અવરોધ ઊભો કરવામાં આવતો હોય તો તે સંજોગોમાં લોકોની વ્યાજની જરૂરિયાતો સંતોષાય છે એમ માનવામાં આવતું નથી.

❖ **સરકાર દ્વારા લાયસન્સ આપવાની જોગવાઈ (કલમ 92)**

કેન્દ્ર સરકાર પોતાના ઓફિશીયલ ગેઝેટમાં ફરજિયાત પરવાના આપવાનું જાહેરાત કરી શકે છે. ક્યારેક એવી સ્થિતિ ઉત્પન્ન થાય જેમ કે રાષ્ટ્રીય કટોકટી ઉદભવે કે કોઈ ખાસ જરૂરિયાત ઉપસ્થિત થાય તેમજ જે વસ્તુને પેટન્ટ મળી છે તે જનતાને વ્યાપારિક ધોરણે ઉપલબ્ધ ન હોય તો આ બધા સંજોગોમાં કેન્દ્ર સરકારે જાહેરનામું બહાર પાડીને ફરજિયાત લાયસન્સ આપી શકતી હોય છે. આ જાહેરનામું બહાર પાડયા પછી કોઈપણ વ્યક્તિ કે કોઈપણ કંપની જાહેર કે ખાનગી કંપની લાયસન્સ મેળવવા માટે કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને અરજી કરી શકતી હોય છે. કલમ 92 અને કલમ 84 હેઠળ જે તફાવત આ કાયદામાં છે તે તફાવતમાં કલમ 84 નીચે અરજદારે પેટન્ટ મળ્યાના ત્રણ વર્ષ સુધીનો સમય સુધી અરજી કરી શકતા નથી. જયારે કલમ 92 માં કેન્દ્ર સરકાર આકસ્મિક સ્થિતિમાં ઓફિશિયલ ગેઝેટમાં જાહેરાત કરીને કોઈને પણ ફરજિયાત પરવાનો આપી શકે છે.

વધુમાં કલમ 92(3) એમ પણ જણાવે છે કે કલમ 87 હેઠળ જે કાર્યવાહી કરવાની છે જે કાર્યવાહી પણ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટે કરવી કે ન કરવી તે પોતે નક્કી કરી શકે છે.

કલમ 92(3) નીચે એવી સ્થિતિ ઉત્પન્ન થાય જેમ કે એઇડ્સ, એચ.આઇ.વી., ટી.બી. મલેરિયા કે પછી બીજા કોઈ રોગ તો તે સંજોગોમાં કલમ 87 નીચે આપવામાં આવેલી જોગવાઈઓનું પાલન કરવું જરૂરી રહેતું નથી. ફરજિયાત લાયસન્સની અરજી આ કલમને આધીન મંજૂર કરી શકે છે. અત્યારની સ્થિતિની વાત કરીએ તો કોરોનાના સમયમાં પણ સરકાર

આ કલમનો ઉપયોગ કરીને જાહેરહિતમાં કોઈ પણ કંપનીને ફરજિયાત પરવાનો આપવાની સત્તા ધરાવે છે. આ કલમ ટ્રિપ્સ સમજૂતીના અનુચ્છેદ 31 માં પણ આપવામાં આવેલી છે. તેથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ આ કલમનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

❖ **ફાર્માસ્યુટિકલ્સ પ્રોડક્ટની નિકાસ માટે ફરજિયાત લાઈસન્સ (કલમ 92(એ)**

ભારત બહારનાં કોઈપણ રાષ્ટ્રમાં ફાર્માસ્યુટિકલ્સ પ્રોડક્ટના ઉત્પાદન કરવા માટે પૂરતા પ્રમાણમાં સાધનો નથી અથવા તેમની ઉત્પાદન કરવાની જો ક્ષમતા ન હોય તો તે સંજોગોમાં તે દેશના લોકોની જે માંગ છે તે માંગને પૂર્ણ કરવાના હેતુથી ભારતમાં કેન્દ્ર સરકાર આ કલમનો ઉપયોગ કરીને કોઈ પણ કંપનીને ફરજિયાત પરવાનો આપી શકે છે. તે પરવાના આધારે જે તે કંપની ભારતમાં તેવી દવાઓનું ઉત્પાદન કરીને જે તે રાષ્ટ્રમાં તેનો નિકાસ કરી શકે છે.

આ કલમ 2005માં થયેલા સુધારાથી દાખલ કરવામાં આવેલી હતી. આ કલમથી દવાનું ઉત્પાદન કરી જે તે રાષ્ટ્રના સંદર્ભમાં પુરવઠો પૂરતા પ્રમાણમાં ન હોય અથવા ઉત્પાદનના સાધનો પૂરતા પ્રમાણમાં ન હોય તો તે સંજોગોમાં કેન્દ્ર સરકાર કોઈ પણ કંપનીને ફરજિયાત લાયસન્સ આપી શકે છે.

આ કાયદાની કલમ 91 મુજબ જે પેટન્ટ ધરાવે છે અથવા તેના માટે લાયસન્સ ધરાવે છે તે વ્યક્તિ પેટન્ટ વાળી વસ્તુની શોધ કરવા માટે બીજી કોઈ પેટન્ટ પર આધારિત હોય તો એ સંજોગોમાં તેની શોધને કોઈ અવરોધ કે અડચણ ઉભી ન થાય તે હેતુથી ફરજિયાત પરવાના માટે અરજી કરી શકે છે. સંબંધિત પેટન્ટના શોધ માટે બીજી પેટન્ટ ઉપર વ્યક્તિની શોધ આધારિત હોય તો તે સંજોગોમાં આ કલમ 91 મદદરૂપ થાય છે. આ સંજોગોમાં આ કાયદાએ પેટન્ટ કે લાયસન્સ ધરાવનારને રક્ષણ પૂરું પાડે છે. આમ પેટન્ટ ધરાવનારને પોતની શોધના સંશોધન માટે કેટલીકવાર બીજી કોઈ વ્યક્તિએ જે શોધ કરેલી છે તેની જરૂર પડતી હોય છે. તેથી તે શોધ વિના અવરોધ કે અડચણ વગર પૂર્ણ થાય તે માટે ફરજિયાત પરવાનો આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે.

કલમ 94 નીચે આપવામાં ફરજિયાત પરવાના જે સંજોગોમાં આપવામાં આવેલ હોય તે સંજોગો જો હાલમાં અસ્તિત્વમાં ન હોય તો પેટન્ટ ધારણ કરનાર અથવા પેટન્ટમાં હક ધરાવનાર કે હિત ધરાવનાર વ્યક્તિ કન્ટ્રોલર ઓફ પેટન્ટને કલમ 84 નીચે આપવામાં આવેલ ફરજિયાત પરવાનાને રદ કરવા માટે અરજી કરી શકે છે. જ્યારે આવી અરજી મળે ત્યારે કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ફરજિયાત પરવાનો ધરાવનાર વ્યક્તિને વાંધા ઉઠાવવાની તક આપે છે અને સાંભળે છે. કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ફરજિયાત પરવાનો ધરાવતા વ્યક્તિના હિતોને નુકસાન ન થાય કે પ્રતિકૂળ અસર ન થાય તે રીતે આવી અરજીનો નિકાલ કરે છે.

❖ **અદાલતના નિર્ણયો :**

1. ફરજિયાત પરવાના બાબતે ઘણા કેસો અદાલતમાં થયેલા છે. જેમાં બાયર કોર્પોરેશન વિરુદ્ધ નાટકો ફાર્મા કંપનીનો કેસ બહુ મહત્ત્વનું છે. આ કેસમાં નાટકો કંપનીને જે ફરજિયાત પરવાનો કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ હતો. આ ફરજિયાત પરવાનાને રદ કરવા માટે બાયર કોર્પોરેશને એપેલેટ બોર્ડમાં તેમજ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. અપેલેટ બોર્ડ તેમજ દિલ્હી વડી અદાલતે બાયર કોર્પોરેશનની રજૂઆતોને નકારી કાઢી હતી અને નાટકો કંપનીને આપવામાં આવેલ ફરજિયાત કરવાનું મંજૂર રાખવામાં આવેલો હતો.

2. બીડીઆર ફાર્માસ્યુટિકલ્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ બ્રિસ્ટોલ મેયર્સ

સ્કીબ કંપનીનો છે. આ કેસમાં બીડીઆર ફાર્માસ્યુટિકલસે ફરજિયાત પરવાનો મેળવવા માટે અરજી કરી હતી. બ્રિસ્ટોલ મેયર્સ કંપની કેન્સરની દવા બનાવતી હતી અને તેનું લાયસન્સ મેળવવા માટે બીડીઆર ફાર્માસ્યુટિકલ દ્વારા અરજી કરવામાં આવી હતી. કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા બધી જ બાબતોની તપાસ કરીને બીડીઆર ફાર્માસ્યુટિકલ્સની આ ફરજિયાત પરવાના માટેની જે અરજી હતી તે અરજીને રદ કરી હતી. કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ એવું કહ્યું કે બીડીઆર ફાર્માસ્યુટિકલે પેટન્ટ ધારણકર્તા પાસેથી પેટન્ટ મેળવવા માટે વ્યાજબી પ્રયત્નો કરેલા નથી તેમજ બીડીઆર ફાર્માસ્યુટિકલ આ દવાના શોધ તેમજ તેનાથી પબ્લિકને ઉપયોગ થાય તે પ્રકારની તેની કોઈ ક્ષમતા નથી અને તેથી તેની અરજી ફરજિયાત પરવાનાની અરજી રદ કરવામાં આવી હતી.

## 4.5 પેટન્ટનું રદ્દીકરણ કલમ-64 :

પેટન્ટ ભારતીય પેટન્ટ એકટની જોગવાઈઓના આધારે આપવામાં આવેલ છે. તેમજ આ કાયદામાં પેટન્ટને રદ કરાવવા માટે પણ શું કરવું જોઈએ, પેટન્ટને કોણ રદ કરવાનો અધિકાર ધરાવે છે કે પેટન્ટને કયા કયા ગ્રાઉન્ડ્સ પર જ રદ કરી શકાય છે તે સંબધિત જોગવાઈઓ આ કાયદામાં જ કરવામાં આવેલ છે. આ સાથે સંકળાયેલી બધી જ બાબતો અને પેટન્ટના રદ્દીકરણને આ પ્રકરણમાં આપવામાં આવેલ છે.

જેમ પેટન્ટ આપવાનો અધિકાર કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને મળેલો છે તેમ પેટન્ટ રદ કરવાનો અધિકાર પણ આ કાયદા નીચે આપવામાં આવેલ છે. તેથી આ કાયદા નીચે કોઈ પણ પેટન્ટન રદ કરાવવી હોય તો કલમ 64 નીચે પેટન્ટનું રદ્દીકરણની જોગવાઈઓનું પાલન કરવું ફરજિયાત છે. કારણ કે આ કોઈ એક વ્યક્તિને મંજૂર કરવામાં આવેલા હકને રદ કરે છે.

પેટન્ટ મંજૂર કરવાની સતા કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ મળી છે પરંતુ પેટન્ટને રદ કરવાની સત્તા કન્ટ્રોલર ઓફ પેટન્ટને મળેલી નથી. આ માટે જે તે વ્યક્તિએ કે અરજદારે અંપેલેટ બોર્ડ સમક્ષ અથવા વડી અદાલત સમક્ષ અથવા જિલ્લા અદાલતથી નીચેની ન હોય તેવી કોઈપણ અદાલતમાં પેટન્ટ રદ કરવા માટે અરજી કરી શકે છે. આજ કાયદાની કલમ 104 માં આ બાબતે જોગવાઈ કરવામાં આવેલી છે તેથી કલમ 64 નો અભ્યાસ કરતી વખતે કલમ-104 નો અભ્યાસ પણ મહત્ત્વનો ગણાય છે. કારણ કે કલમ 104 કઈ સત્તાધિકારીને મંજૂર થયેલી પેટન્ટ રદ કરવાની સત્તા છે, તે તેમાં આપવામાં આવેલી છે.

### ❖ રદ્દીકરણનો અર્થ :

રદ્દીકરણનો અર્થ એમ થાય છે જે વ્યક્તિને પોતાની શોધ માટે આ કાયદાની જોગવાઈઓને આધારે પેટન્ટ આપવામાં આવી હોય અને તેથી તે પેટન્ટ ધારણ કરતા પેટન્ટ મંજૂર થયાથી અધિકારો ભોગવતા હોયછે તો તે વ્યક્તિને તેની શોધ માટે જે પેટન્ટ મળેલી છે તે પેટન્ટ આ કાયદાની જોગવાઈઓના આધારે રદ કરવી એમ અર્થ થાય છે. પેટન્ટ ધારણકર્તાને જે પેટન્ટ માટે સંપૂર્ણ અધિકારો પ્રાપ્ત થયા હતા તે સંપૂર્ણ અધિકારો બંધ થાય છે અથવા આવા સંપૂર્ણ અધિકાર અસ્તિત્વમાં રહેતા નથી. આમ કલમ 64 થી કોઈ એક વ્યક્તિને કાયદા નીચે મળેલા અધિકારો રદ થાય છે અને રદ થયા પછીથી આવા અધિકારોની અમલ કે ઉપયોગ કરી શકતો નથી.

આ કાયદાની અલગ-અલગ જોગવાઈઓમાં પેટન્ટની માન્યતાને પડકારી શકાય છે. કોઈપણ વ્યક્તિ આ જોગવાઈઓને આધીન પેટન્ટની માન્યતાને પડકારી શકે છે. આ કાયદાની કલમ 25 માં પેટન્ટ મંજૂર થયા પછી તેનો વિરોધ નોંધાવતી અરજી કરી શકાતી હોય છે. તેથી

મંજૂરી મળ્યા બાદ પણ પેટન્ટ કોઈપણ વ્યક્તિને એમ લાગે કે આ શોધ પેટન્ટપાત્ર નથી તો તેની માન્યતાના વિરોધમાં કલમ 25 નીચે અરજી કરી શકે છે.

કલમ 64 મુજબ ઇન્ટેલિકચ્યુલ પ્રોપર્ટી એપેલેટ બોર્ડ સમક્ષ તેમજ વડી અદાલતમાં પેટન્ટને રદ કરાવવા માટે અરજી કરી શકાય છે. તે જ રીતે કલમ 85 માં જો પેટન્ટ કાર્યાન્વિત ન હોય તો તે પેટન્ટને રદ કરવા માટે અરજી કરી શકાય છે.

તે જ રીતે કલમ 66 માં જાહેરહિત આવતું હોય તો કેન્દ્ર સરકાર જાહેર હિતના રક્ષણ માટે પણ આપવામાં આવેલી પેટન્ટને રદ કરી શકે છે અને કલમ 65 માં જો કોઈ એટોમિક એનર્જી બાબત સંકળાયેલી હોય તો તે સંજોગોમાં કેન્દ્ર સરકાર આ પેટન્ટ રદ કરવા માટે નિર્દેશ આપી શકે છે. આમ પેટન્ટની માન્યતા અને તેને રદ કરવા માટે આ કાયદામાં વિવિધ પ્રકારની જોગવાઈઓ આપવામાં આવેલી છે

ખાસ કરીને કલમ 64માં વિવિધ પ્રકારના ગ્રાઉન્ડ સ્થાપવામાં આવેલા છે. કયા કયા કારણો નીચે પેટન્ટ રદ કરાવી શકાય તે સમજતા પહેલા આપણે એ જોવું જોઇએ કે રદ કરવા માટેની અરજી કરવાનો અધિકાર કોણ કોણ ધરાવે છે.

કલમ 64 હેઠળ ત્રણ પ્રકારની વ્યક્તિઓને આ અધિકાર આપવામાં આવેલા છે જે પેટન્ટ રદ કરાવવા માટે અરજી કરી શકે છે. જેમાં એક છે કોઈપણ હિત ધરાવનાર વ્યક્તિ, બીજું છે કેન્દ્ર સરકાર અને ત્રીજું છે કોઈપણ વ્યક્તિ જે પેટન્ટભંગના દાવામાં ઉલટદાવો દાખલ કરે.

પેટન્ટને રદ કરાવવા માટે કોઈપણ વ્યક્તિ જે તેમાં હિત ધરાવતો હોય, કેન્દ્ર સરકાર તેમજ કોઈપણ વ્યક્તિ પેટન્ટ ભંગના દવામાં કાઉન્ટર ક્લેઈમ એટલે કે ઉલટદાવાના આધારે પેટન્ટ રદ કરવાની માગણી કરી શકે છે.

પેટન્ટ રદ કરવાના કારણો તપાસતા હતા પહેલા રદ્દીકરણ , કાઉન્ટરક્લેઈમ અને પોસ્ટ-ગ્રાન્ટ ઓપોઝિશન શું છે તે પણ સમજવું પડે.

રદ્દીકરણ અને ઉલટ દાવો માટેની જોગવાઈ માટે કલમ 64માં જોવા મળે છે જ્યારે પોસ્ટ-ગ્રાન્ટ ઓપોઝિશન એટલે કે મંજૂરી મળ્યા બાદનો વિરોધ કલમ 25 માં આપવામાં આવેલ છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે શું કોઈ વ્યક્તિ બધાજ ઉપચારનો ઉપયોગ પેટન્ટ રદ કરવા માટે કે તેની માન્યતાને અટકાવવા માટે કરી શકે છે ? એટલે કે એક સાથે બે કે તેથી વધુ સત્તાધિકારીઓ પાસેથી એક જ બાબતેની કાર્યવાહી કરી શકાય કે નહિ તે મહત્ત્વનો પ્રશ્ન છે. કોઈ દાવો કરવામાં આવ્યો હોય અને તે દાવાના સામેવાળા એટલે કે પ્રતિવાદી દ્વારા તે દાવાના કારણ બાબતે ઉલટ દાવો દાખલ કરે સાથે સાથે એપેલેટ બોર્ડમાં પણ રદ કરવા માટે અરજી કરે કે પોસ્ટ-ગ્રાન્ટ ઓપોઝિશન એટલે કે એકવાર પેટન્ટ મંજૂર થયા બાદ કોઈપણ વ્યક્તિ તે મંજૂર થયેલી પેટન્ટની માન્યતાને પડકારે છે, વિરોધ કરે છે તો સામેવાળી વ્યક્તિ આ ત્રણ કાર્યવાહી એક સાથે કરી શકે. જો કે પેટન્ટના કાયદામાં આ બાબતે સ્પષ્ટતા આપેલ નથી. તેથી આ સંજોગોમાં બીજા કાયદાની મદદ લેવી પડે છે. ભારતની ઉચ્ચતમ ન્યાયાલયમાં એક કેસ એલોય વોબન અને બીજા વિરૂદ્ધ યોગેશ મહેતા અને બીજાની અપીલ થયેલી હતી. જેમાં ઉચ્ચત્તમ અદાલતે કાઉન્ટર ક્લેઇમ, રિવોકેશન અને પોસ્ટ ગ્રાન્ટો ઓપોઝિશનની કાર્યવાહી બાબતે જણાવ્યું હતું. આ કેસમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે જો કોઈ હિત ધરાવનાર વ્યક્તિ કલમ 25 નીચે નોંધણી થયા પછી વિરોધ માટેની અરજી કરે તો તે સંજોગોમાં તે પોતાના કલમ 64 નીચેના બધા જ અધિકારને જતા કરે છે એટલે કે 64 નીચેના ઉપચારનો ઉપયોગ કરી શકતો નથી.

આ જ રીતે જો કોઈ વ્યક્તિ પેટન્ટ રદ કરવા માટે કલમ 64 નીચે વડી અદાલત સમક્ષ રદ કરવાની માગણી કરી હોય તો તે આ પેટન્ટ રદ કરાવવા માટે એપેલેટ બોર્ડ સમક્ષ બીજી

અરજી કરી શકતો નથી. તે જ રીતે કોઈ વ્યક્તિ કલમ 64 નીચે પેટન્ટની રદ કરવા માટે અપેલેટ બોર્ડ સમક્ષ અરજી કરી હોય તો તે સંજોગોમાં તે વડી અદાલતમાં પેટન્ટ ભંગના કેસમાં COUNTER CLAIM તરીકે દાવો દાખલ કરી શકતો નથી. આ કેસમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોઈ એક જ સંસ્થા પાસેથી પેટન્ટ રદ કરવા માટે કે પેટન્ટનો વિરોધની અરજી કરવા માટે જોગવાઈ કરવામાં આવેલી છે. જો બંને સંસ્થા પાસેથી આ પ્રકારનો ઉપચાર માંગવામાં આવે તો બંને સત્તાધિકારીઓની સત્તાનો સંઘર્ષ થવાની શક્યતાઓ ઉપસ્થિત થાય છે તેથી અરજદાર એટલે કે પ્રતિવાદી કોઈપણ એક સંસ્થા પાસેથી પોતાની અરજી કરી ઉપચાર માંગવો જોઈએ.

## 4.6 પેટન્ટ રદ કરવાના કારણો કલમ-64 :

આ કાયદાની કલમ 64 હેઠળ નીચે મુજબના ગ્રાઉન્ડ પેટન્ટને રદ કરવા માટે આપવામાં આવેલા છે.

1. કલમ 64(એ) હેઠળ ભારતમાં જે શોધ માટે સંપૂર્ણ વિવરણ આપવામાં આવ્યું હોય અને તે વિવરણનો બીજી કોઈ મંજૂર થયેલી પેટન્ટના સંપૂર્ણ વિવરણમાં સમાવેશ થઈ જતો હોય અને તે પેટન્ટની અરજી આ અરજદારની પેટન્ટની અરજી પહેલા દાખલ થયેલી હોય તો આ એક રદ થવા માટેનું કારણ બની શકે છે. એક જ સંપૂર્ણ વિવરણના આધારે એકથી વધુ પેટન્ટ માટે અરજી ન થાય તે માટે આ કલમ છે. ઘણીવાર એક જ અરજદાર પોતાની આગળની શોધની ફરીથી પેટન્ટ મેળવવા અરજી કરતો અટકાવવાનો છે. તેથી એક જ શોધ માટે એક કે તેથી વધુ અરજી કરી શકતી નથી.

2. કલમ 64 (બી)માં આપેલ છે કે જે વ્યક્તિને પેટન્ટ મંજૂર કરવામાં આવેલી છે તે વ્યક્તિ વાસ્તવમાં પેટન્ટ મેળવવા માટે હક્કદાર ન હતી. આ કાયદાની અન્ય બીજી જોગવાઈઓમાં જણાવવામાં આવ્યું છે કે પેટન્ટ માટે કોણ અરજી કરી શકે છે અને તે મુજબ જે વ્યક્તિ પેટન્ટની અરજી કરવા માટે સક્ષમ ન હોય તો કોઈ સંજોગોમાં તે વ્યક્તિને પેટન્ટ પ્રાપ્ત થઈ હોય તો તે પેટન્ટના કાયદાની આ કલમ નીચે રદ કરી શકાય છે.

3. કલમ 64 (સી)માં જણાવ્યું છે કે કોઈ વ્યક્તિએ પેટન્ટકર્તા કે તેના પ્રતિનિધિના અધિકારોનો ભંગ થાય તેવી ખોટી રીતે પેટન્ટ પ્રાપ્ત કરી હોય તો તે સંજોગોમાં તે પેટન્ટ રદ થવાને પાત્ર છે. અરજદાર કે અરજદારના પ્રતિનિધિના હકોના રક્ષણ માટે આ જોગવાઈ કરવામાં આવેલ છે. જો કોઈ સંજોગોમાં પેટન્ટ ગેરસમજથી કે કપટથી કે અન્ય કોઈ આ કારણથી પ્રાપ્ત કરી હોય અથવા તો તે પેટન્ટ માટે તેને અરજદાર કે તેના પ્રતિનિધિ સાથે છેતરપિંડી કરી તો તે સંજોગોમાં આ પેટન્ટ રદ થવાને પાત્ર છે.

4. કલમ 64 (ડી) હેઠળ જે સંપૂર્ણ વિવરણનો હક દાવો કરવામાં આવેલ છે તે કાયદા મુજબ શોધ ન હોય તો તે રદ થવાને પાત્ર છે. આ કાયદામાં શોધનો અર્થ આપવામાં આવેલ છે. જ્યારે પણ પેટન્ટ મેળવવા માટે અરજી કરનાર વ્યક્તિએ પોતાના સંપૂર્ણ વિવરણના હક્ક દાવામાં માંગણી કરેલ છે તે આ કાયદાની કલમ મુજબ શોધ ન હોય તો તે રદ થવાને પાત્ર બને છે.

૫. કલમ 64(ઇ) મુજબ જ્યારે કોઈ સંપૂર્ણ વિવરણના હક્ક દાવા મુજબ જે તે શોધનો હક્ક દાવો કરવામાં આવેલ હોય તે શોધ નવીન ન હોય અને તે હક્ક દાવાની માંગણી કર્યો પહેલા ભારતમાં જાહેરમાં જાણીતી હોય અને જાહેર થયેલી હોય અથવા ભારતમાં

કે અન્ય ક્યાંય પણ જાહેર થયેલી હોય અથવા કલમ 13 હેઠળ આપવામાં આવેલા દસ્તાવેજોમાં આ શોધ ભારતમાં કે કોઈપણ જગ્યાએ પ્રસિદ્ધ થયેલી હોય તો તે રદ થવાને પાત્ર છે.

6. કલમ 64(એફ) મુજબ જો સંપૂર્ણ વિવરણનો હક્કદાવાની માંગણી આધારે જો કોઈ શોધનો હકદાવો કરવામાં આવે છે અને તે સ્પષ્ટ હોય અથવા તે શોધ કોઈ સંશોધનાત્મક પગલું ધરાવતું ન હોય અને તે ભારતમાં જાણીતી હોય અને ઉપયોગમાં હોય અથવા ભારતમાં અથવા કોઈપણ જગ્યાએ આ હક દાવાની માંગણી કરવામાં આવી હોય તેના પહેલા તે જાહેર થયેલી હોય તો તે સંજોગોમાં આ કલમ નીચે પેટન્ટ રદ કરવામાં આવી શકે છે. આ કલમ જણાવે છે કે જે કોઈ શોધ માટે પેટન્ટ મેળવવાની છે તે શોધ નવી હોવી જોઇએ અને તેના સંપૂર્ણ વિવરણમાં જે બાબતો જણાવેલ છે તેનો પહેલા કોઈ પેટન્ટ મેળવવા માટે આપવામાં આવેલા સંપૂર્ણ વિવરણમાં સમાવેશ થયેલ હોવી જોઈએ નહીં.

7. કલમ 64 (જી)માં જણાવેલ છે કે સંપૂર્ણ વિવરણમાં જે શોધ માટે હક્ક દાવો અગાઉ કરવામાં આવેલ છે તે શોધ ઉપયોગી ન હોય તો તે સંજોગોમાં પેટન્ટ રદ કરાવી શકાય છે. આ કાયદા મુજબ શોધ ઉપયોગી પણ હોવી જોઈએ છે. જે શોધ ઉપયોગી થઇ શકે અને જાહેર જનતાના હિત માટે તે ઉપયોગમાં આવી શકે તે પ્રકારની હોવી જોઈએ. સામાન્ય રીતે વસ્તુની શોધ કરવામાં આવે અને તે શોધથી સમાજને કોઈ લાભ થતો ન હોય તો તે સંજોગોમાં એમ કહી શકાય કે તે શોધ લોક ઉપયોગી નથી તેથી આવી શોધો પેટન્ટને પાત્ર બનતી નથી. આમ જે શોધ ઉપયોગી ન હોય તેને રદ કરાવી શકાય છે.

8. કલમ 64(એચ) હેઠળ જ્યારે કોઈ શોધનું સંપૂર્ણ વિવરણ તે શોધનું પૂરતા પ્રમાણમાં અને યોગ્ય રીતે વર્ણન કરતું ન હોય તેમજ તે શોધ કઈ પદ્ધતિથી કે સૂચનોના આધારે કાર્યરત કરી શકાય તે સંપૂર્ણ વિવરણમાં જણાવવામાં આવેલ ન હોય. કોઇ સામાન્ય જ્ઞાન ધરાવતો કે એવરેજ જ્ઞાન ધરાવતો વ્યક્તિ આ શોધનો ઉપયોગ કરી શકે તેમ ન હોય તેમજ આ સંપૂર્ણ વિવરણ તે શોધના ઉપયોગ માટેની કોઈ સારામાં સારી પદ્ધતિ બતાવતી ન હોય કે જે પદ્ધતિ શોધકર્તા જાણતી હોય કે જે પદ્ધતિના આધારે તે રક્ષણ મેળવવા હકદાર હોય તો આવી શોધ આ કલમ નીચે રદ થવાને પાત્ર બને છે. જ્યારે પણ સંપૂર્ણ વિવરણમાં તે શોધનો અમલમાં કઈ રીતે થઈ શકે તે જો તે વર્ણન કરવામાં ન આવે તો સામાન્ય બુદ્ધિવાળા માણસ તેનો ઉપયોગ કરી શકતા નથી. જે સંપૂર્ણ વિવરણના આધારે પેટન્ટ આપવાનો હેતું છે તે હેતુ ત્યાં પરિપૂર્ણ થતી નથી. તેથી શોધ કર્તાએ સંપૂર્ણ વિવરણમાં પેટન્ટનો સારામાં સારો ઉપયોગ કે તેને સરળતાથી અમલમાં કઈ રીતે મૂકી શકાય તે બતાવવું જરૂરી હોય છે. જો તે આ બાબતે વર્ણનમાં જાહેર કરી ન હોય તો તે પેટન્ટ રદ થવાને પાત્ર બને બનતી હોય છે.

9. કલમ 64(આઈ) મુજબ જ્યારે કોઈ સંપૂર્ણ વિવરણનો હક્ક દાવો પૂરતા પ્રમાણમાં અને સ્પષ્ટ રીતે તેનો વિસ્તાર કે કાર્યક્ષેત્ર જણાવતુંના હોય અથવા વિગતવાર વર્ણન (સ્પેશિફિકેશન)માં જે બાબતો છે તેના ઉપર સંપૂર્ણ વિવરણ આધારિત ન હોય તો તો તે સંજોગોમાં આવી પેટન્ટ રદ થવાને પાત્ર બને છે. સંપૂર્ણ વિવરણમાં જેટલી સ્પષ્ટતા હોવી જોઇએ તે સ્પષ્ટતા ન હોય અને જે બાબતો ઉપર સંપૂર્ણ વિવરણ આધારીત હોવું જોઇએ તેના ઉપર ન હોય તો પેટન્ટને રદ કરી શકાય છે.

10. કલમ 64(જે)મુજબ જ્યારે વ્યક્તિ કોઈ ખોટી સૂચનાઓ અને ખોટી રજૂઆતોના

આધારે પેટન્ટ મેળવે છે તો પણ તે પેટન્ટ રદ થવાને પાત્ર બનતી હોય છે. અરજદાર પોતાની અરજીમાં અને સંપૂર્ણ વિવરણમાં જે વાસ્તવિક રજૂઆતોના સ્થાને ખોટી સૂચનાઓ અને ખોટી રજૂઆતો જણાવતા હોય અને તેના આધારે પેટન્ટ પ્રાપ્ત કરે તો આ સંજોગોમાં આવી પેટન્ટ રદ થવાને પાત્ર બનતી હોય છે. જે શોધની પેટન્ટ અરજી કરનારે શોધ કરી નથી છતાં પણ ખોટી રજૂઆત કરીને પેટન્ટ અરજીકર્તા તરીકે અરજી કરીને પેટન્ટ પ્રાપ્ત કરે તો તે આ કલમ નીચે રદબાતલ થાય છે.

11. કલમ 64(કે) મુજબ સંપૂર્ણ વિતરણના હક્ક દાવાનો વિષયવસ્તુ જો પેટન્ટપાત્ર ન હોય તો આ કલમ નીચે તે પેટન્ટ રદ થવાને પાત્ર બને છે. આ કાયદાની જોગવાઈઓમાં જણાવેલ છે કે પેટન્ટ કયા કયા વિષય પર મળી શકે છે અને કયા ક્યાં વિષય પર પેટન્ટ મળી શકતી નથી. તેથી જો કોઈ વ્યક્તિ એ પોતાના સંપૂર્ણ વિવરણમાં જે બાબતો જણાવી છે તેનો વિષયવસ્તુ કાયદાની જોગવાઈઓનો વિરોધ કરતી હોય કે ભંગ કરતી હોય તો તેવી વિષયવસ્તુવાળી પેટન્ટ રદ થવાને પાત્ર છે.

12. કલમ 80(એલ)માં જણાવ્યુ છે કે જે શોધ માટે સંપૂર્ણ વિવરણનો હક દાવો કરવામાં આવે છે તે શોધનો ભારતમાં ગુપ્ત રીતે તેનો ઉપયોગ થતો હોય તો આવી પેટન્ટ રદ થવાને પાત્ર છે. પરંતુ આજ કલમની પેટાકલમ ત્રણમાં એટલે કે કલમ 64(3)માં જણાવેલ કારણ માટે જ તે શોધનો તેનો ઉપયોગ થતો હોય તો તે સંજોગોમાં તેવી પેટન્ટ રદ થવાને પાત્ર બનતી નથી. કોઈપણ વ્યક્તિએ પોતાની શોધ માટે સંપૂર્ણ વિવરણના હક્ક દાવા સાથે અરજી કરી હોય પરંતુ તે જે સંપૂર્ણ વિવરણવાળી બાબતનો ભારતમાં ગુપ્ત રીતે ઉપયોગ થતો આવતો હોય તો પછી તે સંપૂર્ણ વિવરણવાળો હક્કદાવાની માંગણી હેઠળ પેટન્ટ મેળવી શકાતી નથી. પરંતુ અપવાદરૂપે એમ કહેવામાં આવ્યું છે કે જો કલમ 64(3) નીચે જે ત્રણ કારણો આપે છે તે કારણો હોય તો તેવી પેટન્ટ રદ થવાને પાત્ર બનતી નથી.

13. કલમ 64(એમ)માં એમ જણાવવામાં આવ્યું છે કે આ કાયદાની કલમ 8 નીચે જે માહિતી અરજદારે કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને જાહેર કરવી જોઈએ તેને જાહેર કરી ન હોય અથવા તો જે માહિતી આપેલી હોય તે માહિતી તેના જ્ઞાન મુજબ ખોટી હોય તો તે સંજોગોમાં આ કલમ નીચે પેટન્ટ રદ થવાને પાત્ર બને છે. આ કલમ ફરજના ભાગ રૂપે આપવામાં આવેલી છે. અરજીકરનાર ઉપર ફરજ નાંખવામાં આવેલી છે. કારણ કે આ કલમથી કલમ 8 માં જણાવેલ દરેક બાબતોની માહિતી કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટને આપવાનું ફરજિયાત છે. જો તે માટે કસુર કરે તો તેની અરજી રદ થવાને પાત્ર બને છે. વ્યક્તિ જાણી જોઈને કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટને ખોટી માહિતી આપે જે તેના જ્ઞાન મુજબ સાચી નથી તો તે સંજોગોમાં મંજૂર થયેલ પેટન્ટ આ કલમ નીચે રદ જ કરાવી શકાય છે.

14. કલમ 64 (એન) જણાવે છે કે આ જ કાયદાની કલમ 35 અને કલમ 39 હેઠળ અરજદારને નિર્દેશ આપવામાં આવેલા હોય તો તે નિર્દેશોનું પાલન કરવાની ફરજ પેટન્ટકર્તાની છે. જો કલમ 35 અને કલમ 39 ના આદેશોનું ઉલ્લંઘન કરવામાં આવે તો જે પેટન્ટ મળેલી તે પેટન્ટ રદ થવાને પાત્ર બને છે. ઇન્ડિયન પેટન્ટ એક્ટની કલમ 35 મુજબ કેન્દ્ર સરકારને લાગે કે કોઈ પેટન્ટ દેશના સંરક્ષણના હેતુ માટે મહત્ત્વની છે તો તેને ગુપ્ત રાખવાનો આદેશ આપી શકે છે. અરજદાર આ ગુપ્ત રાખવાના આદેશની વિરુદ્ધ તેને દેશમાં જાહેર કરે તો કલમ ૩૫ નો ભંગ થયો તેમ માનવામાં આવે છે. આ કાયદાની કલમ ૩૯ જણાવેલ છે કે ભારત બહાર પેટન્ટ મેળવવા માટે

કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ મંજૂરી આપે છે. જો કોઈ વ્યક્તિ કે કંપની ભારતના બહારના દેશમાં એટલે કે વિદેશમાંથી પેટન્ટ મેળવવા માંગતા હોય તો તેને પુર્વ મંજૂરી લેવી પડે છે. જો તે મંજૂરી લીધા વગર અરજી કરે તો ભારતમાં તેને જે પેટન્ટ પ્રાપ્ત થયેલી હોય તે પેટન્ટ રદ કરી શકાય છે.

15. આ કાયદાની કલમ 64(ઓ)માં એમ જણાવ્યું છે કે આજ કાયદાની કલમ 57 અથવા કલમ 58 નીચે જે સંપૂર્ણ વિવરણમાં સુધારો કરવા માટેની મંજૂરી મેળવેલ છે તે મંજૂરી અરજદારે ફ્રોડ એટલે કે છળથી મેળવવામાં આવેલી હોય તો તે સંજોગોમાં પેટન્ટ રદ થવાને પાત્ર બને છે. જે મંજૂરી અરજદારે પોતાના સંપૂર્ણ વિવરણના સુધારા માટે મેળવવાની હોય છે તે મંજૂરી શુદ્ધ ભાવનાથી કપટ વગર મેળવેલ હોવી જોઈએ. કલમ 57 મુજબ આ મંજૂરી કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા આપવામાં આવતી હોય છે. જયારે કલમ 58 મુજબ સંપૂર્ણ વિવરણમાં સુધારો કરવાની મંજૂરી વડી અદાલત દ્વારા આપવામાં આવતી હોય છે. આમ આ પ્રકારની મંજૂરી કપટથી મેળવવામાં આવે તો બે સત્તાધિકારી સાથે કપટ કરીને મંજૂરી પ્રાપ્ત કરી છે તેમ માનવામાં આપે છે.

16. કલમ 64 (પી) મુજબ શોધના સંપુર્ણ વિવરણમાં જે શોધ માટે જે કોઈ સામગ્રીનો ઉપયોગ થયો હોય તો તેવી જૈવિક સામગ્રીના સ્ત્રોત કે ભૌગોલિક મૂળ જણાવે નહિ અથવા તેના સ્ત્રોત બાબતે ખોટી રીતે ઉલ્લેખ કરવામાં આવેલ હોય તો તે વિવરણના આધારે મળેલ પેટન્ટ આ કલમ નીચે રદ થવાને પાત્ર બનતી હોય છે તેથી જ્યારે પેટન્ટકર્તાએ સંપૂર્ણ વિવરણની અંદર તેને પોતાની શોધ માટે કયા પ્રકારની જૈવિક સામગ્રીનો તેમ જ ક્યાં ભૌગોલિક સ્થળેથી ઉપયોગ કર્યો છે તે સ્ત્રોતની માહિતી આપવી ફરજિયાત છે અને જો તેમ કરવામાં અરજદાર નિષ્ફળ નીવડે તો તેની અરજી રદ કરી શકાય છે.

17. કલમ 64(ક્યુ) એમ જણાવેલ છે કે પેટન્ટ માટે સંપૂર્ણ વિવરણમાં જે શોધ માટે હક્ક દાવો કરવામાં આવેલ છે તે શોધ ભારતમાં કે અન્ય જગ્યાએ મૌખિક કે અન્ય રીતે સ્થાનિક કે સ્વદેશી સમુદાયમાં જાણીતી હોય તો તે સંજોગો મેં પેટન્ટ રદ થવાને પાત્ર બને છે.

18. કલમ 64(4) માં કેન્દ્ર સરકાર વડી અદાલતમાં પેટન્ટને રદ કરવા માટે અરજી કરી શકે છે. કેન્દ્ર સરકારે જયારે પેટન્ટકર્તાને આ કાયદાની કલમ નીચે વિનંતી કરી હોય અને અને તે પેટન્ટનો ઉપયોગ, તેનું ઉત્પાદન કે તેને અમલમાં મૂકવાનો જે હેતુ કલમ 99 માં આપવામાં આવેલ છે તે હેતુને પેટન્ટકર્તા પરિપૂર્ણ કરવામાં જો નિષ્ફળ જાય તો તે સંજોગોમાં કેન્દ્ર સરકાર વડી અદાલત મારફતે મંજૂર થયેલી પેટન્ટને રદ કરાવી શકે છે

આ સિવાય કલમ 64(5) એમ જણાવે છે કે પેટન્ટ રદ કરવા માટેની જે અરજી છે તેની નોટિસ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટના રજીસ્ટરમાં જેટલા પણ લોકો તે પેટન્ટના માલિક છે અથવા તે પેટન્ટમાં હીત ધરાવે છે તે દરેકને તે નોટિસ આપવાની રહેશે.

આ કલમ 64 નીચે આપવામાં આવેલા કારણોથી પેટન્ટને રદ કરાવી શકાય છે. પરંતુ આ કલમ 64 અન્ય કોઈ કલમને પ્રતિબંધિત કરતી નથી. આ કાયદાની માત્ર કલમ 64 થી જ પેટન્ટ રદ કરાવી શકાય તેમ નથી. તેના સિવાય પણ આ જ કાયદાની ઘણી જોગવાઈઓ છે કે જેના આધારે પણ પેટન્ટને રદ કરાવી શકાતી હોય છે. જેમ કે કલમ 25 જેમાં પેટન્ટ મળ્યા બાદ પેટન્ટનો વિરોધ કરવા માટેની જોગવાઈઓ આપવામાં આવેલી છે. આ સિવાય કલમ 66 માં લોકહીત માટે પણ પેટન્ટને રદ કરી

શકાય છે. કલમ 66 પ્રમાણે પેટન્ટનો જે અમલ કરવામાં આવે છે તેનાથી લોકોને પ્રતિકૂળ અસર થાય તેમ હોય તે સંજોગોમાં કેન્દ્ર સરકાર પેટન્ટને રદ કરાવી શકે છે. કલમ 85 માં જો પેટન્ટ કાર્યાન્વિત ન હોય તો તેને પણ રદ કરાવી શકાય છે.

## 4.7 સારાંશ

આમ, ભારતીય પેટન્ટ ધારાની મુખ્ય જોગવાઈઓ નવીનતા, ઉદ્યોગપતિઓ અને શોધકર્તાઓને પ્રોત્સાહન આપે છે, જેનાથી અભિપ્રેરિત થઈને તેઓ નવા વિચારો અને શોધોમાં રોકાયેલા રહે છે. આ કાનૂની જોગવાઈઓ તેમનો આરોગ્યપ્રદ સંગ્રક્ષણ કરતા માત્ર આર્થિક લાભો પૂરતા નથી, પરંતુ તેઓ સમગ્ર સમાજમાં ટેકનોલોજી અને ઈનોવેશનના વિકાસ માટે માર્ગ ચીંધી આપે છે. સાયબર સુરક્ષા અને સાયબર ક્રાઈમના સંદર્ભમાં પણ પેટન્ટના આ નિયમો અને રક્ષણો મહત્ત્વના છે, કારણ કે તેઓ ડિજિટલ સંપત્તિને સુરક્ષિત રાખવામાં મદદરૂપ બને છે.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો :

- **સવિસ્તાર જવાબો આપો.**

(1) પેટન્ટ ધરાવનારના અધિકારો કલમ-૪૮ અને કાર્યાન્વિત પેટન્ટ કલમ-૮૩ સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) ફરજિયાત પરવાનો કલમ-૮૪ અને પેટન્ટનું રદ્દીકરણ કલમ-૬૪ સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) પેટન્ટ રદ કરવાના કારણો કલમ-૬૪નું વર્ણન કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

- **બહુવિકલ્પ પ્રશ્નો :**

1. પેટન્ટ ધારાની કઈ કલમ નીચે સરકાર ફરજિયાત પરવાનો આપી શકે છે ?

   અ. કલમ 91 બ. કલમ 92

   ક. કલમ 93 ડ. કલમ 94

2. પેટન્ટના કાયદાની કઈ કલમ દવાની નિકાસ સાથે સંકળાયેલી છે ?

   અ. કલમ 91 એ બ. કલમ 92 એ

   ક. કલમ 93 એ ડ. કલમ 94 એ

3. પેટન્ટના રદ્દીકરણની જોગવાઈ કઈ કલમમાં આપવામાં આવેલ છે ?

   અ. કલમ 63 બ. કલમ 64

   ક. કલમ 65 ડ. કલમ 66

4. ટ્રીપ્સની સમજુતીના અનુચ્છેદ 31 કોની સાથે જોડાયેલ છે ?

   અ. પેટન્ટની તપાસ

   બ. ફરજિયાત પરવાનો

   ક. વ્યાજબી જરૂરિયાત

   ડ. પ્રોસેસ પેટન્ટ

5. ફરજિયાત પરવાનાની ભલામણ કઈ કમિટીએ કરી હતી ?

   અ. ઐયંગર કમિટી બ. રામાનુજ કમિટી

   ક. રાધાસ્વામી કમિટી ડ. ચેલાસ્વામી કમિટી

6. પેટન્ટના કાયદાની કલમ 83 કોની સાથે સંકળાયેલી છે ?

   અ. ફરજિયાત પરવાનો બ. કાર્યાન્વિત પેટન્ટ

   ક. ઉપરના બંને ડ. ઉપરના એક પણ નહિ

## 4.9 ચાવીરૂપ શબ્દો

- **વર્કિંગ ઓફ પેટન્ટ:** ભારતીય બજાર માં જે શોધ કાર્યરત હોય અને ગ્રાહકો કે અંતિમ વપરાશકાર ને બજારમાં મળી રહે.
- **ફરજિયાત પરવાનો:** પેટન્ટ ધરાવતી કોઈ પણ આર્ટીકલ ના ઉત્પાદન માટે પેટન્ટ ધરવાનાર સિવાય અન્ય ને ઉત્પાદન માટે પરવાનો આપવો.

## 4.10 સંદર્ભ સૂચિ

1. બૌદ્ધિક સંપત્તિનો કાયદો. સી જમનાદાસ કંપની
2. Intellectual Property law by Avtar Singh, Eastern book company
3. Intellectual Property Law by P Narayanan, Eastern Law House
4. Supreme Court on Intellectural Property by Surendra Malik and Sudeep Malik, Eastern Book Company

5. All India Reporter
6. Law of Intellectual Property by S R Myneni, Asia Law House
7. Law and practice of Intellectual property, Bharat Law House, Delhi

*****************

એકમ 5

# ભારતમાં પેટન્ટ અંગેના મહત્ત્વના ચુકાદાઓ

-: રૂપરેખા :-

**5.0** ઉદ્દેશ

**5.1** પ્રસ્તાવના

**5.2** બજાજ ઓટો લિમિટેડ વિરુદ્ધ ટીવીએસ મોટર કંપની લિમિટેડ

**5.3** નોવારટીસ કોર્પોરેશન વિ. ભારત સંઘ

**5.4** બાયર કોર્પોરેશન્સ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (ફરજિયાત પરવાનાનો કેસ)

**5.5** બાયર કોર્પોરેશન્સ વિ.યુનિયન ઓફ ઈન્ડિયા (પેટન્ટ લિન્કેજનો કેસ)

**5.6** સારાંશ

**5.7** તમારી પ્રગતિ ચકાસો

**5.8** ચાવીરૂપ શબ્દો

**5.9** સંદર્ભ સૂચિ

## 5.0 ઉદ્દેશ :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- બજાજ ઓટો લિમિટેડ વિરુદ્ધ ટીવીએસ મોટર કંપની લિમિટેડ માહિતી મેળવી શકશો.
- નોવારટીસ કોર્પોરેશન વિ. ભારત સંઘ માટેનો ચુકાદો જાણી શકશો.
- બાયર કોર્પોરેશન્સ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (ફરજિયાત પરવાનાનો કેસ) વિશે સમજી શકશો.
- બાયર કોર્પોરેશન્સ વિ.યુનિયન ઓફ ઈન્ડિયા (પેટન્ટ લિન્કેજનો કેસ) વિશે જાણી શકશો.

## 5.1 પ્રસ્તાવના :

કાયદાઓનું અર્થઘટન અદાલતો દ્વારા એટલે કે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા કરવામાં આવી છે. ભારતીય બંધારણ સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટની અનુચ્છેદ 32 અને અનુચ્છેદ 226 નીચે મૂળભૂત અધિકારોના રક્ષણ કરવાની સત્તા આપે છે. જ્યારે પણ કોઈ સમસ્યા ઉત્પન્ન થાય એટલે કે અર્થઘટન કરવાની સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે અદાલતોએ ધારાસભા દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓને લક્ષમાં રાખીને તેને અનુરુપ કાયદાનું અર્થઘટન કરવાનું હોય છે. અદાલતો નવું અર્થઘટન કરી શકતી નથી. જે સંસદ દ્વારા કહ્યું ન હોય કે સંસદે ધાર્યું ન હોય તે સંજોગોમાં અદાલતને કાયદાની અર્થઘટન કરવાની એક મર્યાદા આવી જાયછે. આ મુજબ અદાલતો એક ચોક્કસ મર્યાદામાં અર્થઘટન કરતી હોય છે. આપણા યુનિટ 5 માં જે કેસો આપવામાં આવેલા છે એટલે કે અદાલત દ્વારા આપવામાં આવેલા નિર્ણયો છે તેની ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ કેસોની ચર્ચા કરવાનો તાત્પર્ય એ જ છે કે તેનો અભ્યાસ કરવાથી વિદ્યાર્થીમાં આ કાયદાને

વાસ્તવિક રીતે કેવા સંજોગોમાં અદાલત દ્વારા કઈ રીતે અર્થઘટન કરવામાં આવે છે. આ અર્થઘટન કરતી વખતે અદાલતોએ અમુક નિયમોને વળગી રહેવાના હોય છે.

અદાલત દ્વારા જે કોઈ આધાર ઉપર કે કારણોથી નિર્ણય લેવામાં આવે છે તેની પાછળ તેમનો બુદ્ધિગમ્ય જ્ઞાનનો સમાવેશ થતો થતો હોય છે. આમ થવા પાછળનું મુખ્ય કારણ તેમના કાયદા ઉપરની પકડ હોય છે. અદાલત જે કેસમાં નિર્ણય આપે છે તે તથ્યો અને કાયદા ઉપર આધારિત હોય છે. અદાલત દ્વારા અલગ-અલગ પરિસ્થિતિમાં દ્વારા અલગ-અલગ નિર્ણય આપતા હોય છે. પેટન્ટના કાયદામાં પણ વિવિધ પ્રકારના કેસોમાં અદાલત વિવિધ પ્રકારના નિર્ણય આપવામાં આવેલા છે. જો આ નિર્ણયનો વ્યવસ્થિત અભ્યાસ કરવામાં આવે તો આપણે પેટન્ટ આ કાયદાની વિવિધ બાબતોને વ્યવસ્થિત સમજી શકીએ છીએ. સામાન્ય રીતે બોદ્ધિક સંપત્તિનો કાયદો Intellectual Property Law એ બહુ ગહન અને ઉંડાનના અભ્યાસનો વિષય છે. જો તેનો યોગ્ય અભ્યાસ કરવામાં ન આવે તો યોગ્ય રીતે કરી અર્થઘટન કરી શકાતું નથી તેથી એક વિદ્યાર્થી તરીકે આ કેસોનો અભ્યાસ બહુ જ મહત્ત્વનો ગણી શકાય છે. તેનાથી વિધાર્થીમાં કાયદા બાબતે જાગૃતતા આવે છે અને તે કાયદાનો અમલ કઈ રીતે અને તેનો અર્થઘટન કઇ રીતે થઇ શકે છે તે જાણી શકાય છે. પેટન્ટનો કાયદો ટેકનિકલ બાબત છે અને તેથી તે પણ તે અર્થઘટન માટે બહુ મહત્ત્વનો છે તેમ પણ કહી શકાય છે.

અદાલતના નિર્ણય જે તે કેસના પક્ષકારોને બંધનકર્તા છે અને અદાલતના નિર્ણયને આખા દેશમાં લાગુ કરી શકાય છે. તેમજ અદાલતના હુકમનામાને આખા દેશમાં અમલમાં મૂકી શકાય છે. અદાલત દ્વારા આપવામાં આવતો નિર્ણય કારણ વગરનો ક્યારેય ન હોઈ શકે કારણ કે કારણ દ્વારા જ આપવામાં આવેલ નિર્ણયને યોગ્ય ઠરાવી શકાય છે.

આ યુનિટમાં પેટન્ટને સંબધિત અલગ અલગ પ્રકારના ચાર કેસોનો અભ્યાસ કરવાનો છે. આ કેસોમાં ભારતીય પેટન્ટના કાયદાની વિવિધ કલમોની છણાવટ કરવામાં આવેલી છે.

## 5.2 બજાજ ઓટો લિમિટેડ વિરુદ્ધ ટીવીએસ મોટર કંપની લિમિટેડ

આ કેસમાં ભારતની બે વિશાળ કંપની વચ્ચે મોટરસાયકલની પેટન્ટ બાબતે તકરાર ઉપસ્થિત થઇ હતી. બજાજ ઓટો લિમિટેડે મદ્રાસ હાઈકોર્ટમાં વચગાળાના મનાઈહુકમ માટે અરજી કરેલી હતી. આ અરજી મદ્રાસ વડી અદાલત દ્વારા 16 ફેબ્રુઆરી 2008ના રોજ મંજૂર કરવામાં આવેલી હતી. મદ્રાસ વડી અદાલતે તેમાં જણાવેલું કે ટીવીએસ મોટર કંપની લિમિટેડે જે નવી પોતાની 125 સીસીની મોટરસાયકલ કે જેનું નામ ફ્લેમ છે તે લોન્ચ કરી શકે નહીં આ પ્રકારનો મનાઈહુકમ મદ્રાસ વડી અદાલતે આપ્યો હતો.

આ પ્રકારના કેસથી ભારતીય ટુ વ્હીલર બજારમાં હલચલ મચી ગઈ હતી. આ બંને કંપનીઓએ એટલે કે આ કેસના પક્ષકારોએ બજારમાં પોતાના માર્કેટ શેર બાબતે એકબીજાના હરીફ હોવાથી આ કેસે બધાનું બહુ જ ધ્યાન ખેંચ્યું હતું.

મદ્રાસ વડી અદાલતના હુકમથી નારાજ થઈને ટીવીએસ મોટર કંપની લિમિટેડે મદ્રાસ વડી અદાલતની ડિવિઝન બેંચમાં અપીલ કરી હતી અને તે અપીલમાં ડિવિઝન બેન્ચે સિંગલ જજ દ્વારા આપવામાં આવેલ આ નિર્ણયને બદલીને જે વચગાળાનો હુકમ આપવામાં આવેલો હતો તેને ઉલટાવી નાખવામાં આવેલો હતો. આમ ડિવિઝન બેન્ચે ટીવીએસ મોટર કંપની લિમિટેડને તેની નવી મોટરસાયકલ ફ્લેમ લોન્ચ કરવાની મંજૂરી આપી હતી. જેનાથી નારાજ થઈને બજાજ ઓટો લિમિટેડે ભારતની સુપ્રીમ કોર્ટમાં ડિવિઝન બેન્ચના હુકમ ઉપર અપીલ કરી હતી. આ કેસ તેથી પણ મહત્ત્વનો બને છે કે બે મોટી જાયન્ટ કંપનીઓ પોતાના દ્વારા વિકસાવવામાં આવેલી

ટેકનોલોજીનો અન્ય કોઈ કંપની તેનો ઉપયોગ કરી માર્કેટ શેર પ્રાપ્ત ન કરી શકે તે હેતુથી આ કેસ બહુ જ મહત્ત્વનો છે એમ કહી શકાય છે. બોદ્ધિક સંપત્તિના કાયદામાં આ બાબતે ભારતની અંદર આ એક વિશિષ્ટ મહત્ત્વ ધરાવતો કેસ છે. તેનાથી બજાજ ઓટો લિમિટેડે પ્રાપ્ત કરેલી પેટન્ટ અન્ય કોઈ કંપની બજાજ ઓટો કંપનીની મંજૂરી વગર ઉપયોગ કરી શકે નહીં અને જો તે ઉપયોગ કરે તો તે બજાજ ઓટો લિમિટેડને પ્રાપ્ત થયેલી પેટન્ટનો ભંગ કરે છે તેમ ગણવામાં આવે. તેથી બજાજ ઓટો લિમિટેડ ટીવીએસ મોટર કંપની લિમિટેડની વિરુદ્ધમાં કાયદેસરના પગલાં લઈ શકે તે પ્રકારની તકરાર આ કેસમાં બજાજ ઓટો લિમિટેડે લીધેલ છે

બજાજ ઓટો લિમિટેડ પોતાની નવી શોધ માટે પેટન્ટ ઓફિસમાં પેટન્ટના રજીસ્ટ્રેશન કરાવવા માટે અરજી કરી હતી. જે અરજી પેટન્ટ રજીસ્ટારની ઓફિસ દ્વારા 7 જુલાઈ 2005ના રોજ મંજૂર કરવામાં આવી હતી. તેની મંજૂર કરવામાં આવેલી તારીખ 16 જુલાઇ 2002 હતી એટલે કે પાછલી અસરથી તે અરજીને મંજૂર કરવામાં આવેલી હતી. બજાજ ઓટો લિમિટેડને આ અરજી કરેથી એટલે કે 16 જુલાઈ 2002 થી લઈને 20 વર્ષ સુધી આ પેટન્ટ ઉપરના બધા જ અધિકારો બજાજ ઓટો લિમિટેડ પ્રાપ્ત થાય છે અને તે તેનો ઉપયોગ કરી શકે તે પ્રકારનું લાયસન્સ પેટન્ટ ઓફિસ દ્વારા તેને આપવામાં આવેલું હતું.

આ પેટન્ટની અરજીનું ટાઈટલ ''ઈન્ટરનલ કમ્બશન એન્જિન વર્કિંગ ફોર સ્ટ્રોક''ના સિદ્ધાંત હેઠળ કરવામાં આવેલી હતી. આ શોધને બજાજ ઓટો લિમિટેડ દ્વારા ડીટીએસઆઈ ટેકનોલોજી એ પ્રકારનું નામ આપવામાં આવ્યું હતું. આ ટેકનોલોજીમાં 45 થી 70 એમ.એમ વચ્ચેના સિલિન્ડર બોર ડાયામીટરમાં બે વિરુદ્ધ દિશામાં બે સ્પાર્ક પ્લગનો ઉપયોગ કરવામાં આવેલો હતો. The use of twin spark plug located diametrically opposite to each other in a small displacement Engine with the cylinder bore.

આ પ્રકારના પ્લગના એડજસ્ટમેન્ટથી દહનની પ્રક્રિયાના સમયમાં તેમજ IGNITION (પ્રજ્વલન)ના સમયમાં ઘટાડો થવાથી બાઇકના પરફોર્મન્સમાં ઘણો વધારો થાય છે. તેથી આ નવી શોધને બજજ ઓટો લિમિટેડે પોતાની નવી પલ્સર બાઈકમાં ઉપયોગ કરેલો હતો અને સારો એવો માર્કેટ શેર પ્રાપ્ત કરેલો હતો.

વર્ષ 2003માં બજાજ ઓટો લિમિટેડ દ્વારા પોતાનું નવું મોટરસાયકલ પલ્સર બજારમાં લોંચ કરવામાં આવેલ હતું. જેમાં તેઓએ ડીટીએસઆઈ (DTSI) ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો. આ શોધ માટેની પેટન્ટની અરજી બજાજ ઓટો લિમિટેડ દ્વારા પેટન્ટ ઓફિસમાં કરી હતી. આ બાઇકના લોન્ચ થયાના આઠ જ માસમાં બજાજ ઓટો લિમિટેડ દ્વારા 814393 જેટલા પલ્સર મોટરસાયકલનું વેચાણ કરેલ હતું. જે તેમના કુલ વેચાણના 54.25 ટકા જેટલા હિસ્સો ધરાવતા હતા. આમ આટલો મોટો હિસ્સો ધરાવતા હોવાથી બજાજ ઓટો લિમિટેડની આ નવી શોધને અન્ય કોઈ કંપની તેમની મંજૂરી વગર ઉપયોગ કરે તો તેનાથી તેમના વેચાણ ઉપર અને નફા ઉપર વિપરીત અસર થઈ શકે તેમ હતી.

આ ટેકનોલોજી જો કોઈ અન્ય કંપની દ્વારા ઉપયોગ કરીને ટુ વ્હીલર વેચવામાં આવે તો તેનાથી બજાજ કંપનીના વેચાણ ઉપર વિપરીત અસર થઇ શકે તેથી બજાજ ઓટો લિમિટેડ આ ટેકનોલોજીને પેટન્ટ કરાવવા માટે અરજી કરી ચૂક્યું હતું અને આ અરજી પેટન્ટ ઓફિસ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. વર્ષ 2007માં ટીવીએસ મોટર કંપની લિમિટેડ દ્વારા એક નવું 125 સીસીનું ફ્લેમ બ્રાંડનામ હેઠળ મોટરસાયકલ લોન્ચ કરવા માટેની જાહેરાત કરી હતી.

ટીવીએસ કંપની દ્વારા એવી જાહેરાત કરવામાં આવી કે તેમના નવા બાઈકમાં બજાજની જેમ બે પ્લગની સીસ્ટમ લાગુ કરવામાં આવેલી છે. આ સિવાય ટીવીએસ કંપનીએ એમ પણ

જણાવ્યું કે બજાજ ઓટો લિમિટેડ દ્વારા તેમને આ ફ્લેમ બાઇકને લોન્ચ ન કરવા માટે ધમકી પણ આપવામાં આવેલી છે અને જો તે આ બાઇક લોન્ચ કરશે તો તેના દ્વારા ટીવીએસ કંપની વિરુદ્ધ કાનૂની પગલાં લેવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. ટીવીએસ કંપનીએ ઓક્ટોબર 2007માં પેટન્ટના કાયદાની કલમ 105 નીચે મદ્રાસ વડીઅદાલતમાં દાવો દાખલ કરે છે અને જણાવે છે કે 1 અને 3 સપ્ટેમ્બર 2007ના રોજ બજાજ ઓટો લિમિટેડ દ્વારા ટીવીએસ કંપનીને ધમકી આપવામાં આવેલી છે તેથી ટીવીએસ કંપનીએ અદાલતની પાસેથી મદદ માંગી કે તેમની નવી બાઈક ફ્લેમને લોન્ચ કરવામાં બજાજ ઓટો લિમિટેડ કોઈપણ પ્રકારની મુશ્કેલી કે બાધા ઉત્પન્ન ન કરે. આ ઉપરાંત ટીવીએસ કંપનીએ આ કાયદાનીચે એપેલેટ બોર્ડ સમક્ષ ભારતીય પેટન્ટ ધારાની કલમ 64 નીચે બજાજ ઓટો લિમિટેડને જે પેટન્ટ આપવામાં આવેલી છે તે પેટન્ટ ખોટી આપવામાં આવેલ છે તેમ જણાવીને તેને રદબાતલ કરવા માટે અરજી કરવામાં આવેલી હતી.

ટીવીએસ લિમિટેડના પ્રકારના પગલાથી બજાજ ઓટો લિમિટેડ પોતાના માર્કેટ શેરના બચાવ માટે મદ્રાસ હાઈકોર્ટમાં કાયમી મનાઈહુકમ મેળવવા માટે આ કાયદાની કલમ 108 નીચે દાવો દાખલ કરે છે અને તેમાં એવી દાદ માંગવામાં આવીકે ટીવીએસ કંપનીને બજાજ ઓટો લિમિટેડને પ્રાપ્ત થયેલી પેટન્ટ મુજબની ટેકનોલોજીનો ઉપયોગ કરતા રોકવામાં આવે અને ટીવીએસ કંપની આ પ્રકારની ટેકનોલોજીનો પોતાની નવી બાઈકમાં તેમજ અન્ય કોઈપણ બાઈકમાં ઉપયોગ ન કરી શકે તે પ્રકારની પણ દાદ માગે છે. આ કેસ હવે બંને કંપનીઓ માટે માત્ર નાણાંકીય નુકસાનનો જ નહીં પરંતુ પોતાને જે શોધ કરેલી છે તે શોધને કાયદેસર રીતે લાગુ કરવા માટે પણ હતો.

THE DOCTRINE OF EQUIVALENTS

આ એક પ્રકારનો સિદ્ધાંત છે કે જેમાં અદાલત પેટન્ટના કિસ્સામાં કોઈ એક પક્ષકારે પેટન્ટનો પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ભંગ કર્યો હોય કે ન હોય છતાં પણ તેને જવાબદાર કરાવી શકી છે. આનો અર્થ એમ થાય છે કે એક પક્ષકારે પેટન્ટ પ્રાપ્ત શોધ જેવીજ ટેકનોલોજીનો ઉપયોગ કરેલ હોય અથવા પેટન્ટ પ્રાપ્ત શોધની નજીકની જ ટેકનોલોજી હોય તો આ પ્રકાર સિદ્ધાંત લાગુ થાય છે.

આ સિવાય આ કાયદાની કલમ 106 હેઠળ અદાલતને ઉપચાર આપવાની સત્તા આપવામાં આવેલી છે. કોઈપણ સંજોગોમાં કોઈ પક્ષકાર બીજા પક્ષકરને પોતાની પેટન્ટનો ભંગ થયાનો ભય આપીને કાનૂની કાર્યવાહીનો ભય આપે ત્યારે આ કલમ લાગુ પડે છે.

જયારે આ કાયદાની કલમ 108 હેઠળ પેટન્ટના ભંગ માટે ઉપચારની જોગવાઈ કરવામાં આવેલ છે અને આ ઉપચાર હેઠળ ટેમ્પરરી રિલીફ એટલે કે વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલી છે.

આ સંજોગોમાં ટીવીએસ મોટર કંપની દ્વારા પણ બજાજ ઓટો લિમિટેડની વિરુદ્ધમાં હાઈકોર્ટમાં પેટન્ટના ભંગની અરજી કરવામાં આવી હતી. આ કેસમાં બજાજ ઓટો લિમિટેડ દ્વારા વચગાળાના મનાઈહુકમ માટે અને ટીવીએસ કંપની દ્વારા કલમ-66 હેઠળ અરજી કરવામાં આવેલી હતી.

**❖ વચગાળાના મનાઈહુકમ નીચેના સંજોગોમાં કરી શકાય છે**

1. વાદીએ એવું સ્થાપિત કરવું પડે કે તેનો કેસ પ્રાથમિક કેસ છે અને તેને પેટન્ટનો કાયદેસરનો ઉપયોગ કરવાનો અધિકાર છે.

2. BALANCE OF CONVENIENCE વાદીના હકમાં છે.

3. વાદીને ચૂકવી ન શકાય તેવું નુકસાન અને ઈજા થવાની સંપૂર્ણ શક્યતા છે

આમ આ ઉપરના ત્રણ કારણો હોય તો વાદીનો કેસ મજબૂત માનવામાં આવે અને જ્યાં સુધી દાવાનો નિકાલ ન થાય ત્યાં સુધી અદાલત વચગાળાનો મનાઈહુકમ આપી શકે છે.

❖ **મદ્રાસ વડી અદાલતના સિંગલ જજનો ચુકાદો.**

મદ્રાસ વડી અદાલતના 16 ફેબ્રુઆરી 2008 ના ચુકાદા મુજબ બજાજ ઓટો લિમિટેડની અરજી ઉપર અદાલતે ટીવીએસ કંપનીની સામે વચગાળાનો મનાઈહુકમ મંજૂર કરેલો હતો. ટીવીએસ કંપનીને પોતાના નવી 125 સીસીની મોટરસાયકલ જેનું નામ ફલેમ છે જે બે પ્લગ એન્જિનની ટેકનોલોજી ધરાવે છે તેવી જ ટેકનોલોજી બજાજ ઓટો લિમિટેડને પેટન્ટમાં મળેલી છે જેને પેટન્ટ ઓફિસે મંજૂર કરી છે. બજાજ ઓટો લિમિટેડનો કેસ પ્રાથમિક દ્રષ્ટિએ પુરવાર થાય છે અને બજાજ ઓટો લિમિટેડની તરફેણમાં વચગાળાનોનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

અદાલતે એમ પણ જણાવ્યું કે પ્રાથમિક દ્રષ્ટિએ જોઈએ તો નોવેલ્ટી કે જેનો અર્થ નવી શોધ થાય છે અને તે હેઠળ પેટન્ટ કાયદા નીચે બજાજ ઓટો લિમિટેડને પેટન્ટ મળેલી છે અને તેથી અરજદારની અરજી PRIMA FACIE છે અને મંજૂર થવાને પાત્ર છે.

બજાજ ઓટો લિમિટેડને પેટન્ટ ઓફિસ દ્વારા જે પેટન્ટ આપવામાં આવી હતી તે પેટન્ટનો ઉપયોગથી બજાજ ઓટો લિમિટેડ પલ્સર બાઈક ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોતાના કુલ વેચાણમાં 50 ટકાથી પણ વધુ ફાળો આ ટેકનોલોજી દ્વારા બનેલા ટુ વ્હીલર હતો. તેથી તેમ કહી શકાય કે બજાજ ઓટો લિમિટેડને આ શોધનો મોટાપાયા પર ઉપયોગ કરે છે અને તેનાથી સારા એવા પ્રમાણમાં માર્કેટ શેર પણ બજાજ ઓટો લિમિટેડ મેળવેલ છે.

ભારતીય પેટન્ટ ધારા હેઠળ કોઈપણ વ્યક્તિ જે પેટન્ટ ધરાવે છે તે પોતે અથવા તેના વતીથી કે તેના એજન્ટ આ શોધનો લાઇસન્સ ધરાવનાર ઉપયોગ કરી શકતા હતા. વર્ષ 2003ના સુધારાથી પેટન્ટ હોલ્ડરને અબાધિત અધિકાર મળેલો છે કે જે કોઈપણ પક્ષકારને પેટન્ટ ટેકનોલોજીનો ઉપયોગથી, વેચાણથી અને વેચાણ માટેની ઓફરથી રોકી શકે છે.

ટીવીએસ કંપની ઓગસ્ટ 2007માં આ મંજૂર થયેલી પેટન્ટની વિરુદ્ધમાં વિરોધ અરજી કરેલી છે જે અરજી સામાન્ય રીતે પેટન્ટ મંજૂર થયાના 12 માસમાં કરવાની હોય છે. બજાજ ઓટો લિમિટેડ વર્ષ 2003માં પલ્સર બાઈકથી આ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વર્ષ 2007 સુધીમાં અગણિત ટુ વ્હીલર વેચાણ કરેલ છે. જ્યારે ટીવીએસ કંપનીએ પોતાની નવી બાઈક 'ફલેમ'ના લોન્ચ થવાના 6 દિવસ પહેલા જ બજાજ ઓટો લિમિટેડની આ પેટન્ટ રદ થવા માટે એપેલેટ બોર્ડ સમક્ષ અરજી કરેલી છે. આ પ્રકારનું ટીવીએસ કંપનીનું દ્વેષભાવ વાળું વર્તન છે એમ કહી શકાય અને જો તે બોનાફાઇડ હોત તો જ્યારે પેટન્ટ મંજૂર થઈ તે સમયે આ પેટન્ટ રદ કરવા માટેની 12 માસના સમયગાળામાં અરજી એપેલેટ બોર્ડમાં કરી શકતા હતા પણ કરી ન હતી.

બજાજ ઓટો લિમિટેડ વર્ષ 2003થી ટેકનોલોજીનો ઉપયોગ કરે છે અને તેના પાંચ વર્ષ થયાં હોવાથી બાકીના પંદર વર્ષ સુધી પણ બજાજ ઓટો લિમિટેડને ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો અધિકાર પ્રાપ્ત થયેલો છે. તેથી બેલેન્સ ઓફ કન્વિનિયન્સ પણ બજાજ ઓટો લિમિટેડના તરફેણમાં છે. તેથી અદાલત બજાજ ઓટો લિમિટેડના તરફેણમાં વચગાળાનો મનાઈ હુકમનો હુકમ કરે છે.

❖ **મદ્રાસ વડી અદાલતની ડીવીઝન બેચનો નિર્ણય**

આ હુકમથી નારાજ થઈને ટીવીએસ કંપની મદ્રાસ હાઈકોર્ટમાં ડિવિઝન બેંચમાં આ હુકમને પડકારે છે અને ડિવિઝન બેન્ચનું અવલોકન છે કે બજાજ ઓટો લિમિટેડનો કેસ prima facie કેસ નથી. તેમણે કહ્યું બજાજ ઓટો લિમિટેડ પોતાની પેટન્ટનો ભંગ જણાવે છે તે પેટન્ટનો પ્રાથમિક દ્રષ્ટિએ ભંગ થતો નથી. આમ ડિવિઝન બેન્ચનું ઓબ્ઝર્વેશન સિંગલ જજના ચુકાદાથી તદન વિપરીત છે. બજાજ ઓટો લિમિટેડ ની DTSi ટેકનોલોજીમાં બે પ્લગનો ઉપયોગની થાય છે જયારે ટીવીએસ કંપની દ્વારા બે અલગ અલગ વાલ્વનો ઉપયોગ કરીને હવા અને બળતણના મિક્ષ્ચરથી બનેલી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી બજાજ લિમિટેડની જે શોધ છે તે શોધમાં બે પ્લગ મહત્ત્વનો ભાગ છે જયારે ટીવીએસ કંપની દ્વારા જે ટેક્નોલોજી ઉપયોગ કરવામાં આવેલ છે તેમાં વાલ્વનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેથી ડિવિઝન બેન્ચે એમ માને છે કે બજાજ ઓટો લિમિટેડની ટેકનોલોજીની શોધનો ટીવીએસ કંપની દ્વારા કોઈ ભંગ કરવામાં આવેલો નથી. કારણ કે બજાજ ઓટો લિમિટેડ બે પ્લગનો ઉપયોગ કરે જયારે ટીવીએસ કંપનીની ટેકનોલોજીમાં બે વાલ્વનો ઉપયોગ કરવામાં આવેલો છે. તેથી ડિવિઝન બેન્ચ સિંગલ જજના ચુકાદાને રદ કરે છે અને ટીવીએસ લિમિટેડને પોતાની નવી બાઈક લોન્ચ કરવા માટે મંજૂરી આપે છે.

❖ **સુપ્રીમકોર્ટનો નિર્ણય**

ડીવીઝન બેન્ચના ચુકાદાથી નારાજ થઈને બજાજ ઓટો લિમિટેડ દ્વારા સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયામાં ડિવિઝન બેન્ચે આપેલા હુકમ પર અપીલ કરવામાં આવી છે. બજાજ ઓટો લિમિટેડે જણાવે છે કે ડિવિઝન બેન્ચેનો હુકમ ખોટો અને ભૂલભરેલો છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા તપાસવામાં આવે છે કે મુળ દાવો મદ્રાસ વડી અદાલતમાં પેન્ડિંગ છે અને સુપ્રીમ કોર્ટે તો માત્ર વચગાળાનો હુકમ મંજૂર કરવો કે ન કરવું એ બાબતે નિર્ણય આપવાનો છે.

આ કેસમાં સુપ્રીમ કોર્ટ જણાવે છે કે ડિવિઝન બેન્ચનો ચુકાદો યોગ્ય છે અને ટીવીએસ કંપની પોતાની 'ફ્લેમ' નામની 125 સીસીની મોટરસાયકલન લોન્ચ કરવાની અને વેચવાની મંજૂરી આપે છે અને સાથે શરત પણ રાખે છે કે ટીવીએસ કંપનીએ પોતાના વેચાણનો સચોટ રેકોર્ડ રાખવાનું રહેશે. ટીવીએસ કંપની ભારતમાં અને ભારત બહાર જે કઈ પણ વેચાણ કરે છે તેનો રેકોર્ડ રાખવો અને આ દિશામાં મદ્રાસ હાઈકોર્ટને એક રિસીવરની નિમણૂક કરવાનો હુકમ કરે છે જે રિસીવર ટીવીએસ કંપનીના રેકર્ડ ઉપર દેખરેખ રાખી શકે.

સુપ્રીમ કોર્ટ જણાવે છે કે બુદ્ધિક સંપત્તિના કાયદા સાથે જોડાયેલી બાબતો જેવી કે ટ્રેડમાર્ક, કોપીરાઈટ્સ, પેટન્ટ કે તેની પ્રોસીજરની જોગવાઈઓ વગેરેનું સુનાવણી દૈનિક ધોરણે થવી જોઈએ અને ત્વરિત જજમેન્ટ આપવા જોઈએ. સુપ્રીમ કોર્ટે એમ પણ જણાવ્યું કે અંતિમ નિર્ણય દાવો દાખલ થયાના ચાર માસની અંદર આપી દેવો જોઈએ. આ બધી બાબતોનો ભારતની દરેક કોર્ટ અને ટ્રિબ્યુનલને ચોક્કસ રીતે અને ભાવનાથી પાલન કરવું જોઈએ તેમ જણાવ્યું હતું.

ઉચ્ચન્યાયાલય ટીવીએસ કંપનીને પોતાનું રિટર્ન સ્ટેટમેન્ટ(જવાબ) શક્ય તેટલી જલ્દીથી મદ્રાસ વડી અદાલતમાં ફાઈલ કરવા માટે જણાવેલ હતું તેમજ મદ્રાસ હાઈકોર્ટને આદેશ આપ્યો આ કેસની સુનાવણી રોજબરોજ થાય અને કેસ 30 નવેમ્બર 2009 પહેલા તેનો નિર્ણય આવી જાય તે પ્રકારનો હુકમ કરેલો હતો.

આ કેસનો સંક્ષેપ્ત સાર જોવા જઈએ એમ કે બે કંપનીઓએ બે વર્ષ સુધી વચગાળાનો મનાઈહુકમ માટે લડાઈ કરી હતી અને આ જજમેન્ટના આધારે સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વનો હુકમ આપ્યું હતું કે બૌદ્ધિક સંપત્તિના કાયદાના કેસોમાં કેસ ફાઈલ થયાથી ચાર માસમાં પૂર્ણ કરવામાં આવે અને તેની સુનાવણી દૈનિક ધોરણે કરવામાં આવે તેવા નિર્દેશ સુપ્રીમ કોર્ટે આપ્યા હતા.

## 5.3 નોવારટીસ કોર્પોરેશન વિ. ભારત સંઘ

ભારતીય પેટન્ટ ધારા હેઠળ બહુ જ એક મહત્ત્વનો જજમેન્ટ નોવારટીસ વિરુદ્ધ ભારત સંઘનું જજમેન્ટ ભારતની ઉચ્ચતમ ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ હતું. આ કેસ ઘણી બધી રીતે મહત્ત્વનો છે તેમ ગણવામાં આવે છે.

આ કેસના જજમેન્ટથી ભારતના ઘણા બધા લોકોને દવાઓ નીચા ભાવ પર ઉપલબ્ધ થશે અને તેનાથી જે ફાર્માસ્યુટિકલ કંપનીઓ એવરગ્રીનીંગથી પેટન્ટનો જે લાભ લઇ લે છે તે લાભ લેતા અટકાવી શકાય છે. જેથી પણ આ કેસ બહુ મહત્ત્વનો છે એમ કહી શકાય છે

આ જજમેન્ટથી જે જીવન બચાવવાની જે દવાઓ (લાઈફ સેવિગ ડ્રગ્સ) છે તે દવાઓને પોસાય તેવા ભાવથી લોકોને ઉપલબ્ધ થઇ શકશે અને તેથી જ ગરીબ લોકો માટે પણ આ જજમેન્ટ બહુ જ મહત્ત્વનું છે એમ કહી શકાય છે.

આ કેસમાં સુપ્રીમ કોર્ટે નોવારટિસ કંપનીને તેમના દ્વારા જે નવી ડ્રગની શોધ કરવામાં આવી હતી તેના માટેની પેટન્ટ ગ્રાન્ટ કરવામાં ઇનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જે તકરારી દવા છે તે દવામાં કોઈ નવીન શોધ નથી અને તેના કારણે તે ભારતીય પેટન્ટ ધારા હેઠળ પેટન્ટ થવાને પાત્ર નથી. આમ ભારતીય કાયદા અનુસાર જે શોધ નવી હોય અને જે શોધથી દવાઓની ઉપયોગિતામાં વૃદ્ધિ થઇ હોય તો જ તેવી દવાઓ માટે પેટન્ટનું રક્ષણ જાહેર કરી શકાય છે.

નોવારટીસ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા જે દવાની શોધ કરી હતી અને પેટન્ટ માટે અરજી કરી હતી તે દવાઓને જો પેટન્ટ આપવામાં આવે તો નોવારટીસ કંપની ભારતીય પેટન્ટ ધારા હેઠળ 20 વર્ષ સુધી તે દવાઓના ઉત્પાદન અને વેચાણ માટે અબાધિત અધિકાર પ્રાપ્ત કરી શકતી હતી. જો આમ થાય તો સામાન્ય ગરીબ લોકોને તે દવાઓનો ઉપયોગ કરવો લગભગ અશક્ય જ બની જાય. કારણ કે આ દવાઓની જે કિંમત હતી તે કિંમત ખૂબ જ ઊંચા પ્રમાણમાં હતી તેથી સામાન્ય ગરીબ માણસને તે દવાઓ પોસાય તેમ ન હતી.

સુપ્રીમ કોર્ટના બે જજની બેંચે આ કેસનો નિર્ણય આપ્યો હતો અને આ કેસમાં નોવારટીસ દ્વારા જે પેટન્ટને પેટન્ટ ઓફિસ દ્વારા રદ કરેલ તેની વિરુદ્ધમાં આ અપીલ કરવામાં આવી હતી તે અપીલ સર્વોચ્ચ અદાલતે રદ કરેલી હતી.

સુપ્રીમકોર્ટે એમ પણ જણાવ્યું કે જે તકરારી દવા છે તે દવા કોઈ ENHANCEMENT OF EFFICACY એટલે કે તેની ઉપયોગિતામાં વધારો થયો ન હોય અથવા THERAPEUTIC EFFICACY માં કોઈ વધારો થયો નથી તેથી પણ આ અપીલ રદ થવાને પાત્ર છે.

બીજું એક મહત્ત્વનું કારણ એવરગ્રીનિંગનું પણ છે. જેમાં ફાર્માસ્યુટિકલ કંપની દવાઓના SUBSTANCE (તત્ત્વ)માં નાના મોટા ફેરફાર કરીને તે દવા માટે ફરીથી પેટન્ટ પ્રાપ્ત કરતા હોય છે. આમ ફાર્માસ્યુટિકલ કંપની ફરીથી દવા ઉપર સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત કરીને અન્ય દવાઓ બનાવતી કંપનીઓને આવી દવાઓનું ઉત્પાદન કરવા કે વેચાણ કરવા માટે પ્રતિબંધો ઉત્પન્ન કરતી હોય છે.

નોવારટીસ કંપની દ્વારા 17 જુલાઈ 1998 ના રોજ ભારતની ચેન્નઈ ખાતેની પેટન્ટ ઓફિસમાં પોતાની દવા ગ્લિવેક માટે પેટન્ટ માટે અરજી કરી હતી. આ દવામાં ઇમેનિટીબ મિસાઇલેટ ઇન બીટા ક્રિસ્ટલ ફોર્મમાં છે કે જે તેની મેડિસિનલ ઉપયોગિતામાં વધારો કરે છે. તેને પોતાની અરજીમાં એવું જણાવ્યું કે ઇમેનિટીબ મિસાઇલેટના બીટા ક્રિસ્ટલફોર્મથી તેની

પ્રોપર્ટી (તત્ત્વ)માં વધારો થયો છે અને સારા એવા પ્રમાણમાં થર્મોડાયનેમિક્સ સ્ટેબિલિટી વધે છે. આ ઉપરાંત હાયગ્રોસ્કોપીસીટીમાં ઘટાડો પણ કરે છે. તેથી આ દવા વધુ સારા પ્રમાણમાં પરિણામ આપી શકે તેમ છે અને તેથી નોવારટીસ ફાર્માસ્યુટિકલ કંપની એ પેટન્ટ મેળવવા અરજી કરેલી હતી.

આ સમય દરમ્યાન જયારે અરજી કરવામાં આવેલી અને તેને ધ્યાનમાં લેવામાં આવે છે તે વચ્ચેના સમયમાં ભારતીય પેટન્ટ ધારા 1970 માં ઘણા બધા ફેરફારો કરવામાં આવ્યા હતા અને આ ફેરફારો પાયાના ફેરફાર હોવાથી ઘણા મહત્ત્વના હતા. ભારતીય પેટન્ટ ધારામાં સુધારો થવાથી જે કાયદાકીય પરિસ્થિતિ બદલાઈ હતી તે પરિસ્થિતિમાં નોવારટીસ કંપનીએ પોતાના અરજીને યોગ્ય અને કાયદેસરની ઠરાવવા માટે અને પેટન્ટ મેળવવા માટે ચાર અલગ-અલગ પ્રકારના નિષ્ણાતોના સોગંદનામાં દાખલ કરેલા હતા. જેમાંથી બે સોગંદનામું એમ જણાવતા હતા કે ઈમેનિટીબ મિસાઈલેટના બીટા ક્રિસ્ટલ ફોર્મની સરખામણી જો ઈમેનિટીબના ફી બેઝ ફોર્મ સાથે કરવામાં આવે તો તેની બાયો અવેઈલિબિટી ઊંચા પ્રમાણમાં છે.

નોવારટીસ કંપનીની વિવાદિત ગ્લિવેક દવા મૂળભૂત રીતે JURG ZIMMERMAN કે જેઓ મેડિકલ કેમિસ્ટ હતા તેઓ એ શોધ કરી હતી. તેઓ એ વિવિધ પ્રકારના ડેરિવેટિવઝની શોધ કરી હતી. જેમાંનું એક ડેરિવેટિવઝ ઈમેનિટીબ મિસાઈલેટ હતું. આ નામ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આપવામાં આવ્યું હતું. ઈમેનિટીબ ડેરિવેટિવમાં કેન્સરની સારવાર માટેના તત્ત્વો હતા.

સૌ પ્રથમ આ ડેરિવેટિવઝની પેટન્ટની કાર્યવાહી અમેરિકાની પેટન્ટ ઓફિસમાં રજિસ્ટ્રેશન કરવા માટે 28 એપ્રિલ 1994 ના રોજ અરજી કરવામાં આવી હતી. આ અરજી પેટન્ટ ઓફિસ દ્વારા 1996 માં મંજૂર પણ કરવામાં આવેલી હતી. તેથી ઈમેનિટીબની પેટન્ટ વાસ્તવમાં અસ્તિત્વમાં હતી જ અને તેને પેટન્ટ પણ પ્રાપ્ત થયેલી હતી. નોવારટીસ કંપની દ્વારા આ ઈમેનિટીબની પેટન્ટ અમેરિકામાં ગ્રાન્ટ કરવામાં આવેલી હતી. આ પદાર્થના પેટન્ટ માટે નોવારટીસે ભારતમાં પણ 1998 માં અરજી દાખલ કરેલી હતી. અરજીનો નિકાલ આવે ત્યાં સુધીમાં ભારતીય પેટન્ટ ધારામાં સુધારો કરવામાં આવેલા હતા.

ભારતને પણ ટ્રિપ્સ (TRIPS) સમજૂતી લાગુ પડતી હોવાથી ભારત સરકારે પણ પેટન્ટ ધારામાં સુધારો કરેલો હતો. આ સમય દરમિયાન નોવારટીસ કંપનીએ પેટન્ટની અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી ભારતીય પેટન્ટ ધારાની કલમ 24 હેઠળ પોતાની આ શોધને બજારમાં વેચવાનું અનન્ય અધિકાર મેળવવા માટે અરજી કરેલી હતી. આ કલમ તે સમયે ભારતીય પેટન્ટ ધારાનો ભાગ હતી. પેટન્ટ ઓફિસ દ્વારા અરજદારને 10 નવેમ્બર 2003 ના રોજ વેચવાનું અનન્ય અધિકાર (EXCLUSIVE MARKETING RIGHTS) આપવામાં આવેલો હતો જેનાથી અન્ય કોઈ કંપની આ પ્રકારની દવાઓનો વેચાણ કરી શકે નહીં

આ અરજી પેટન્ટ મેળવવા માટે કરવામાં આવી હતી જેને ધ્યાનમાં લેવામાં આવે તે પહેલાં જ કલમ 25(1) હેઠળ પાંચ અલગ અલગ પ્રી-ગ્રાન્ટ ઓપોઝિશન અરજીઓ એટલે કે અલગ અલગ કંપનીઓએ એ પેટન્ટ આપતા પહેલા પેટન્ટ ઓફિસમાં વિરોધ કરતી અરજીઓ દાખલ કરેલી હતી. જેના જવાબમાં નોવારટીસ કંપનીએ એફિડેવિટ અને પોતાના બચાવ રજૂ કર્યો હતો. આસિસ્ટન્ટ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ અને ડિઝાઈન દ્વારા 15મી ડિસેમ્બર 2005 ના રોજ અરજદારની અરજીનો નિકાલ કરીને પેટન્ટ આપવાનો ઈનકાર કર્યો હતો. આ જ પ્રકારનો હુકમ પાંચ અલગ-અલગ વિરોધ કરતી અરજીઓમાં કરીને તેનો પણ નિકાલ કર્યો હતો.

આસિસ્ટન્ટ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ એમ ઠરાવ્યું કે આ શોધ વાસ્તવમાં બજારમાં

જાહેર થયેલી જ છે અને તે કોઈ નવી શોધ નથી. તેના ઉપર બીજા દેશોમાં પેટન્ટ પણ આપવામાં આવેલી છે તેથી સ્પષ્ટ જાહેર હોવાના કારણે નોવારટીસની પેટન્ટ માટેની અરજી પેટન્ટને પાત્ર નથી અને રદ કરવામાં આવે છે.

અરજદાર દ્વારા એટલે કે નોવારટીસ કંપની એ આસિસ્ટન્ટ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટના હુકમની વિરુદ્ધમાં સીધી અપીલ મદ્રાસ હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. અરજદાર કંપનીએ તેને પોતે અને તેના ભારતીય એટની હોલ્ડર દ્વારા બે અલગ અલગ રિટ પીટીશન મદ્રાસ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી હતી. તે પિટિશનમાં તેઓ એ એમ દાદ માંગી હતી કે પેટન્ટ ધારાની કલમ 3(ડી) ગેરબંધારણીય છે અને તે ભારતીય બંધારણના આર્ટિકલ 14 નો ભંગ કરે છે. તેમજ આ કલમ ટ્રિપ્સની જે સમજૂતી છે તે સમજુતીનો પણ ભંગ કરે છે. ત્યારબાદ આ કાયદા નીચે એપેલેટ બોર્ડની રચના થવાથી આ બધી જ અરજીઓ હાઇકોર્ટ માંથી અપેલેટબોર્ડને ટ્રાન્સફર કરવામાં આવે છે.

વડી અદાલતે પોતાની સમક્ષની દરેક અરજીઓને એપેલેટ બોર્ડ સમક્ષ ટ્રાન્સફર કરવામાં આવે છે અને મૂળભૂત અધિકારને લગતી પીટીશન પોતાની પાસે રાખવામાં આવી છે. અપેલેટ બોર્ડ આસિસ્ટન્ટ કંટ્રોલરના હુકમને માન્ય રાખે છે અને અરજદારની અરજી નામંજૂર કરવામાં આવેલી છે. તેમજ ડિવિઝન બેન્ચે પણ 6 ઓગસ્ટ 2007 ના રોજ પિટિશન રદ કરીને નિકાલ કરવામાં આવેલ છે.

એપેલેટ બોર્ડ દ્વારા આસિસ્ટન્ટ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ તથ્યોને બદલવામાં આવે છે. એપેલેટ બોર્ડ એમ જણાવે છે કે અરજદારનું INVENTIONS નોવેલ્ટી અને નોન ઓબાવીયસનેસ પાસ કરે છે પણ અરજદારે ભારતમાં અરજી કરતા પહેલા સ્વિત્ઝરલેંડમાં 18 જુલાઈ 1997 ના રોજ પેટન્ટ માટે અરજી કરેલી હોવાથી આ શોધ કે પ્રોડક્ટને ભારતમાં પેટન્ટ કરવામાં પેટન્ટ ધારાની જોગવાઈઓનો બાધ નડે છે. જે પ્રોડક્ટ કે શોધ બીજા રાષ્ટ્રમાં પેટન્ટ મેળવેલી હોય તો તે શોધને ભારતમાં પેટન્ટ પાત્ર બનશે નહિ. આ સમય દરમિયાન અંપેલેટ બોર્ડની રચના થઈ ગઈ હતી.

એપેલેટ બોર્ડ તે એમ પણ જણાવે છે કે નોવારટીસ દ્વારા જે દવા વેચવામાં આવે છે તેની પ્રતિમાસ કિંમત એક લાખ વીસ હજાર રૂપિયા થવા જાય છે જે સામાન્ય કરતા ઘણી વધુ છે. કલમ 3(બી) હેઠળ આ શોધને પેટન્ટ આપવાનો યોગ્ય ગણી શકાય તેમ નથી. કલમ 3(ડી)નો હેતુ લોક રક્ષાનો પણ રહેલો છે. તેથી આ પેટન્ટની અરજીને રદ કરવામાં આવી છે. આ હુકમથી નારાજ થઈને નોવારટીસ કંપનીએ બોર્ડના નિર્ણયના વિરોધમાં ભારતીય ઉચ્ચતમ ન્યાયાલયમાં અપીલ દાખલ કરી હતી ઉચ્ચતમ ન્યાયાલય આ અપીલને પ્રાથમિક સ્ટેજ ઉપર સાંભળવા ઈનકાર કર્યો હતો પણ પાછળથી લોકહીતમાં અરજીને સાંભળવામાં આવેલી હતી.

ઉચ્ચતમ ન્યાયાલય પાસે સ્પેશિયલ લીવ પિટિશન દાખલ થઈ ત્યારે અદાલત સમક્ષ નીચેની બાબતો ઉપસ્થિત થઈ હતી. સ્પેશિયલ લીવ પિટિશનના બાબતે ઉચ્ચતમ ન્યાયાલય સમક્ષ ચાર બાબતો ઉપસ્થિત થતી હતી જેમાં 1. કલમ 3(ડી) હેઠળ KNOWN SUBSTANCE કોને કહી શકાય. 2. કલમ 3(ડી) હેઠળ EFFICACYનો અર્થ શું થાય છે 3. કલમ 3(ડી) હેઠળ શું BIOAVAILABILITY માં વધારો કરવાથી થેરાપેથેટિક અસરમાં પણ વધારો કરે છે કે નહિ. 4. જે દવા નોવારટીસ કંપની દ્વારા શોધ કરવામાં આવેલી છે તે શોધ તેના મૂળ પદાર્થ ઈમેનિટીબ મિસાઈલેટથી વધુ ઉપયોગી છે કે નહીં. આ ચાર બાબતો સુપ્રીમ કોર્ટ સમક્ષ પોતાને આધીન આ કેસમાં હતી.

ઉચ્ચતમ ન્યાયાલયની બે જજોની બેંચે દ્વારા આ કેસમાં એમ ઠરાવવામાંમાં આવ્યું કે

નોવારટીસ કંપની એ જે અપીલ કરી છે કે અપીલ રદ થવાને પાત્ર છે. કારણ કે તેમને જે શોધ કરેલી છે તે શોધ ભારતીય પેટન્ટ ધારાની કલમ 3(ડી) સાથે સુસંગત બનતી નથી અને તેથી જ આ અપીલ રદ થવાને પાત્ર છે. તેમને જણાવ્યું કે ઈમિનિટિબ મિસાઈલેટનું બીટા ક્રિસ્ટલાઈન ફોર્મ તેના મૂળ ઈમેનિટીબ મિસાઈલેટનું એ એક નવું સ્વરૂપ છે. તેમાં કોઈ નવી શોધ કે પ્રોડક્ટમાં કોઈ ઈમ્પ્રુવમેન્ટ (વૃદ્ધિ) નથી. માત્ર એક સ્વરૂપ બદલાયું છે. સુપ્રીમ કોર્ટે વધુમાં એમ પણ જણાવ્યું કે કલમ 3(ડી)માં આપવામાં આવેલ શબ્દ એફિકેસીનો સામાન્ય અર્થ અસરકારકતા એમ થાય છે. પણ અહીં એફિકેસીનો અર્થ થેરાપેથેટિક અસરકારકતા ગણવાનો છે. માત્ર સ્વરૂપ બદલવાથી પદાર્થની શોધ થઈ છે એમ માની શકાય નહીં. ઉચ્ચતમ ન્યાયાલયે એમ પણ જણાવ્યું કે કલમ 3(ડી)ના હેતુ નાના બદલાવ અને એવેરગરીનિંગ (EVERGREENING) ને રોકવાનો છે. ખાસ કરીને લોકોના હિતની બાબતમાં આવા નાના નાના બદલાવને શોધ તરીકે ગણી શકાય નહિ. કોર્ટે કહ્યું કે PSYCHO CHEMICAL PROPERTIES થી લાભ જરૂર થાય છે પણ તેનાથી થેરાપેથેટિક અસરકારકતામાં વધારો થાય છે એમ કહી શકાય નહિ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે થેરાપેથેટિક અસરકારકતા એ મેડિસન સાથે સંકળાયેલી છે. જો દવાઓના પહેલાના ઉપયોગથી અને તેમાં શોધ થયા બાદ પછીના ઉપયોગથી જો વધુ લાભ થાય તો એની અસરકારકતામાં વધારો થયો હોય એમ કહી શકાય કે તે થેરાપેથેટિક અસરકારકતા ધરાવે છે.

અદાલતે એમ પણ જણાવ્યું કે થેરાપેથેટિક અસરકારકતાને ચુસ્ત રીતે તપાસવી જોઈએ તો જ કલમ 3(ડી)ના હેતુઓને પરિપૂર્ણ કરી શકાય.

નોવારટીસ તરફથી એમ પણ દલીલ કરવામાં આવેલી કે બાયોઅવેલેબીલીટીમાં વધારો થવાથી પણ તેની શોધ થેરાપેથેટિક અસરકારકતા ધરાવે છે. આ બાબતમાં નોવારટીસ કંપની કોઈ ચોક્કસ પુરાવો અદાલતમાં રજૂ કરી શકે નથી કે જેનાથી એમ સાબિત થઈ શકે કે થેરાપેથેટિક અસરકારકતામાં વધારો થયેલો છે. આ કેસમાં ઉચ્ચત્તમ ન્યાયાલયે એમ જણાવ્યું કે કલમ 3(ડી)નો મુખ્ય ઉદ્દેશ્ય એવેરગરીનિંગનો કંપનીઓએ વધુ લાભ લઈને પોતાની એક જ શોધને નાના મોટા ફેરફાર કરીને ફરીથી તેની પેટન્ટ મેળવી લેતા હોય છે અને ફરીથી તે શોધ કે દવા ઉપરથી બીજા 20 વર્ષ સુધી અબાધિત અધિકાર પ્રાપ્ત કરતા હોય છે. આ રીતે ન બને અને લોકોને તે દવાઓનો સરળતાથી અને સસ્તા ભાવે ઉપલબ્ધ થાય તે હેતુથી કલમ 3(ડી) બનાવવામાં આવેલી છે

કલમ 3(ડી) બધા જ પ્રકારના ઈન્ક્રિમેન્ટને પ્રતિબંધિત કરતી નથી. પરંતુ તે અમુક લાઈફ સેવિંગ દવાઓ છે તે બાબતે ખાસ ધ્યાન દોરે છે. કારણ કે લાઈફ સેવિંગ દવાઓ જો સામાન્ય જનતાને સૌથી ઊંચી કિંમત આપવામાં આવે તો તે સંજોગોમાં સામાન્ય જનતાને તે પોષાય તેમ ન હોવાથી દવાઓના ઉપયોગ વગર તેઓ સારી એવી સારવાર લઈ શકતા નથી અને તેમનું જીવનજોખમી બને છે.

ભારત એક વિકાસશીલ દેશ છે અને ભારતમાં રહેતા લોકો માટે દવાઓ સસ્તી અને સરળતાથી ઉપલબ્ધ થાય તે પણ જરૂરી છે. જો આ રીતે નાના-મોટા શોધના આધારે પેટન્ટ આપવામાં આવશે તો મોટાભાગના લોકો દવાઓના ઉપયોગથી વંચિત રહેશે અને પોતાનો જીવ ગુમાવી શકે છે.

નોવારટીસ કંપની પોતાના ક્લેમને સાબીત કરવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયેલ હોવાથી

આ કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નવા ડ્રગ્સની પેટન્ટ માટેની આ અરજી રદ કરવામાં આવે છે.

વધુમાં અદાલત એમ પણ જણાવે છે કે નોવારટીસ કંપની દ્વારા જે તે ગ્લિવેકની દવા વેચવામાં આવે છે તે દવા ઉપર પણ કંપનીએ મિસાઈલ ટેબલેટ 100 એમ.જી એવું લખેલું હોય છે. તેના કવર ઉપર ક્યાંય ઈમેનિટીબ મિસાઈલેટ ઈન ક્રિસ્ટલાઈન ફોર્મ એવું ક્યાંય લખવામાં આવેલ નથી તેથી પણ આ અરજી મંજૂર થવાને પાત્ર નથી.

## 5.4 બાયર કોર્પોરેશન્સ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (ફરજિયાત પરવાનાનો કેસ) :

ભારતીય પેટન્ટ ધારા હેઠળ આ એક બીજો મહત્ત્વનો કેસ છે. જેનું નામ બાયર કોપોરેશન્સ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા છે. આ કેસમાં પણ પેટન્ટ ધારાની ફરજિયાત લાયસન્સની જે જોગવાઈ છે તેના ઉપર આ કેસ આધારિત હતો.

શું કોઈ એક વ્યક્તિને પેટન્ટ આપવામાં આવેલી હોય તો તે પેટન્ટનો ઉપયોગ કરવા માટે કોઈ બીજી વ્યક્તિને કાયદા નીચે મંજૂરી આપી શકાય. આ એક મહત્ત્વની બાબત છે કારણકે પેટન્ટ ધરાવનાર વ્યક્તિએ પોતાની ઈચ્છા વિરુદ્ધ અન્ય કોઈ વ્યક્તિને પેટન્ટવાળી વસ્તુનું ઉત્પાદન કરવા માટે પેટન્ટ ઓફિસ દ્વારા ફરજિયાત લાયન્સ મંજૂર કરવામાં આવે છે. જે કંપનીને આ પ્રકારનું ફરજિયાત લાયસન્સ મંજૂર કરવામાં આવેલ હોય તે કંપની તે દવાનું ઉત્પાદન કરવા માટે તેમજ તેનું વેચાણ કરવા માટે હકદાર બનતા હોય છે. આમ થવાથી જે શોધકર્તા કંપની છે તે કંપનીને આર્થિક રીતે તેમજ માર્કેટ શેરને નુકસાન થતું હોય છે. આ સંજોગોમાં પેટન્ટ પ્રાપ્ત કરેલી કંપનીના હિતનું રક્ષણ કરવું પણ જરૂરી છે. તેમજ બીજી તરફ સમાજના લોકોની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવું પણ આ તબક્કે મહત્ત્વની બનતી હોય છે. આમ થવાથી લોકહિતમાં ક્યારેક કમ્પલસરી લાઈસન્સ આપવું જરૂરી બનતું હોય છે. જ્યારે અમુક સંજોગોમાં પેટન્ટ ધરાવનાર કંપની આ પ્રકારના ફરજિયાત લાઈસન્સનો વિરોધ કરતી હોય છે. કારણકે તેની જે દવા માટે પેટન્ટ મળી છે તે પેટન્ટનો તે પેટન્ટની અરજી કર્યા તારીખથી 20 વર્ષ સુધી અવિરતપણે ઉપયોગ કરવાનો અધિકાર પ્રાપ્ત કરતી હોય છે. ભારતીય પેટન્ટ ધારામાં ફરજિયાત લાયસન્સની જોગવાઈ કરવામાં આવી છે જે જોગવાઈથી પેટન્ટ પ્રાપ્ત કંપની તેની પોતાની ઈચ્છા હોય કે ન હોય તેમ છતાં પણ સરકાર અન્ય કોઈ કંપનીને તે પ્રકારની પેટન્ટ વાળી પ્રોડક્ટનું ઉત્પાદન કરવા માટેની મંજૂરી આપતી હોય છે.

આમ આ કેસ ફરજિયાત પરવાનો (કમ્પલસરી લાઈસન્સ ) સાથે જોડાયેલો મહત્ત્વનો કેસ છે. વર્ષ 2001માં દોહા ડિક્લેરેશન થયેલુ હતું અને તેના આધારે સભ્ય દેશોએ TRADE RELATED ASPECTS OF INTELLECTUAL PROPERTY RIGHTS (ટ્રિપ્સ)ની સમજૂતીમાં સહી કરેલી હતી. આ સમજૂતીને કારણે વર્ષ 2003 માં અને વર્ષ 2005 માં ભારતીય પેટન્ટ કાયદામાં સુધારો કરવામાં આવ્યો હતો. આ સમજૂતી પછી ભારતમાં કોઈ કંપનીને ફરજિયાત લાયન્સ આપવામાં આવેલ હોય તો તે સંદર્ભમાં આ સૌ પ્રથમ કેસ બનેલો છે. સુપ્રીમ કોર્ટે ઓફ ઈન્ડિયા દ્વારા આ કેસમાં નાટકો કંપનીને ફરજિયાત પરવાનો આપ્યો હતો. તે લાયસન્સ મળવાથી એમ થયું કે જે પ્રકારની દવા બાયર કોર્પોરેશન બનાવતી હતી તે જ પ્રકારની દવા બનાવવાનો અધિકાર નાટકો કંપની ફરજિયાત લાયસન્સની જોગવાઈના આધારે પ્રાપ્ત થયેલો હતો. તેથી પણ આ કેસ મહત્ત્વનો બની ગયો હતો.

કાયદાની આ જોગવાઈથી પેટન્ટ કરાવનાર કંપની પાસે કોઈ અવાજ રહેતો નથી અને સરકાર પેટન્ટ ધરાવનાર કંપનીની પ્રોડક્ટ અથવા તો પ્રોસેસ તે કંપનીની મંજૂરી વગર અન્ય કોઈ કંપનીને ઉપયોગ કરવા માટે આપી શકે છે. તે બાબતનું તેનું વળતર કે રોયલ્ટી કે

લાયન્સ કોને આપવું તે બધા જ અધિકારો સરકાર નક્કી કરતી હોય છે. આમાં કાયદા નીચે સરકાર પેટન્ટ પ્રોડક્ટ અને પેટન્ટ પ્રોસેસ માટે ફરજિયાત પરવાના હેઠળ તે કંપની જેવી દવા બનાવતી કંપની આપી શકે છે.

માર્ચ 2008માં બાયર હેલ્થ કેર કે જે બાયર કોર્પોરેશનની સબસીડરી કંપની છે તે કંપનીએ ભારતીય પેટન્ટ ઓફિસ દ્વારા સોરાફેનીબ ટોસાઈલેટ કે જેનો ઉપયોગ એડવાન્સ રેનલ કેન્સરની સારવાર માટે થાય છે તે દવા માટે પેટન્ટ આપવામાં આવેલી હતી. આ પેટન્ટ બાયર હેલ્થકેરે બાયર કોર્પોરેશનને અસાઈન કરેલી હતી. તેથી બાયર કોર્પોરેશન્સ બાયર હેલ્થ કેર વતીથી આ પેટન્ટેડ પ્રોડક્ટનું ઉત્પાદન તેમજ વેચાણ કરવા માટે અધિકાર ધરાવતી કંપની હતી.

બાયર કોર્પોરેશન્સ મૂળ અમેરિકાની કંપની હતી અને તે દવાના રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટની પ્રવૃત્તિ કરતી હતી. આ કંપનીએ કિડનીનું કેન્સર અને લિવરના કેન્સરની સારવાર માટેની દવાની શોધ કરી હતી.

આ દવા જે પેશન્ટને આપવામાં આવતી પેશન્ટને કેન્સરના દુખાવામાં રાહત થતી હતી તેમજ કેન્સરનો શરીરમાં જે ફેલાવો થતો હોય તે ફેલાવાને મર્યાદિત કરતી હતી તેમજ કેન્સરના સેલના વિકાસ થતા અટકાવતી હતી. તેથી આ દવા કિડની અને લિવરના કેન્સરના ઈલાજ માટે ખૂબ જ મહત્ત્વની હતી. આ દવાને બાયર કોપોરેશન દ્વારા નેક્સાવરના નામથી બજારમાં મૂકવામાં આવેલી હતી.

જયારે બીજી તરફ નાટકો ફાર્માસ્યુટિકલ કંપની ભારતની દવા ઉત્પાદન કરતી એક કંપની હતી. આ કંપની દ્વારા બાયર કોર્પોરેશનને સ્વૈચ્છિક પરવાનો આપવા માટે સંપર્ક કરવામાં આવ્યો હતો કે જે પરવાનાના આધારે નાટકો ફાર્માસ્યુટિકલ કંપની બાયર કોર્પોરેશનની પેટન્ટ થયેલી દવા કે જે બજારમાં નેક્સસાવર નામથી જાણીતી છે તે દવાનું ઉત્પાદન કરી શકે અને તેને ભારતમાં વેચાણ કરી શકે. આ માટે નાટકો ફાર્માસ્યુટિકલ કંપનીએ સ્વૈચ્છિક પરવાનાની માંગણી બાયર કોર્પોરેશન સમક્ષ કરી હતી અને જણાવ્યું હતું કે તે આ દવાને માસિક રૂપિયા 10000 ના ભાવથી પેશન્ટને આપવામાં આવશે. આજ દવાનો માસીક ચાર્જ રૂપિયા બે લાખ એંશી હજાર ચારસો અઠ્ઠાવીસ (રૂપિયા 280428) બાયર કોર્પોરેશન દ્વારા લેવામાં આવે છે જે વધારે વધુ પડતો હતો.

નાટકો ફાર્માસ્યુટિકલ કંપની આ દવાનો પરવાનો એટલા માટે લેવા માંગતી હતી કે ભારતના લોકો પ્રતિમાસ 280428 રૂપિયા જેટલી રકમ કેન્સરની દવા પાછળ ખર્ચ કરી શકે નહીં અને આમ ન થવાને કારણે મોટાભાગના પેશન્ટ આ દવાથી વંચિત રહી જવાની શક્યતાઓ હતી. તેથી નાટકો ફાર્માસ્યુટિકલ કંપની આ દવાનો સ્વેચ્છિક લાયસન્સ લઈને તેનું ઉત્પાદન કરીને ભારતના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પોસાય તે ભાવથી વેચાણ કરવા માગતી હતી તેથી તેમને આ દવાનો ભાવ પણ પ્રતિમાસ 10000 રૂપિયાનો રાખવામાં આવેલો હતો. જ્યારે નાટકો કંપની દ્વારા બાયર કોર્પોરેશનનો સંપર્ક કરવામાં આવતાં બાયર કોર્પોરેશનને સ્વૈચ્છિક પરવાનો આપવાની ઈનકાર કર્યો હતો.

નાટકો કંપની એમ પણ જણાવે છે કે બાયર કોર્પોરેશન પોતાની પેટન્ટેડ દવાથી લોકોની વ્યાજબી જરૂરિયાતો પૂર્ણ કરી શકી નથી તેમજ તે આ કેન્સરની દવા લોકોને વ્યાજબી ભાવે આપી શકી નથી તેમજ તે દવા ભારતમાં વરકેબલ (કાર્યાન્વિત) પણ નથી.

29 જુલાઈ 2011ના રોજ નાટકો ફાર્માસ્યુટિકલ કંપનીએ ફરજિયાત પરવાના મેળવવા માટે કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ સમક્ષ અરજી કરી હતી.

ભારતીય પેટન્ટ કાયદાની કલમ 84(1) મુજબ ફરજિયાત પરવાનાની જોગવાઈ કરવામાં આવેલી છે. આજ કલમ નીચે કયા કયા કારણસર કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ફરજિયાત પરવાનો મંજૂર કરી શકે છે તે પણ જણાવવામાં આવેલું છે. તેમાં ત્રણ શરતો આપવામાં આવેલી છે જો તે ત્રણ શરતો પરિપૂર્ણ થતી હોય તો પેટન્ટ ઓફિસ આ કાયદાની કલમ 84(1) નીચે ફરજિયાત પરવાનો મંજૂર કરી શકે છે. નાટકો ફાર્માસ્યુટિકલ કંપની એમ જણાવે છે કે ફરજિયાત પરવાનાની બધી જ શરતો પરિપૂર્ણ કરે છે અને તેથી તેને ફરજિયાત પરવાનનો આપવો જોઈએ. જેથી તે આ પ્રકારની દવાઓનું ઉત્પાદન અને વેચાણ કરી શકે. તેને એમ પણ જણાવ્યું કે આ દવા એટલે કે પેટન્ટેડ દવા નેકસાવેરને પ્રતિમાસ રૂ 8800 ના ભાવથી વેચાણ કરશે અને તેમના દ્વારા ઉત્પાદન કરવામાં આવેતી દવાઓનું બજાર નામ પણ નેકસાવેર રાખવામાં આવશે કે જે નામ બાયર કોર્પોરેશન દ્વારા પોતાની પેટન્ટેડ દવાનું રાખવામાં આવેલું છે.

આજ સમયમાં સિપલા ફાર્મ કંપની દ્વારા પણ આ પ્રકારની કેન્સરની દવાનું પ્રતિમાસ રૂ. 30000 ભાવથી વેચાણ કરવામાં આવતી હતી અને તેના વિરોધમાં બાયર કોર્પોરેશન દ્વારા પેટન્ટ ભંગનો દાવો દિલ્હી હાઇકોર્ટમાં ચાલુ હતો.

બધી જ બાબતો ધ્યાનમાં રાખીને કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા નાટકો ફાર્માસ્યુટિકલ કંપનીને ફરજિયાત પરવાનો આપવામાં આવેલો હતો. આ દવાની બાબતે પ્રતિમાસ રૂપિયા 8800 દવાનો ભાવ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા નક્કી કરવામાં આવેલો હતો. વધુમાં કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટના ઓર્ડરમાં જણાવવામાં આવેલું કે નાટકો કંપની જે ઉત્પાદન અને વેચાણ કરે છે તે દવાઓના કુલ વેચાણના 6 ટકા (SIX PERCENT) રોયલ્ટી તરીકે બાયર કોર્પોરેશનને આપવાની રહેશે. આ મંજૂર કરવામાં આવેલ ફરજિયાત પરવાનો નાટકો ફાર્માસ્યુટિકલ કંપની કોઈ અન્ય ફાર્મા કંપનીને પરવાનો આપી શકશે નહીં તેમજ તેને પોતે આ દવાનું ઉત્પાદન અને વેચાણ કરવાનું રહેશે. વધુમાં એમ પણ જણાવ્યું હતું કે દરેક વર્ષમાં ઓછામાં ઓછા 600 જેટલા દર્દીઓને આ દવા FREE OF COST એટલે કે રકમ લીધા વિના આપવાની રહેશે. આમ આ બધી શરતોને આધીન કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ દ્વારા નાટકો કંપનીને આ પેટન્ટ થયેલી દવા કે જે નેકસાવેર નામથી ઓળખાય છે તે દવાનું ઉત્પાદન કરવા અને વેચાણ કરવા માટેનો પરવાનો આપવામાં આવેલો હતો.

કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટના ફરજિયાત પરવાના આપવાના હુકમથી નારાજ થઈને બાયર કોર્પોરેશને એના ઉપર મનાઈ હુકમ મેળવવા માટે આ કાયદાનીચે એપેલેટ બોર્ડ સમક્ષ અપીલ કરી હતી. એપેલેટ બોર્ડ દ્વારા પણ આ અપીલ રદ કરવામાં આવી હતી. આ ઉપરાંત એપેલેટ બોર્ડ દ્વારા તેના ઉપર કોઈ વચગાળાનો મનાઈ હુકમ કે રાહત આપવામાં આવેલી ન હતી. આમ એપેલેટ બોર્ડનો નિર્ણય પણ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટના નિર્ણય જેવો જ હતો.

એપેલેટ બોર્ડે આ તકરારી વિષયમાં જાહેર સ્વસ્થ એટલે કે પબ્લિક હેલ્થને લક્ષમાં રાખ્યું હતું. ભારતીય બંધારણની કલમ 21 હેઠળ દરેક વ્યક્તિને જીવન જીવવાનો અધિકાર છે. જો વ્યક્તિના મૂળભૂત અધિકાર એટલે કે તેના સ્વાસ્થ્ય માટે પૂરતા પ્રમાણમાં દવાઓ ઉપલબ્ધ ન થાય તો ભારતીય બંધારણના અનુચ્છેદ 21 નો ભંગ થાય છે તેમ પણ કહી શકાય છે. તેથી રાજ્યની ફરજ છે કે સસ્તા અને વાજબી ભાવેથી દવાઓ બજારમાં ઉપલબ્ધ થાય જેથી જાહેર જનતા તેનો ઉપયોગ કરી શકે.

બાયર કોર્પોરેશને એપેલેટ બોર્ડ સમક્ષ પોતાના બચાવમાં જણાવેલું કે તેમના દ્વારા આ દવાઓનું વેચાણ કરવામાં આવે છે તેની સાથે સાથે સિપલા ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા પણ આ

જ પ્રકારની દવાઓનું વેચાણ કરવામાં આવે છે. તેથી લોકોની જે જરૂરિયાતો છે તે જરૂરિયાત બંને ફાર્મા કંપનીની દવાઓથી પરિપૂર્ણ થાય છે. તેથી નાટકો ફાર્માસ્યુટિકલ કંપનીને ફરજિયાત પરવાનો આપવાની જરૂર નથી.

નાટકો ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા એવો બચાવ કરવામાં આવે છે કે બાયર કોર્પોરેશને જે દવાઓ પેટન્ટ લીધેલ છે તે પોતે જ વ્યાજબી રીતે લોકોની વ્યાજબી જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે કલમ-84(1) હેઠળ જવાબદાર બને છે.

વધુમાં નાટકો ફાર્માસ્યુટિકલ કંપની એવી પણ દલીલ કરે છે કે સિપલા ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા જે કેન્સરની દવાનું વેચાણ કરવામાં આવે છે તે ઓછા ભાવોથી વેચાણ કરવામાં આવે છે. તેથી લોકો બાયર કોર્પોરેશનની દવાના સ્થાને સિપલાની દવાનો ઉપયોગ કરે છે. તેથી પણ બાયર કોર્પોરેશન્સ જે લોકોની જે વાજબી જરૂરિયાતો છે તે જરૂરિયાતોને પરિપૂર્ણ કરવામાં અસક્ષમ છે. તેથી પણ નાટકો કંપનીને ફરજિયાત પરવાનો મંજૂર કરવો જોઈએ.

એપેલેટ બોર્ડ એ અવલોકન ઉપર આવે છે કે લોકોની જરૂરિયાત પૂરી કરવાની ફરજ જે કંપનીને તેની શોધ માટે પેટન્ટ મળેલી છે એટલે કે બાયર કોર્પોરેશનની છે. બાયર કોર્પોરેશન પોતાના વેચાણમાં સિપલા ફાર્માસ્યુટિકલ કંપનીના વેચાણનો ઉમેરો કરી શકે નહીં. જ્યારે તેને પોતે જ સિપલા ફાર્માસ્યુટિકલ કંપની ઉપર આ દવાના પેટન્ટના ભંગ માટેનું એક અલગ કાનૂની પ્રક્રિયા કોર્ટમાં ચાલુ છે. પેટન્ટ આપવાનો હેતુ એ છે કે જે દવા માટે પેટન્ટ આપવામાં આવેલ છે તે દવા લોકોને સરળતાથી પ્રાપ્ત થાય અને તે પેટન્ટ ધરાવનારની ફરજ છે કે તે પેટન્ટવાળી દવા સરળતાથી અને ઓછા ભાવે લોકોને પ્રાપ્ત થાય.

એપેલેટ બોર્ડ દ્વારા આ અપીલમાં પેટન્ટેડ ઈન્વેન્શન શબ્દનું અર્થઘટન કરવામાં આવેલ હતું. જે શબ્દો કલમ-84 મા ઉપયોગ કરવામાં આવેલ છે તે મુજબ પેટન્ટડ ઈન્વેન્શન એ જાહેર જનતાને ઉપલબ્ધ કરાવવાની ફરજ પેટન્ટ ધરાવનાર કંપનીની રહે છે. આમ જે શોધ માટે પેટન્ટ આપવામાં આવેલી છે તે લોકોની વ્યાજબી જરૂરિયાતો સંતોષવાની ફરજ પેટન્ટ ધરાવનારની રહે છે. તેમજ તે પેટન્ટવાળી પ્રોડક્ટ ભારતની સરહદમાં કાર્યાન્વિત હોવી જોઈએ.

આમ તો આ ત્રણ બાબતોને પેટન્ટ ધરાવનાર જો પરિપૂર્ણ કરી શકે તેમ ન હોય તો કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ કલમ-84 (1) નીચે ફરજિયાત પરવાનો આપી શકે છે. બાયર કોર્પોરેશનને એમ પણ દલીલ કરી હતી કે તેમની દવા ભારતમાં ઉત્પાદન કરવામાં આવતી નથી પણ ભારતથી ઈમ્પોર્ટ કરવામાં આવે છે અને તેથી તે દવા ભારતમાં કાર્યાન્વિત છે એમ કહી શકાય છે.

એપેલેટ બોર્ડ દ્વારા કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટના નિર્ણયને માન્ય કરવામાં આવે છે અને તેમાં જે રોયલ્ટી માટેના 6 ટકા આપવામાં આવેલ છે તેના સ્થાને એક ટકાનો વધારો કરીને 7 ટકાની રોયલ્ટી કરવામાં આવે છે. આમ માત્ર રોયલ્ટીમાં એપેલેટ બોર્ડ દ્વારા ફેરફાર કરવામાં આવે છે. આમ બાયર કોપોરેશની અપીલ રદ કરીને તેમાં રોયલ્ટીનો ફેરફાર કરવામાં આવેલો હતો.

એપેલેટ બોર્ડના હુકમથી નારાજ થઈને બાયર કોર્પોરેશન દ્વારા મુંબઈ વડી અદાલતમાં ફરજિયાત પરવાનો જે મંજૂર કરવામાં આવેલ હતો તેને રદ કરવા માટે પિટિશન દાખલ કરવામાં આવે છે. આ કેસમાં મહત્ત્વનો પ્રશ્ન એ છે કે શું પેટન્ટ ધરાવનાર કંપની એટલે કે બાયર કોર્પોરેશન દ્વારા લોકોની જે જરૂરિયાતો છે તે જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે સફળ રહી છે કે નહીં. જો તે લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં સફળ રહી ન હોય તો તે સંજોગોમાં બાયર કોર્પોરેશને પોતાના દ્વારા અથવા અન્ય કંપનીને સ્વૈચ્છિક લાયસન્સ આપીને પણ લોકોની જરૂરિયાતોને

પરિપૂર્ણ કરવાની તેની ફરજ છે.

નાટકો ફાર્માસ્યુટિકલ કંપની એ સ્વૈચ્છિક પરવાનું મેળવવા માટે પ્રયત્નો કરેલા હતા પણ બાયર કોર્પોરેશન દ્વારા તેની અરજીને ધ્યાનમાં લેવામાં આવેલી ન હતી. એટલે કે બાયર કોર્પોરેશન આ દવા ઉપર કોઈ પણ ફાર્માસ્યુટિકલ કંપનીને કોઈ પણ પ્રકારનો અધિકાર આપવા માંગતી ન હતી. જો બાયર કોર્પોરેશનની દવા અને સિપલા ફાર્માસ્યુટિકલ કંપનીની દવાના વેચાણના આંકડા જોઈએ તો પણ તે લોકોની વાજબી જરૂરિયાતો જે છે તે જરૂરિયાતો પરિપૂર્ણ થઇ શકતી ન હતી. કાયદાની દ્રષ્ટિએ જોવામાં આવે તો લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવાની ફરજ માત્ર પેટન્ટ પ્રાપ્ત કરનાર કંપની હોય છે.

આ સંજોગોમાં લોકોના હિતને ધ્યાનમાં રાખીને પેટન્ટ ધરાવનાર કંપનીએ લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટેનું પ્રયત્ન કરવું જોઈએ. આ કેસમાં બાયર કોર્પોરેશન્સ લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ છે. તેને પોતે ભારતમાં ક્યાંય આ કેન્સરની દવાનું ઉત્પાદન કરતી નથી. તેમજ આ દવા ભારત બહારથી આયાત કરવામાં આવે છે અને તેના ઉત્પાદન ભારતમાં ન કરવા બાબતે પણ બાયર કોર્પોરેશન કોઈપણ પુરાવો પણ રજૂ કરી શકેલ નથી.

વધુમાં કાયદામાં આ પણ જોગવાઈ છે કે આ દવા ભારતમાં કાર્યાન્વિત હોવી જોઈએ. જ્યારે કોઈ ફરજિયાત લાયસન્સની અરજી કરવામાં આવે ત્યારે પેટન્ટ ધરાવનાર કંપનીએ એમ સાબિત કરવું પડે કે તેની દવા ભારતમાં ઉત્પાદન કે અન્ય બીજી કોઈ રીતે કાર્યાન્વિત છે અને તે લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરે છે.

બાયર કોર્પોરેશન દ્વારા આ દવાઓ માટે બે પ્રકારની કિમત નીતિ છે. એક કે જે પેશન્ટ આસિસ્ટન્ટ પ્રોગ્રામ હેઠળ આપવામાં આવે છે. તેમાં પેશન્ટને 3 દવા ડોસેજ ખરીદવાનો હોય છે અને બાકીની જે મહિનાની દવા છે તેને FREE OF COST આપવામાં આવતી હોય છે. તેમજ બીજા પ્રકારની કિમત કે જે ભાવથી બજારમાં તેનું વેચાણ થાય છે.

આ કાયદાની કલમ 84(1) જે દવાઓને પેટન્ટ મળેલી છે તે દવાઓ લોકોને વ્યાજબી ભાવે અને સરળતાથી ઉપલબ્ધ કરવાની ફરજ પેટન્ટ ધરાવનાર કંપની છે. આ પેટન્ટ ધરાવનાર કંપનીની દવાઓ લોકોની માંગણી સંતોષવામાં નિષ્ફળ જાય એટલે કે જો માંગ પરિપૂર્ણ ન કરી શકે તો તે સંજોગોમાં લોકોની વ્યાજબી જરૂરિયાતો પરિપૂર્ણ કરતી નથી તેમ માનવામાં આવે છે.

આવા વિવિધ તથ્યોના આધારે બોમ્બે હાઇકોર્ટ દ્વારા અરજીનો નિકાલ કરવામાં આવે છે અને કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ અને અપેલેટ બોર્ડ દ્વારા જે નિર્ણય આપવામાં આવેલ છે તે નિર્ણયને માન્ય કરવામાં આવે છે.

બાયર કોર્પોરેશન દ્વારા વડી અદાલતના હુકમની સામે ભારતની સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ સ્પેશિયલ લીવ પિટિશન રદ કરી હતી અને કાયદાનો દરેક પ્રશ્નોને ખુલ્લા પણ રાખ્યા હતા. આમ નાટકો ફાર્માસ્યુટિકલ કંપનીને આપવામાં આવેલ ફરજિયાત પરવાનો કાયદેસરનો છે એમ ઉચ્ચતમ ન્યાયાલય દ્વારા ઠરાવવામાં આવે છે. આમ આ કેસમાં ફરજિયાત પરવાનો ક્યારે અને ક્યાં સંજોગોમાં આપી શકાય તે જણાવવામાં આવેલ છે.

## 5.5 બાયર કોર્પોરેશન્સ વિ.યુનિયન ઓફ ઈન્ડિયા (પેટન્ટ લિન્કેજનો કેસ) :

આ કેસમાં સિપલા લિમિટેડ દ્વારા તેની પોતાની દવાના માર્કેટિંગ એપ્રુવલ માટે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાને અરજી કરેલી હતી.

બાયર કોર્પોરેશને પોતાની શોધ કરેલી દવા સોરાફેનીબ ટોસાઈલેટને વર્ષ 2008 ના માર્ચ માસમાં પેટન્ટ આપવામાં આવેલી હતી. તેથી તે આ દવા બજારમાં વેચવા માટે લાયસન્સ મળેલું હતું. આમ બાયર કોર્પોરેશનને આ દવા ઉપર મળેલી પેટન્ટના આધારે સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત થયેલો હતો.

આ કેસનો પ્રશ્ન ઉપસ્થિત ત્યારે થાય છે કે જ્યારે સિપલા કંપની દ્વારા ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને માર્કેટિંગ એપ્રુવલ માટે અરજી કરવામાં આવે છે. સિપલા કંપની પોતાના જેનેરિક દવા કે જેનું નામ સોરનીબ હતું તે દવાના ઉત્પાદન, વેચાણ અને વહેંચણી માટેની મંજૂરી મેળવવા આ અરજી કરી હતી. આ કેસમાં બે અલગ અલગ કાયદાઓ જોડાયેલા છે. જેમાં એક પેટન્ટ ધારો 1970 અને બીજો ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ છે.

આ કેસ બે અલગ અલગ કાયદાની બે અલગ અલગ જોગવાઈઓ સાથે સંકળાયેલું છે. બાયર કોર્પોરેશનની 5 જુલાઈ 2001 ના રોજ પોતાની દવા સોરાફેનીબ ટોસાઈલેટની પેટન્ટ મેળવવા માટે અરજી કરેલી હતી અને. તેને 1 ઓગસ્ટ 2007 ના રોજ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ નિયમો અને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટની કલમ 12(2) હેઠળ પોતાની દવા સોરાફેનીબ ટોસાઈલેટ 200 એમજીને ભારતમાં આયાત કરવા માટે અરજી કરી હતી. 18 જાન્યુઆરી 2008ના રોજ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાએ સોરાફેનીબ ટોસાઈલેટ 200 એમજી એટલે કે જે બજારમાં નેકસાવેર ટેબલેટથી જાણીતી છે તેને ભારતમાં આયાત કરવાની મંજૂરી આપવામાં આવેલી હતી. આ મંજૂરી 8 જાન્યુઆરી 2008 થી 31 ડોસેમ્બર 2010 સુધી લાગુમાં રહેશે એમ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું.

વર્ષ 2008 માં સિપલા કંપનીએ પોતાની કેન્સરની દવાની જાહેરાત કરી હતી અને તે દવા બાયર કોર્પોરેશનની સોરાફેનીબ ટોસાઈલેટની પૂરક દવા હતી. 31 જુલાઈ 2008ના રોજ બાયર કોર્પોરેશને ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને વિનંતિ કરી કે સિપલા કંપનીને તેની દવાના ઉત્પાદન, વેચાણ કે વહેંચણી માટે જે માર્કેટિંગ મંજૂરીની જરૂરિયાત છે તે માર્કેટિંગ મંજૂરી આપવામાં ન આવે. તેને એમ પણ જણાવ્યું કે સોરાફેનીબ ટોસાઈલેટના બધા જ બોદ્ધિક સંપત્તિના અધિકાર છે તે બાયર કોર્પોરેશન ધરાવે છે અને તેને માર્કેટિંગ કરવાનો અધિકાર એક માત્ર અધિકાર બાયર કોર્પોરેશન પાસે છે. જેથી કરીને પણ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાએ આવી પેટન્ટ થયેલી દવા અને પેટન્ટના અધિકારો છે તેના વિરોધમાં સિપલા કંપનીને તેની કેન્સર જેનેરિક દવાના લોન્ચ તેમજ માર્કેટિંગ એપ્રુવલ માટે મંજૂરી આપવી જોઈએ નહીં. બાયર કોર્પોરેશન એમ પણ જણાવ્યું કે આવી સ્પુરિયસ એટલે કે નકલી દવાને માર્કેટિંગ અપુવલ જો આપવામાં આવશે તો તેનાથી ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટનો પણ ભંગ થાય છે.

આમ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ અને પેટન્ટના કાયદાની સાથે આ કેસ જોડાયેલો છે. કારણ કે પેટન્ટ ભારતીય પેટન્ટના કાયદા નીચે મળે છે જ્યારે માર્કેટિંગ મંજૂરી ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એકટ નીચે મળે છે.

25 સપ્ટેમ્બર 2008 ના રોજ બાયર કોર્પોરેશને સિપલા કંપનીને પત્ર લખ્યો હતો કે શું તેણે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડેયા પાસે પોતાની કેન્સરની દવા માટે માર્કેટિંગ એપ્રુવલ મેળવવા માટે કોઇ અરજી કરેલી છે કે નહિ. સિપલા કંપની તરફથી તે બાબતે કોઈ પણ જવાબ બાયર કોર્પોરેશનને આપવામાં આવેલ નથી.

આ પરિસ્થિતિમાં 31 ઓક્ટોબર 2008 ના રોજ બાયર કોર્પોરેશન હાઈકોર્ટમાં રીટ પીટીશન ફાઈલ કરે છે. બાયર કોર્પોરેશન પોતાની અરજીમાં ઉપચાર માંગે છે કે હાઈકોર્ટ દ્વારા ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાને આદેશ કરવામાં આવે કે તે સિપલા કંપનીની જેનરિક

દવાના માર્કેટિંગ એપ્રુવલ માટેની અરજીને મંજૂર કરવામાં ન આવે. કારણકે આ જેનેરિક દવા બાયર કોર્પોરેશનની સોરાફેનીબ ટોસાઈલેટ કે જે પેટન્ટેડ દવા છે તેની તે પુરક દવા છે કે જેને ભારતીય પેટન્ટ કાયદા નીચે પેટન્ટ પ્રાપ્ત થયેલી છે.

વધુમાં બાયર કોર્પોરેશન દ્વારા એ પણ ઉપચાર માંગવામાં આવેલો કે સિપલા કંપનીને આદેશ કરવામાં આવે તે એક અન્ડરટેકિંગ જમા કરાવી તેમાં જણાવે કે તેણે જે જેનેરિક દવાના માટે માર્કેટિંગ એપ્રુવલ માટે અરજી કરવામાં આવી છે તે દવા બાયર કોર્પોરેશનની પેટન્ટેડ દવાની નકલ નથી અથવા તો તે દવાની પૂરક દવા પણ નથી અને તેનાથી બાયર કોર્પોરેશનને મળેલી પેટન્ટનો પણ કોઈપણ ભંગ થતો નથી. બાયર કોર્પોરેશનને પોતાના બચાવમાં એ પણ દલીલ કરી હતી કે ભારતીય પેટન્ટ કાયદાની કલમ 48 નીચે બાયર કોર્પોરેશનને પોતાની પેટન્ટના રક્ષણ માટે અધિકારો મળેલા છે. તે પેટન્ટ ધરાવે છે જેથી તેને તે પેટન્ટના સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત થાય છે અને તે કોઈપણ વ્યક્તિને તેની બનાવટ અને ઉત્પાદન તથા ઉપયોગ તેમજ વેચાણ તેમજ તેની આયાત કરવા માટે પણ પ્રતિબંધિત ગણવામાં આવે છે.

જો તેમ કરવામાં ન આવે તો કાયદા નીચે પેટન્ટ ધરાવનારને મળેલા અધિકારો નાબૂદ થાય છે તેમ પણ કહી શકાય છે. આ સિવાય ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ 1940ની કલમ ૨ પણ જણાવે છે કે "SHALL BE IN ADDITION TO A LAW, AND NOT IN DEROGATION OF ANY OTHER LAW" કે જે કલમના અર્થ કરવામાં આવે તો તેમાં પેટન્ટના કાયદાનો પણ સમાવેશ થાય છે. આ કલમનો અર્થ એમ થાય છે કે કલમ 2 હેઠળ બીજા કોઈ કાયદાનો અમલ પર પ્રતિબંધ કરવામાં આવેલો નથી. પરિણામે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટની કલમ 2 અને ભારતીય પેટન્ટ કાયદાની કલમ 48 ને જો એક સાથે વાંચવામાં આવે તો પેટન્ટ લીન્કેગ સિસ્ટમ ત્યાં લાગુમાં થાય છે.

તેનાથી જો ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા આ રીતે સિપલા કંપનીને દવા માટે માર્કેટિંગ એપ્રુવલ માટેની મંજૂરી આપવામાં આવે તો તેનાથી પેટન્ટના કાયદા હેઠળ બાયર કોર્પોરેશનને પ્રાપ્ત થયેલ અધિકારોનો ભંગ થાય છે.

ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને જે સત્તા મળી છે તે ડ્રગ્સ અને કોસ્મેટિક એક્ટ 1940 નીચે મળેલી છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટની જોગવાઈઓ બીજા કોઈ કાયદાની હકુમતને પ્રતિબંધિત કરતી નથી. તેથી પણ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા સિપલા કંપનીને આ રીતે તેની જેનેરિક દવાની માર્કેટિંગ એપ્રુવલની અરજીને મંજૂરી આપી શકે નહીં.

વધુમાં બાયર કોર્પોરેશન દ્વારા એ પણ દલિલ કરવામાં આવેલી ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટના જે નિયમો છે તે નિયમો હેઠળ જે ફોર્મ 44 આપવામાં આવેલું છે. તે ફોર્મમાં પણ જ્યારે માર્કેટિંગ એપ્રુવલ મેળવવા માટેની અરજી કરવામાં આવે ત્યારે અરજદારે જે જેનેરિક દવા માટે માર્કેટિંગ એપ્રુવલની અરજી કરવામાં આવેલી છે તે ડ્રગ્સની કોઈ પેટન્ટ આપવામાં આવેલી છે કે નહીં તે પણ તેમાં દર્શાવવાનું હોય છે.

આમ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એકટ હેઠળ પણ દવાનું સ્ટેટસ શું છે તે જણાવવાનું કહ્યું છે. તેથી પણ એમ કહી શકાય કે આ બંને કાયદાને સાથે વાંચવામાં આવે તો ધારાસભાનો ઈરાદો પેટન્ટ લિન્કેજનો છે.

આ સિવાય બાયર કોર્પોરેશન દ્વારા એ પણ દલીલ કરવામાં આવી હતી કે સપુરીયસ ડ્રગ્સ એટલે કે નકલી દવાઓ બાબતે પણ તેને પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો.

ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટની કલમ 17(બી) હેઠળ એમ જણાવેલું છે કે જો જેનેરિક

દવા બીજા કોઈ દવાની પૂરક હોય કે તેની નકલ હોય કે તે કોઇ પણ રીતે બીજી રીતે તે દવા સાથે સંકળાયેલી હોય કે તેનાથી એવું લાગે કે આ પેટન્ટેડ દવા છે અથવા તો તે દવા જેવી જ દવા છે તો તે સપુરીયસ એટલે નકલી દવા છે તેમ ગણવામાં આવશે.

સિપલા કંપનીની જેનરિક દવા તેની પેટન્ટેડ દવા નકલ છે અને તેથી પણ જો ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા આ માર્કેટિંગ એપ્રુવલની અરજીને મંજૂરી આપે તો તે નકલી દવાને માર્કેટિંગ કરવા માટેની મંજૂરી આપવામાં આવે છે તેમ ગણવામાં આવશે.

વધુમાં બાયર કોર્પોરેશન એમ પણ જણાવે છે કે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા માર્કેટિંગ એપ્રુવલ મંજૂરી આપતા પહેલા તેમની એ પણ ફરજ છે કે તેને જે દવા માટે માર્કેટિંગ એપ્રુવલની અરજી કરવામાં આવેલી છે તે દવા કાયદાનુસાર પેટન્ટ થયેલી છે કે નહીં તે માહિતી પણ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાએ મેળવવી પડે.

આ પ્રકારે પેટન્ટેડ દવા જેવી જેનરિક દવાના માર્કેટિંગ એપ્રુવલની અરજીને મંજૂર કરવી જોઈએ નહિ. સિપલા કંપની તરફથી દલીલ કરવામાં આવે છે કે સંસદનો પેટન્ટ લિન્કેજ બાબતે કોઈ ઈરાદો છે જ નહીં. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ 1940 ને ઘણી બધી વાર સુધારા કરવામાં આવેલા છે. તેમ છતાં પણ સંસદ દ્વારા ક્યારેય તેમાં પેટન્ટ લિન્કેજ જેવી સિસ્ટમ દાખલ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ નથી. વિશ્વના બીજા ઘણા પ્રદેશોમાં આ સિસ્ટમ અત્યારે ચાલુ છે.

સિપલા કંપની એમ પણ કહ્યું કે આ બંને કાયદાનો હેતુ અને બંને કાયદાનો ઉપયોગ અલગ અલગ છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટનો હેતુ જે દવાઓ બજારમાં મૂકવામાં આવે છે તે દવાઓ યોગ્ય હોવી જોઇએ. જ્યારે પેટન્ટના કાયદાનો હેતુ જે નવી શોધ કરવામાં આવે છે તે શોધ પેટન્ટ માટે લાયક છે કે નહીં તે તપાસવાનો છે. તેથી બંને કાયદાઓ અલગ અલગ છે તેમ કહી શકાય છે.

વધુમાં તેમણે એમ પણ જણાવ્યું કે ફોર્મ 44માં જે પેટન્ટનું સ્ટેટસ જણાવવાનું કહેવામાં આવેલું છે તે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા માટે બંધનકારક નથી. ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા માર્કેટિંગ એપ્રુવલ આપતા પહેલા તે દવા પેટન્ટેડ છે કે નહીં તે જોવાની કોઈ જરૂર રહેતી નથી.

જો કોઈ દવાને પેટન્ટ આપવામાં આવેલ હોય અને તે દવા નવી દવા તરીકે હોય તો બીજી કંપની એટલે કે આપણા કેસમાં સિપલા કંપનીએ માર્કેટીંગ એપ્રુવલની અરજીમાં કોલમ 2(બી)માં માત્ર સ્ટેટસ બાયો-અવેલેબીલીટી (bioavailability) કે બાયો ઇક્યુવેલેન્સ (Bioequivalence) પ્રોટોકોલ દર્શાવવાનું હોય છે. આ રિક્વાયરમેન્ટ પણ માત્ર ચાર વર્ષ સુધીની હોય છે. ત્યારબાદ તે દવા નવી દવાનું સ્ટેટ્સ ધરાવતા બંધ થઈ જતી હોય છે.

જો બાયર કોર્પોરેશનની પેટન્ટ લિન્કેજની દલીલ સ્વીકારવામાં આવે તો માર્કેટિંગ એપ્રુવલ માટે આવતી દરેક એપ્લિકેશન રદ થવાને પાત્ર બનશે. જેનરિક દવાની કંપની જે પેટન્ટ આપવામાં આવેલી છે તે દવાના ઉપયોગ માટે અંપેલેટ બોર્ડ કે અદાલત સમક્ષ આ પેટન્ટેડ દવાની પેટન્ટને પડકારવામાં આવશે. તેના ઉપર જો એપેલેટ બોર્ડ કે અદાલત મનાઈહુકમ આપે તો જ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા આ પ્રકારના માર્કેટિંગ એપ્રુવલ આપી શકશે. આમ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાના ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એક્ટ નીચે મળેલી સત્તાઓને પણ પ્રતિકુળ અસર થશે.

વધુમાં સિપલા કંપની તરફથી એમ પણ કહેવામાં આવેલું કે પેટન્ટ લિન્કેજનો જે

કોન્સેપ્ટ છે તે ટ્રિપ્સ પ્લસ (TRIPS PLUS) હેઠળ આપવામાં આવેલ છે ના કી ટ્રિપ્સ હેઠળ આપવામાં આવેલ નથી. આપણા દેશે ટ્રિપ્સની સમજૂતીમાં સહી કરેલી છે. એટલે દ્રિપ્સ પ્લસ હેઠળ આવતી કોઈપણ જોગવાઈ ભારત માટે બંધનકારક રહેતી નથી. દિલ્હી હાઈકોર્ટ દ્વારા વિવિધ અવલોકન કરવામાં આવ્યા હતા. અદાલતે સૌ પ્રથમ જણાવ્યું કે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ અને ભારતીય પેટન્ટ કાયદો બન્ને કાયદાઓ પોતપોતાની રીતે સ્વતંત્ર કાયદાઓ છે અને તેઓ એકબીજા સાથે સંકળાયેલા નથી. સંસદ દ્વારા જ્યારે આ કાયદા બનાવવામાં આવેલા ત્યારે તેમનો ઉપયોગ અને તેમના હેતુઓ પણ અલગ-અલગ હતા. તેથી પણ આ બંને કાયદાઓ એક સાથે જોડાયેલા છે તેમ કહી શકાતું નથી. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ 1940 ને સુરક્ષાના પગલાં હેઠળ બનાવવામાં આવેલો હતો. કોઈ પણ દવા જે બજારમાં પહેલા ઉપલબ્ધ ન હતી અને પ્રથમ વખત બજારમાં ઉપયોગ થવા માટે આવી રહી છે તો તે દવા લોકોના સ્વાસ્થ્ય સાથે તેમના જીવન સાથે બધી રીતે ઉપયોગી છે કે નહીં તે જોવાનું કામ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાનું છે. તેથી કોઈપણ દવા ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાની મંજૂરી વગર ભારતના બજારમાં વેચાણ માટે જઈ શકતી નથી. તેથી માર્કેટિંગ એપ્રુવલ આપવાની જે સતા છે તે સત્તા ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયામાં સ્થાપિત થયેલી છે. જ્યારે બીજી બાજુ જોવામાં આવે છે કે પેટન્ટનો કાયદો છે તે કાયદો કોઈપણ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા કોઈ નવી શોધ કરવામાં આવી હોય તો તે શોધને રક્ષણ આપવા માટે બનાવવામાં આવેલો છે.

દવાની કંપની પોતાનો સમય પોતાના નાણાં તેમજ પરિશ્રમ કરીને કોઈ નવી દવાની શોધ કરી હોય તો તે નવી દવા માટે પેટન્ટ આપવામાં આવે છે. આ પેટન્ટ આપવાનું જે કાર્ય છે તે કાર્ય ભારતીય પેટન્ટ એક્ટની જોગવાઈને આધારે કરવામાં આવે છે. પેટન્ટ મળવાથી પેટન્ટ ધરાવનાર કંપનીને અમુક અધિકારો પ્રાપ્ત થતા હોય છે. જેથી આમ જોઈએ તો ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એકટ અને પેટન્ટ એક્ટ બંને અલગ-અલગ દિશામાં કામ કરતા રહ્યા છે.

વધુમાં કોર્ટે એવું પણ અવલોકન કર્યું કે આ બંને કાયદાઓમાં કોઈ સમાનતા નથી તેમજ કોઈ લિંક પણ નથી. જો અદાલત દ્વારા પેટન્ટ લિન્કેજ માટે કોઈ હુકમનામું આપવામાં આવે તો તે હુકમનામું અદાલત પોતાની જે સત્તામર્યાદા છે તેની બહાર નીકળીને આપેલ છે તેમ કહેવામાં આવશે. કારણકે નીતિઓ બનાવવાનું કામ સંસદનું છે અને સંસદે પેટન્ટ લિન્કેજ સિસ્ટમ ક્યારે દાખલ કરી જ નથી અને તેનો આવી સિસ્ટમ દાખલ કરવાનો એવો કોઈ ઈરાદો પણ નથી. તો આ બાબતે આ પ્રકારનું કોઈ હુકમનામું અદાલત આપી શકે નહીં કે જેનાથી સંસદની સત્તાનો ભંગ થાય. તેથી જ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ નીચે મળેલી સત્તાને આધીન તે કોઈપણ દવાને માર્કેટ એપ્રુવલ જો આ કાયદાની જોગવાઈઓને પરિપૂર્ણ કરતી હોય તો તે દવા માટેની માર્કેટિંગ એપ્રુવલ આપવાની સત્તા ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાને મળેલી છે.

અદાલત દ્વારા વધુમાં એમ જણાવ્યું કે જે ફોર્મ 44 આપવામાં આવેલું છે તે ફોર્મ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક નિયમો હેઠળ બનાવવામાં આવેલું છે. કોઈપણ કંપનીને પોતાની જેનેરિક દવાના માર્કેટિંગ એપ્રુવલ માટે અરજી કરવી હોય તો આ ફોર્મ સાથે અરજી કરવાની રહે છે. આ ફોર્મમાં જે કોલમ આપવામાં આવેલું છે તે કોલમમાં દવાનું પેટન્ટ સ્ટેટસ જણાવવાનું કહેવામાં આવેલું છે.

આ સંજોગોમાં દવાનું સ્ટેટસ જણાવવાનું છે અને તે માત્ર એક કાર્યવાહીનો ભાગ છે. અરજદાર કંપનીએ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાને માત્ર તે જેનરિક દવા પેટન્ટેડ દવાની BIO-AVAILABILITY કે BIO-EQUIVELANCE જણાવવાનું રહે છે. તેથી ફોર્મ 44 માં જે સ્ટેટસ પૂછવામાં આવ્યું છે તે સ્ટેટસ એક નિયમોને આધીન પૂછવામાં આવ્યું છે અને નિયમો

ક્યારે મૂળ કાયદાની ભાવનાથી વિરુદ્ધના ક્યારેય હોઈ શકે નહીં. જો પેટન્ટ લિન્કેજનો ખ્યાલ સંસદે દાખલ કરવો હોય તો તે આ કાયદામાં સ્પષ્ટ આપવામાં આવેલો હોય જ. ફોર્મ 44 માં માત્ર માહિતી પૂછવાથી સંસદનો આવો પેટન્ટ લિન્કેજનો ઇરાદો છે તેવું સ્પષ્ટપણે સાબિત થતું નથી. કારણ કે સ્પષ્ટ બાબતો માટે સંસદ કાયદામાં સ્પષ્ટ જણાવતી હોય છે.

બાયર કોર્પોરેશન દ્વારા એમ કહેવામાં આવ્યું હતું કે કલમ 48 (પેટન્ટ એક્ટ) હેઠળ તેને જે હકો મળે છે તેનું રક્ષણ કરવાની ફરજ પર ડ્રગ્સ કંટ્રોલ જનરલ ઓફ ઈન્ડિયા છે. ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાને સત્તાઓ અને હકુમત ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ નીચે મળેલ છે કે ના કે ઇન્ડિયન પેટન્ટ એક્ટ નીચે મળી છે. તેથી પેટન્ટ ધરાવનારના કોઈપણ અધિકારોનો ભંગ થતો હોય તો તે સંજોગોમાં પેટન્ટ ધરાવનારે ભારતીય પેટન્ટ એક્ટની જે જોગવાઈઓ આપેલી છે તે જોગવાઈઓ હેઠળ પગલાં લેવાના થાય છે. તેથી પણ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાની આ બાબતે કોઈ ફરજ થતી નથી.

બીજી બાબત અદાલત જણાવે છે કે જ્યારે કોઈ કંપનીને કોઈ ખાનગી અધિકાર કોઇ કાયદા નીચે આપવામાં આવેલ હોય અને જો તે ખાનગી અધિકારોનો ભંગ થાય ત્યારે તેના ઉપચાર માટે જે તે કંપનીએ જે તે કાયદા નીચે તેના ઉપચાર માટે જવું જોઈએ ના કે બીજા કોઈ કાયદા નીચે જવું જોઈએ. તેથી પણ આ કેસમાં બાયર કોર્પોરેશનના કહેવા મુજબ જે પેટન્ટ અધિકારોનો ભંગ થઈ રહ્યા છે તેના માટે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એકટની જોગવાઈઓ નીચે કોઈ પણ ઉપચાર માગી શકે નહિ.

વધુમાં એમ પણ જણાવે છે કે પેટન્ટેડ દવાના ભંગ માટે કંપનીના જેનેરિક વર્ઝનની જે દવા છે તે દવા સ્પુરિયસ એટલે કે નકલી દવાની જોગવાઈ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એકટની કલમ-17બી) માં આપેલી છે.

જ્યારે પણ આ પ્રકારની કોઇ અરજી ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા પાસે આવે છે ત્યારે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાએ કલમ 17બી) નીચે જે જોગવાઈઓ આપેલ છે તે બધી જ જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરીને જ જે તે દવાનું સ્ટેટસ નક્કી કરવાનું હોય છે. આમ બધી જોગવાઈઓ પૂરી થતી હોય તો ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા માર્કેટિંગ એપ્રુવલ આપતા હોય છે. તેથી પણ જે દલીલ બાયર કોર્પોરેશન દ્વારા કરવામાં આવી હતી તે દલીલનો સ્વીકારી કરી શકાય તેમ નથી.

જ્યારે જેનેરિક દવા કોઈ બીજી દવા સાથે ભળતી અથવા તેના જેવી હોય અને તે દવા છેતરપીંડી કરવાના ઇરાદાથી બનાવવામાં આવેલી હોય તો તે સંજોગોમાં તેની નકલી દવા તરીકે માની શકાય છે. આ સિવાય તે દવાને સ્પુરિયસ ડ્રગ્સ તરીકે માની શકાતી નથી. જે વ્યક્તિ જેનેરિક દવા બનાવે છે તેનો ઈરાદો મહત્ત્વનો ગણાય છે.

કલમ-17(બી) માં જે શબ્દો ઇમિટેશન અને સબસિડરી આપવામાં આવેલા છે તે બંને શબ્દોને IN A MANNER LIKELY TO DECEIVEની સાથે વાંચવામાં આવે તો જ કલમ-17(બી) યોગ્ય અર્થઘટન થયું છે તેમ કહી શકાય છે. આમ ઉપર જણાવેલા વિવિધ કારણોને આધારે બાયર કોર્પોરેશનની જે પીટીશન હતી તે પીટીશન રદ કરવામાં આવે છે. બાયર કોર્પોરેશન દિલ્હી વડી અદાલતના હુકમથી નારાજ થઈને ભારતની સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરે છે.

સુપ્રીમ કોર્ટ દિલ્હી અદાલત દ્વારા આપવામાં આવેલ જજમેન્ટને યોગ્ય ઠરાવામાં

આવે છે. સુપ્રીમ કોર્ટ દિલ્હી હાઈકોર્ટની તે બાબતનો પણ સ્વીકાર કરે છે કે પેટન્ટ લીન્કેજનો જે કોન્સેપ્ટ છે તે હાલની કાયદાની કોઈપણ જોગવાઈઓમાં અસ્તિત્વમાં છે નહીં. અને તેથી પણ અદાલત તેને મળેલી સત્તાને આધારે આવો કોઈ હુકમ આપી શકે નહિ. આમ બાયર કોર્પોરેશન પોતાની પેટન્ટને બે કાયદાના પેટન્ટ લિન્કેજના ખ્યાલથી રક્ષણ મેળવવાનો ઈરાદો હતો તે અયોગ્ય અને ગેરકાયદેસર હતો. ઉચ્ચતમ ન્યાયાલયે વચગાળાની કોઈ રાહત આપવાનો પણ ઈનકાર કરેલો હતો. આમ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડેયાને ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એક્ટ નીચે જે સતા મળેલી છે તેને અંકુશિત કરી શકાતી નથી.

ભારત જેવા વિકાસશીલ દેશમાં જો પેટન્ટ લિન્કેજનો ખ્યાલ લાગુ કરવામાં આવે તો મોટાભાગના લોકો આવી લાઈફ સેવિંગ દવાઓના ઉપયોગથી વંચિત રહી જાય છે.

જે દવાઓની શોધ કરવામાં મોટા પ્રમાણમાં નાણાકીય ખર્ચ કરવો પડતો હોય છે મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઓ જ કરી શક્તિ હોય છે અને મોટાભાગની આવી કંપની ભારત બહારની હોય છે જે ભારતમાં પોતાની રીસર્ચ અને ડેવલોપમેન્ટના આધારે આવી નવી નવી દવાની પેટન્ટ મેળવતી હોય છે કંપનીની દવાઓની કિમત પણ ખૂબ ઊંચી હોય છે તેથી સામાન્ય માણસ આ દવાઓ પોસાય નહિ અને સારવારથી વંચિત રહી જાય છે. આમ લોકોના હિતનું રક્ષણ કરવું પણ જરૂરી છે. કાયદાનીચે રક્ષણ આપવામાં આવેલ છે તે રક્ષણ લોકોના ભોગે પ્રાપ્ત કરી શકાતું નથી.

## 5.6 સારાંશ

અંતમાં, ભારતમાં પેટન્ટ અંગેના મહત્વના ચુકાદાઓનો વિચાર કરતી વખતે, તે સ્પષ્ટ થાય છે કે આ ચુકાદાઓ દ્વારા દેશમાં બૌદ્ધિક મિલકત અધિકારોને વધુ મજબૂતી આપવામાં આવી છે. આ ચુકાદાઓ માત્ર શોધક અને નવીનકર્તાને સુરક્ષા પૂરી પાડવામાં નહીં પરંતુ દેશના ડિજિટલ સુરક્ષા ક્ષેત્રમાં પણ મહત્વપૂર્ણ સાબિત થાય છે. પેટન્ટના નિયમોનું પાલન કરીને, ભારતમાં ટેકનોલોજી અને સાયબર સિક્યુરિટી ક્ષેત્રમાં નવીનતા, સલામતી અને વિકાસનો માર્ગ મુક્ત થાય છે.

## 5.7 તમારી પ્રગતિ ચકાસો

❖ **સવિસ્તાર સમજાવો :**

1. બજાજ ઓટો લિમિટેડ વિરુદ્ધ ટીવીએસ કંપનીનો કેસ સમજાવો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

2. નોવારટીસ નો કેસ સમજાવો.

......................................................................

......................................................................

......................................................................

..........................................................................

..........................................................................

3. નાટકો કંપનીને શા માટે ફરજિયાત પરવાનો મંજૂર કરવામાં આવેલો હતો તે સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

4. પેટન્ટ લિંકેજ નો ખ્યાલ સિપલા કંપનીના કેસને ધ્યાનમાં રાખીને સવિસ્તાર સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

❖ **ટૂંકમાં સમજાવો :**

1. DTSI શું છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. પેટન્ટ લિંકેજ કોને કહેવાય ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. બાયર કોર્પોરેશન ક્યા દેશની કંપની છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

....................................................................................

....................................................................................

4. નાટકો કંપનીના કેસમાં એપેલેટ બોર્ડ રોયલ્ટીની રકમ કેટલી કરે છે ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

❖ **બહુવિકલ્પ પ્રશ્નો :**

1. નોવારટીસ કોર્પોરેશન પેટન્ટની અરજી પેટન્ટ ઓફિસમાં કઈ તારીખે ફાઈલ કરી હતી ?

અ. 17 જુલાઈ 1998 બ. 18 જુલાઈ 1998

ક. 19 જુલાઈ 1998 ડ. 20 જુલાઈ 1998

2. સ્પુરિયસ દવાની જોગવાઈ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટની કઈ કલમમાં કરવામાં આવેલી છે ?

અ. કલમ 17 એ બ. કલમ 17 બી

ક. કલમ 18 એ ડ. કલમ 18 બી

3. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ ક્યાં વર્ષમાં ભારતમાં લાગુ થયો હતો ?

અ. 1935 બ. 1940

ક. 1945 ડ. 1950

4. બાયર કોર્પોરેશનની દવાની માસિક કિંમત કેટલી હતી ?

અ. 225545

બ. 280428

ક. 290497

ડ. 296785

5. ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની નિમણૂક કયા કાયદા હેઠળ થાય છે ?

અ. પેટન્ટ ધારા બ. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ

ક. ફાર્મસી એક્ટ ડ. ઉપરમાંથી એક પણ નહી

6. ઈમાનીટીબ મિસાઈલેટ ઈન ક્રિસ્ટલાઈન ફોર્મ નીચેના ક્યાં કેસમાં આવે છે ?

અ. નોવારટીસ નો કેસ બ. બજાજ ઓટોનો કેસ

ક. ઉપરના બંને ડ. ઉપરમાંથી એક પણ નહિ

## 5.8 ચાવીરૂપ શબ્દો

- **પેટન્ટઃ** કોઈ નવીન શોધ અથવા નવો વિચાર માટે મેળવેલા અધિકારને પેટન્ટ કહેવાય છે, જે તે શોધને અનન્યતા અને સુરક્ષા આપશે.
- **અદાલતઃ** ન્યાય, કાનૂની વિવાદો અને કાયદાની અમલવારી માટેની સત્તાવાર જગ્યા કે જ્યાં ન્યાયાધીશો કેસની સુનવણી કરે છે.
- **કેસઃ** કાયદાકીય વિવાદ કે મામલો, જેમાં કાનૂની કાર્યવાહી થતી હોય અને જેમાં ન્યાય દ્વારા નિર્ણય લેવાય.
- **કાયદોઃ** નાગરિકો અને સંગઠનો માટે નક્કી કરેલા નિયમોનો સમૂહ, જે સામાજિક અને ન્યાયપાલન વ્યવસ્થાને સંચાલિત કરે છે.
- **બૌદ્ધિક સંપત્તિઃ** માનસિક મહેનતથી ઉપજેલા સર્જનાત્મક કાર્યો જેમ કે શોધ, સાહિત્ય, સંગીત વગેરે માટેનું કાનૂની રક્ષણ, જેને બૌદ્ધિક સંપત્તિ કહેવામાં આવે છે.

## 5.9 સંદર્ભ સૂચિ


1. બૌદ્ધિક સંપત્તિનો કાયદો. સી જમનાદાસ કંપની
2. Intellectual Property law by Avtar Singh, Eastern book company
3. Intellectual Property Law by P Narayanan, Eastern Law House
4. Supreme Court on Intellectural Property by Surendra Malik and Sudeep Malik, Eastern Book Company
5. All India Reporter
6. Law of Intellectual Property by S R Myneni, Asia Law House
7. Law and practice of Intellectual property, Bharat Law House, Delhi


****************

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in

978-93-5598-846-1